વર્ષઃ 6 અંકઃ 23

1-15 જૂન, 2026 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

12 વર્ષ



# વિકાસનું વિઝન દેશનું મિશન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારનાં 12 વર્ષનો કાર્યકાળ સેવા, સુશાસન અને વિકાસના નવા પરિમાણો સ્થાપિત કરનારો રહ્યો. આ સમય દરમિયાન દેશે આત્મનિર્ભરતા, ડિજિટલ ક્રાંતિ, માળખાગત સુવિધાઓના વિસ્તરણ અને વૈશ્વિક મંચ પર મજબૂત ઓળખ અનુભવી છે...

ઈ-કોપી માટે QR સ્કેન કરો

અમને ફોલો કરો @NISPIBIndia

વિશ્વ પર્યાવરણ દિવસઃ 5 જૂન

# ભારતની સંસ્કૃતિમાં

## પ્રકૃતિ અને પ્રગતિનો સંયોગ

ભારતની હજારો વર્ષ જૂની સંસ્કૃતિમાં પ્રકૃતિની સાથે સાથે પ્રગતિનો પણ સમાવેશ થાય છે. આપણા પૂર્વજો પ્રાર્થના કરતા હતા કે, પૃથ્વીઃ પૂઃ ચ ઉર્વી ભવ. જેનો અર્થ થાય છે, "સમગ્ર પૃથ્વી અને સમગ્ર પર્યાવરણ આપણા સૌના માટે ઉત્તમ રહે." આબોહવા પરિવર્તનના જોખમનો સામનો કરવા માટે ચાલી રહેલા વૈશ્વિક પ્રયાસોમાં ભારત એક આશાના કિરણ તરીકે ઉભરી આવ્યું છે. આબોહવા અને પર્યાવરણનું રક્ષણ કરવા માટે રાષ્ટ્ર અને નાગરિકો દ્વારા હાથ ધરવામાં આવતા સંયુક્ત પ્રયાસો દ્વારા જ આપણે ભાવિ પેઢીઓને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડી શકીશું...

"

વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન આપણી પ્રાચીન પરંપરાનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેને આપણે આત્મનિર્ભર ભારતની તાકાત પણ બનાવી રહ્યા છીએ. આપણા શાસ્ત્રોએ હંમેશા આપણને જીવો અને પ્રકૃતિ વચ્ચેના સંબંધ વચ્ચે સંતુલન, વ્યક્તિગત અને સામૂહિક વચ્ચે સંતુલન, જીવ અને પરમાત્મા વચ્ચે સંતુલન શીખવાડ્યું છે. આપણે આપણા માટે જે કંઈ પણ કરીએ છીએ તેની સીધી અસર આપણા પર્યાવરણ પર પડે છે. તેથી, આપણા સંસાધનોનો કાર્યક્ષમ રીતે ઉપયોગ કરવાના ભારતના પ્રયાસો પણ વધી રહ્યા છે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષઃ 6 | અંકઃ 23 | 1-15 જૂન, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ



**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ @NISPIBIndia

## અંદરના પાને...




**12 વર્ષીય સંકલ્પ યાત્રા**

### વિકસિત ભારતની યાત્રાનો એક નવો યુગ

લોકશાહી પ્રક્રિયામાં 2014 થી 2026નો સમય એક એવા યુગનો પર્યાય બની ગયો છે જેણે સંકલ્પોની સિદ્ધિનો એક નવો અધ્યાય લખ્યો છે. આ સમય ક્રાંતિકારી પરિવર્તનોનો સાક્ષી બન્યો છે અને આજે દેશનો દરેક નાગરિક આ પરિવર્તનમાં સહભાગી હોવાનું અનુભવે છે... | 8-68

**સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનાં 75 વર્ષ**

**સોમનાથ અમૃત મહોત્સવ**

ભારતની અડગ ભાવનાનો ઉત્સવ



ગુજરાતના પ્રવાસ દરમિયાન પીએમ મોદીએ વડોદરામાં સરદારધામ છાત્રાલયનું ઉદ્ઘાટન કર્યું | 72-74

**વ્યક્તિત્વ : દામોદર મેનન**
જેઓ પત્રકારત્વને હથિયાર બનાવીને આઝાદીની જંગ લડ્યા | 4

**ખરીફ પાકોના MSP અને બે સેમિકન્ડક્ટર પ્રોજેક્ટને મંજૂરી**
કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો | 5-7

**બેંગલુરુએ આધ્યાત્મ અને આધ્યાત્મિક ચેતનાને નવી ઊંચાઈ સુધી પહોંચાડી**
ધ આર્ટ ઓફ લિવિંગના સ્થાપના સમારંભમાં પીએમ મોદી સામેલ થયા | 69

**ભારતમાં બની રહ્યું છે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર**



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 10 મેના રોજ તેલંગાણાના હૈદરાબાદમાં લગભગ 9,400 કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન | 70-71

પ્રકાશક અને મુદ્રકઃ કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુંઃ રૂમ નંબર- 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે...

## સર્વાંગી, સમાવેશી, સર્વસ્પર્શી

## જનસેવા, જનવિશ્વાસ, જનકલ્યાણનાં 12 વર્ષ

સાદર નમસ્કાર,

26 મે 2014ની સાંજે જ્યારે નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં પહેલીવાર પ્રધાનમંત્રી પદના શપથ લીધા ત્યારે તે ભારતીય લોકશાહીના ઈતિહાસમાં સોનેરી અક્ષરોમાં અંકિત થઈ ગઈ હતી. 9 જૂન 2024ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સતત ત્રીજા કાર્યકાળ માટે શપથ લીધા હતા. તેમના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારના 12 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ ફક્ત રાજકીય યાત્રા નથી, પરંતુ નવા ભારતનું નિર્માણ કરવા માટે એક વ્યાપક અભિયાન રહ્યું છે. આ વર્ષો દરમિયાન, દેશના નાગરિકો હંમેશા શાસનના કેન્દ્રમાં રહ્યા છે અને ગરીબો, યુવાનો, ખેડૂતો તેમજ નારી શક્તિને વિકાસ માટે સૌથી મોટી તાકાત માનવામાં આવ્યા છે.

સરકારે સુનિશ્ચિત કર્યું છે કે, યોજનાઓ ફક્ત જાહેરાતો સુધી સિમિત ન રહે, પરંતુ તેમના લાભો છેલ્લી વ્યક્તિ સુધી પહોંચે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા પણ આનું જ એક ઉત્તમ ઉદાહરણ હતું.

સાંસ્કૃતિક અને આધ્યાત્મિક દષ્ટિકોણથી પણ આ સમયગાળો ઐતિહાસિક હતો. ભારતની પ્રાચીન યોગ પરંપરાને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રૂપમાં વૈશ્વિક ફલક પર માન્યતા મળી, જેને હવે આખી દુનિયા અપનાવી ચુકી છે. રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રમાં સરકારે અનેક સાહસિક નિર્ણયો લીધા છે.

રોજગાર અને ઉદ્યોગસાહસિકતા મામલે પણ ભારતે એક નવી ઓળખ ઉભી કરી છે. દેશના યુવાનો હવે ફક્ત નોકરી શોધનારા નથી રહ્યા, પરંતુ રોજગાર સર્જક બની રહ્યા છે. ભારત આજે વિશ્વમાં ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અને બીજા ક્રમનો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ બની ગયો છે. ડિજિટલ ઈન્ડિયાએ શાસન વ્યવસ્થાને પારદર્શક અને સુલભ બનાવી છે. આજે ભારત સમગ્ર વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું રીઅલ-ટાઈમ ડિજિટલ ચુકવણી કરનારું રાષ્ટ્ર બની ગયું છે. સાથે જ, ભારત સમગ્ર વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઘણા દેશો તરફથી સર્વોચ્ચ નાગરિક સન્માન પ્રાપ્ત થયા છે, જે વૈશ્વિક મંચ પર ભારતની વધી રહેલી પ્રતિષ્ઠાનું પ્રતીક છે.

આ 12 વર્ષ દરમિયાન, સરકારે ભૂતકાળની ખામીઓને દૂર કરવાની સાથે સાથે વર્તમાનને મજબૂત બનાવવાનું કામ પણ કરીને 2047માં વિકસિત ભારતનું નિર્માણ કરવા માટે સ્પષ્ટ લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. આમ, "નાગરિક દેવો ભવઃ" ની ભાવના સાથે, કેન્દ્ર સરકાર જાહેર સેવા, જાહેર વિશ્વાસ અને જાહેર કલ્યાણના માર્ગ પર નિરંતર આગળ વધી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારની 12 વર્ષની સફર આ વખતે આપણી કવર સ્ટોરી છે.

આ ઉપરાંત, વ્યક્તિત્વની શ્રેણીમાં પત્રકારત્વને હથિયાર બનાવીને આઝાદીની જંગ લડનારા દામોદર મેનનની વાત છે અને કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો સહિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પખવાડિયાના કાર્યક્રમોને સામેલ કરવામાં આવ્યા છે. મેગેઝિનના ઈનસાઈડ કવર પાના પર 5 જૂનના રોજ આવી રહેલા પર્યાવરણ દિવસ પર વિશેષ વાંચન સામગ્રી પણ આપી છે, અને પાછળના કવર પાના પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશ હિતમાં કરેલી સાત અપીલો છે.

અમને તમારા સૂચનો મોકલતા રહો.

ધીરેન્દ્ર

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...






### મેગેઝિનમાંથી વિગતવાર માહિતી મળે છે

"ન્યૂ ઈન્ડિયા સમાચાર" મેગેઝિનના 16-30 એપ્રિલ 2026ના અંકમાં "પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આગ્રહ" વાંચીને મને પ્રેરણા મળી. પ્રધાનમંત્રીએ દેશવાસીઓના સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને વિકાસ માટે દરેક ક્ષેત્ર પર નજર રાખી છે અને યોગ્ય સલાહ - માર્ગદર્શન પણ આપ્યા છે. આ એક ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો છે. "તંત્રીની કલમે..." હેઠળ મને "ભારતમાંથી લાલ આતંકની નાબૂદી" વિશે વિગતવાર માહિતી મળી, જે મોદી સરકારની એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. સ્વતંત્રતા પછી, સતત નક્સલી હુમલાઓએ આદિવાસી વિસ્તારોના વિકાસને રૂંધી રાખ્યો છે, અને તેના કારણે જાનમાલનું નુકસાન પણ થયું છે તેમજ મોટી સંખ્યામાં આપણા સૈનિકોના જીવ ગયા છે. મોદી સરકારે યોગ્ય નિર્ણય લઈને, એક અભિયાન શરૂ કર્યું અને ભારતને નક્સલમુક્ત બનાવવામાં સફળતા મેળવી. તેથી, દેશવાસીઓનો મોદી સરકારની નીતિઓ અને નિર્ણયોમાં વિશ્વાસ વધ્યો છે.


બિર્ખ ખડકા ડુવર્સેલી

birkhakd@gmail.com


### આર્થિક નીતિઓનું વિગતવાર કવરેજ અત્યંત માહિતીપ્રદ છે

હું "ન્યૂ ઈન્ડિયા સમાચાર" માટે મારી પ્રશંસા વ્યક્ત કરવા માટે આ પત્ર લખી રહ્યો છું. એક કાર્યરત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે, મને આ મેગેઝિનમાં રાષ્ટ્રીય વિકાસ, સરકારી યોજનાઓ અને આર્થિક નીતિઓનું વ્યાપક કવરેજ અત્યંત માહિતીપ્રદ અને મારા વ્યાવસાયિક ક્ષેત્ર માટે ખૂબ જ સુસંગત લાગે છે. વ્યાવસાયિક સમુદાયને માહિતગાર રાખવાના તમારા પ્રયાસો બદલ આભાર.


ધર્મેશ બેલડિયા

dbeladiya32@gmail.com


### લોકો માટે માહિતીનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત

ન્યૂ ઈન્ડિયા સમાચાર દ્વારા તમે જે ઉત્તમ કામ કરી રહ્યા છો તેના માટે હું તમારો અને તમારી આખી ટીમનો હૃદયપૂર્વક આભાર માનું છું. તે ખરેખર એક અદ્ભુત ન્યૂઝલેટર છે, જે બધી ભારતીય ભાષાઓમાં, તેમાં પણ ખાસ કરીને તમિલમાં ઉપલબ્ધ હોવાથી વધુ ખાસ બન્યું છે. આનાથી દેશભરના લોકો આપણી સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી મહત્વપૂર્ણ પહેલ, સિદ્ધિઓ અને દૃષ્ટિકોણને સરળતાથી સમજી શકે છે અને તેનાથી જોડાઈ શકે છે. હું ખાસ કરીને એ વાત પ્રશંસા કરું છું કે, ન્યૂ ઈન્ડિયા સમાચાર આપણા પ્રધાનમંત્રી અને સરકારના વિવિધ કાર્યક્રમોથી સંબંધિત તમામ મહત્વપૂર્ણ સમાચાર એક જ પ્લેટફોર્મ પર લાવે છે. તે લોકો માટે માહિતીનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત બની રહ્યું છે. દેશને અધિકૃત અને પ્રેરણાદાયી સમાચાર પ્રદાન કરવા માટે તમારું સમર્પણ અને પ્રતિબદ્ધતા ખૂબ જ પ્રશંસનીય છે. હું શુભેચ્છાઓ પાઠવું છું કે, તમે અને તમારી આખી ટીમ આવનારા વર્ષોમાં સતત સફળતા મેળવતા રહો.


એસ. રાજેશકન્ના

kisanmorcha.gs@gmail.com


### સરકારી નીતિઓ અને પહેલો વિશે માહિતી મળે છે

હું 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' મેગેઝિન નિયમિતપણે વાંચું છું. સરકારી નીતિઓ અને પહેલો વિશે માહિતગાર રહેવા માટે મને આ મેગેઝિન વાંચવામાં ખૂબ જ રસ પડે છે. હું જે માહિતી વાંચું છું તે મારી આસપાસના દરેક લોકો સાથે શેર કરતી રહું છું.


પારુલ શર્મા

ps308616@gmail.com


### ન્યૂ ઈન્ડિયા સમાચાર એક સારું મેગેઝિન છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર ઘણું સારું મેગેઝિન છે. આપણે વિકસિત ભારત તરફ આગળ વધી રહ્યા છીએ. આ દરેક ભારતીય માટે ગૌરવની વાત છે.


ઓમ લતા અખૌરી

omlata.akhouri@gmail.com



પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુ: રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી - 110003.

ઈમેલ : response-nis@pib.gov.in



# જેઓ પત્રકારત્વને હથિયાર બનાવીને આઝાદીની જંગ લડ્યા

**જન્મ : 10 જૂન 1906, મૃત્યુ: 1 નવેમ્બર 1980**

***ભારતના પ્રસિદ્ધ પત્રકાર, સ્વતંત્રતા સેનાની અને સમાજસેવક કે. એ. દામોદર મેનને દેશની આઝાદી દરમિયાન સક્રિય ભૂમિકા ભજવવાની સાથે સાથે બ્રિટિશ શાસન સામે જોરદાર અવાજ પણ ઉઠાવ્યો હતો. લાંબા સમય સુધી 'માતૃભૂમિ' સમાચારપત્ર સાથે જોડાઈને તેમણે સામાજિક અને રાજકીય મુદ્દાઓ પર પ્રભાવશાળી લેખન કર્યું હતું. પત્રકારત્વમાં નિડરતા, પ્રામાણિકતા, નિષ્પક્ષતા અને લોકહિત પ્રત્યેનું સમર્પણ તેમની ઓળખ હતી, જેને તેમણે આઝાદીની લડતમાં પોતાનું મજબૂત હથિયાર બનાવ્યું હતું. સ્વતંત્રતા પછી રાજનીતિમાં જોડાઈને અને જનસેવાનું ધ્યેય લઈને ચાલનારા દામોદર મેનને જનજાગૃતિ, શિક્ષણ અને સામાજિક સુધારાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું...***

બ્રિટિશ શાસન સામે નિષ્પક્ષ અને નિડરતાથી પત્રકારત્વ કરનારા કે. એ. દામોદર મેનન ભારતના મુખ્ય સ્વતંત્રતા સેનાનીઓમાંથી એક હતા. 10 જૂન 1906ના રોજ કેરળ (હાલનું કેરળમ)ના કરમલૂર ખાતે જન્મેલા મેનનનું જીવન સત્ય, નિષ્ઠા અને સેવાના મૂલ્યોનું પ્રતિક રહ્યું હતું. તેમણે મહારાજા કોલેજ, ત્રિવેન્દ્રમ અને રંગૂન યુનિવર્સિટી, બર્મા (હાલનું મ્યાનમાર)માંથી શિક્ષણ મેળવ્યું હતું. ત્યારબાદ તેમણે ત્રિવેન્દ્રમમાંથી કાયદાની ડિગ્રી મેળવી. શિક્ષણ બાદ તેમને જાહેર કાર્યોની સાથે સાથે પત્રકારત્વમાં વધુ રસ વધવા લાગ્યો હતો. આવા સમયમાં તેઓ મહાત્મા ગાંધીથી પ્રેરાઈને સ્વતંત્રતાના સંગ્રામમાં જોડાઈ ગયા.

દામોદર મેનનના જીવન પર મહાત્મા ગાંધી અને તેમના વિચારોનો અત્યંત પ્રભાવ હતો. તેમણે મહાત્મા ગાંધી દ્વારા ચલાવવામાં આવેલા 'મીઠાના સત્યાગ્રહ' અને 'સવિનય કાનૂન ભંગ આંદોલન'માં પણ સક્રિય રીતે ભાગ લીધો. તેઓ જેલમાં પણ રહ્યા. તેમણે ભારત છોડો આંદોલનમાં ન માત્ર ભાગ લીધો નહોતો, પરંતુ આ આંદોલનના મુખ્ય નેતાઓમાંથી એક રહ્યા હતા. આ જ કારણથી અંગ્રેજોએ તેમની ફરી એક વખત ધરપકડ કરી હતી અને તેઓ 1942થી 1945 સુધી જેલમાં બંધ રહ્યા હતા.

દામોદર મેનને 1948 સુધી પ્રખ્યાત મલયાલમ દૈનિક 'માતૃભૂમિ'ના સંપાદક તરીકે જનજાગૃતિ માટે મહત્વપૂર્ણ કાર્ય કર્યું હતું. આ સમાચારપત્ર મારફતે તેમણે અંગ્રેજો દ્વારા ભારતીયો પર કરવામાં આવતા દમનની ટીકા કરી હતી. એટલું જ નહીં, તેમણે અલગ અલગ સમયમાં 'સમદર્શી', 'સ્વતંત્ર', 'કહાલમ' અને 'પાવર શક્તિ' જેવા પત્રોનું પણ સંપાદન કર્યું હતું. ભારતની આઝાદી પછી પણ તેઓ રાષ્ટ્રહિત માટે કામ કરતા રહ્યા. તેઓ લોકસભા અને વિધાનસભા માટે પણ ચૂંટાઈ આવ્યા હતા.

કેરળ વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા પછી તેઓ રાજ્ય સરકારમાં મંત્રી પણ બન્યા હતા. એવું માનવામાં આવે છે કે, તેમના આર્થિક વિચારો ખૂબ ઉદાર હતા. તેઓ એવું માનતા હતા કે ધર્મ વ્યક્તિની અંગત બાબત છે. તેથી જ તેઓ માત્ર આંતરજાતીય જ નહીં, પરંતુ અન્ય ધર્મના લોકો વચ્ચેના વૈવાહિક સંબંધોના પણ સમર્થક હતા. 1 નવેમ્બર 1980ના રોજ તેમનું નિધન થયું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 18 માર્ચ 2022ના રોજ 'માતૃભૂમિ' સમાચારપત્રના શતાબ્દી વર્ષ સમારંભના ઉદ્ઘાટન પ્રસંગે દામોદર મેનનને યાદ કર્યા હતા અને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. ■

કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો

# ખરીફ પાકોના ટેકાના ભાવ અને બે સેમિકન્ડક્ટર પ્રોજેક્ટોને મંજૂરી



*દેશભરના ખેડૂતોના હિતોનું રક્ષણ અને તેમની આવકમાં વધારો કરવા માટે કેન્દ્ર સરકાર સતત મહત્વપૂર્ણ નિર્ણયો લઈ રહી છે. આ જ કડીમાં કેન્દ્રીય મંત્રીમંડળે ખરીફ સીઝન 2026 માટે લઘુતમ ટેકાના ભાવ (MSP)માં વધારો કરવાની મંજૂરી આપી છે. આ નિર્ણય ખેડૂતોની આવક વધારવા, કૃષિને વધુ લાભકારી બનાવવા અને ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. સાથે જ, મંત્રીમંડળે ભારત સેમિકન્ડક્ટર મિશન (ISM) હેઠળ વધુ બે સેમિકન્ડક્ટર પ્રોજેક્ટો સહિત અનેક અન્ય મહત્વપૂર્ણ પ્રસ્તાવોને પણ મંજૂરી આપી છે...*

**નિર્ણય : માર્કેટિંગ સીઝન 2026-27 માટે 14 ખરીફ પાકોના MSPને મંજૂરી.**

**અસર:** સરકારે વર્ષ 2026-27ની માર્કેટિંગ સીઝન માટે ખરીફ પાકોના MSPમાં વધારો કર્યો છે, જેથી ખેડૂતોને તેમની ઉપજનો લાભકારી ભાવ મળી શકે. ગયા વર્ષની સરખામણીએ MSPમાં સૌથી વધુ વધારો સૂર્યમુખીના બીજ (622 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ), ત્યારબાદ કપાસ (557 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ), નાઈજરસીડ (515 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ) અને તલ માટે (500 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ) ભલામણ કરવામાં આવ્યો છે.

**નિર્ણય: ભારત સેમિકન્ડક્ટર મિશન (ISM) હેઠળ વધુ બે સેમિકન્ડક્ટર પ્રોજેક્ટોને મંજૂરી.**

**અસર:** મંજૂરી આપવામાં આવેલા બે પ્રસ્તાવોથી ગુજરાતમાં અંદાજે 3,936 કરોડ રૂપિયાના કુલ રોકાણ સાથે સેમિકન્ડક્ટર ઉત્પાદન એકમોની સ્થાપના કરવામાં આવશે. તેનાથી કૌશલ્યપૂર્ણ વ્યાવસાયિકો માટે કુલ 2,230 રોજગારની તકો સર્જાશે તેવી આશા છે.

- આ બંને મંજૂરીઓ સાથે, દેશમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમને મહત્વપૂર્ણ પ્રોત્સાહન મળશે કારણ કે ISM હેઠળ કુલ મંજૂર થયેલા પ્રોજેક્ટોની સંખ્યા 12 સુધી પહોંચી જશે, જેમનું કુલ રોકાણ અંદાજે 1.64 લાખ કરોડ રૂપિયા છે.

- આ દેશની ઉભરતી વિશ્વસ્તરીય ચિપ ડિઝાઈન ક્ષમતાઓમાં પૂરક ભૂમિકા ભજવશે, જેને સરકાર દ્વારા 315 શૈક્ષણિક સંસ્થાઓ અને 104 સ્ટાર્ટઅપ્સને આપવામાં આવેલા ડિઝાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર

સમર્થનના કારણે ગતિ મળી છે.

- ભારતમાં સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમની ગતિ વધુ વધી રહી છે, કારણ કે મંજૂર કરાયેલી દસ યોજનાઓ પહેલાંથી જ અમલીકરણના વિવિધ તબક્કાઓમાં છે.

**નિર્ણય: આપાતકાલીન ઋણ ગેરંટી યોજના (ECLGS) 5.0ને મંજૂરી**

**અસર:** આ યોજનાનો ઉદ્દેશ્ય પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષથી ઊભી થયેલી પડકારજનક પરિસ્થિતિઓમાંથી વ્યવસાયોને બહાર આવવા માટે તેમને સક્ષમ બનાવવાનો છે. ઉપરાંત, તેનાથી વ્યવસાયોને તેમની કામગીરી જાળવી રાખવામાં, નોકરીઓનું રક્ષણ કરવામાં અને પુરવઠા શ્રેણીઓ જાળવવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે.

- પ્રસ્તાવિત ઋણ ગેરંટી યોજના વ્યવસાયો, ખાસ કરીને MSME અને એરલાઈન ક્ષેત્રને, બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા તેમની વધારાની કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂરી થાય તેની ખાતરી કરવામાં મદદ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.
- સમયસર નાણાં ઉપલબ્ધ કરાવીને આ યોજના વ્યવસાયોને ટકાવી રાખશે અને નોકરીઓ ગુમાવવાની સ્થિતિને રોકશે.
- તે અવિરત સ્થાનિક ઉત્પાદનને પણ પ્રોત્સાહન આપશે અને ઈકોસિસ્ટમની મજબૂતી જાળવી રાખશે.

**નિર્ણય: આર્થિક કાર્ય સમિતિએ ગુજરાતના વાડીનારમાં જહાજ રિપેરિંગ કેન્દ્રના નિર્માણને મંજૂરી આપી.**

**અસર:** વાડીનાર જહાજ રિપેરિંગ કેન્દ્ર ભારતના જહાજ રિપેરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રહેલી એક મહત્વપૂર્ણ ખામીને સીધી જ દૂર કરશે. વાસ્તવમાં, દેશમાં હાલમાં 230 મીટરથી વધુ લંબાઈના મોટા જહાજોના રિપેરિંગ માટે પૂરતી સ્થાનિક ક્ષમતા નથી. 300 મીટર સુધીના જહાજોનું રિપેરિંગ શક્ય બનાવીને, આ કેન્દ્ર ભારતની અંદર જ મોટા જહાજોના ઉચ્ચ મૂલ્યવાળા રિપેરિંગ કાર્યને શક્ય બનાવશે. તેનાથી વિદેશી શિપયાર્ડ પરની આપણી નિર્ભરતા નોંધપાત્ર રીતે ઘટશે અને વિદેશી મુદ્રાની પણ બચત થશે.

- આ યોજનાથી જહાજ રિપેરિંગ, લોજિસ્ટિક્સ અને આનુષંગિક ઉદ્યોગોમાં આશરે 290 પ્રત્યક્ષ અને લગભગ 1,100 પરોક્ષ રોજગારી સર્જાવાની સંભાવના છે. આ ઉપરાંત, તે વ્યાપક સમુદ્રી ઔદ્યોગિક ઈકોસિસ્ટમને પણ પ્રોત્સાહન આપશે.

**નિર્ણય : સંસદમાં સર્વોચ્ચ ન્યાયાલય (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા વિધેયક, 2026 રજૂ કરવાના પ્રસ્તાવને મંજૂરી.**

**અસર:** તેનો ઉદ્દેશ્ય સર્વોચ્ચ ન્યાયાલય (ન્યાયાધીશોની સંખ્યા) અધિનિયમ, 1956માં સુધારો કરીને ભારતના સર્વોચ્ચ ન્યાયાલયમાં મુખ્ય ન્યાયાધીશ સિવાય ન્યાયાધીશોની સંખ્યા હાલમાં 33થી વધારીને 37 કરવાનો છે.

- ન્યાયાધીશોની સંખ્યામાં વધારો થવાથી સર્વોચ્ચ ન્યાયાલય વધુ કાર્યક્ષમ અને અસરકારક રીતે કામ કરી શકશે. તેનાથી ઝડપથી ન્યાય મળવાનું સુનિશ્ચિત થઈ શકશે.
- ન્યાયાધીશો અને સહાયક કર્મચારીઓના વેતન અને અન્ય સુવિધાઓ પર થતો ખર્ચ ભારતના સંચિત ભંડોળમાંથી પૂરો કરવામાં આવશે.
- નિર્ણયઃ શેરડીના ખેડૂતો માટે વર્ષ 2026-27ની ખાંડ ઉત્પાદન સીઝન માટે યોગ્ય અને લાભકારી ભાવ 365 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ મંજૂર કરવામાં આવ્યો.
- અસરઃ શેરડીના ખેડૂતોના હિતોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી શેરડીનું ઉત્પાદન કરતા 5 કરોડ ખેડૂતોની સાથે સાથે ખાંડ મિલો અને સંબંધિત સહાયક કાર્યોમાં જોડાયેલા 5 લાખ મજૂરોને લાભ મળશે.

**નિર્ણય: મંત્રીમંડળની આર્થિક કાર્ય સમિતિએ મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાણા રાજ્યોના 19 જિલ્લાઓને આવરી લેતી 3 મલ્ટીટ્રેકિંગ યોજનાઓને મંજૂરી આપી.**

**અસર:** તેનાથી ભારતીય રેલવેના વર્તમાન નેટવર્કમાં લગભગ 901 કિલોમીટરનો વધારો થશે. આ યોજનાઓની કુલ અંદાજિત કિંમત 23,437 કરોડ રૂપિયા છે. વર્ષ 2030-31 સુધીમાં તેનું કામ પૂર્ણ થઈ જશે.

- પ્રસ્તાવિત મલ્ટી-ટ્રેકિંગ યોજનાઓથી આશરે 4,161 ગામોની કનેક્ટિવિટી સુધરશે, જેમની વસ્તી લગભગ 83 લાખ છે.

**આ યોજનાઓમાં સામેલ છે**

| નાગદા-મથુરા ત્રીજી અને ચોથી લાઇન | ગુંતકલ-વાડી ત્રીજી અને ચોથી લાઇન | બુરહવાલ-સીતાપુર ત્રીજી અને ચોથી લાઇન |
|---|---|---|



**નિર્ણય: નાગપુર આંતરરાષ્ટ્રીય હવાઈ મથકના અપગ્રેડેશન અને આધુનિકીકરણને મંજૂરી.**

**અસર:** નાગપુર હવાઈ મથક માટે નાગપુરમાં મલ્ટી-મોડલ ઈન્ટરનેશનલ કાર્ગો હબ એન્ડ એરપોર્ટ (મિહાન) પ્રોજેક્ટ હેઠળ પ્રાદેશિક ઉડ્ડયન કેન્દ્ર બનવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. ખાનગી ક્ષેત્રની કાર્યક્ષમતા અને સરકારી દેખરેખ સાથે, હવાઈ મથકમાં મહત્વપૂર્ણ રોકાણ, આધુનિકીકરણ અને વધુ સારી મુસાફર તથા માલવહન સેવાઓની સંભાવના છે.

- તબક્કાવાર વિકાસ હેઠળ તેની અંતિમ ક્ષમતા દર વર્ષે 30 મિલિયન મુસાફરોને સંભાળવાની રહેશે, જેના કારણે તે મધ્ય ભારતના મુખ્ય હવાઈ મથકોમાંથી એક બનશે.
- આ પરિવર્તનથી માત્ર વિદર્ભ વિસ્તારમાં કનેક્ટિવિટી વધશે એવું નથી, પરંતુ તેના આર્થિક આધારો પણ મજબૂત બનશે. આનાથી માલવહન ક્ષમતામાં પણ નોંધપાત્ર વધારો થશે.



મંત્રીમંડળના નિર્ણયોની પ્રેસ બ્રીફિંગ જોવા માટે QR કોડ સ્કૅન કરો.

**નિર્ણય: 37,500 કરોડ રૂપિયાના ખર્ચથી સપાટી નજીક સ્થિત કોલસા/લિગ્નાઈટ ગેસિફિકેશન પ્રોજેક્ટ્સની પ્રોત્સાહન યોજનાને મંજૂરી.**

**અસર:** આ યોજના ભારતના કોલસા/લિગ્નાઈટ ગેસિફિકેશન કાર્યક્રમને ગતિ આપવા અને વર્ષ 2030 સુધીમાં 100 મિલિયન ટન કોલસાના ગેસિફિકેશનના રાષ્ટ્રીય લક્ષ્યને આગળ વધારવાની દિશામાં મોટું પગલું છે.

- સાથે જ, ઊર્જા સુરક્ષા મજબૂત કરવામાં અને તરલીકૃત પ્રાકૃતિક ગેસ - LNG (50 ટકા કરતાં વધુ આયાત), યુરિયા (20 ટકા આયાત), એમોનિયા (100 ટકા આયાત) અને મેથનોલ (80-90 ટકા આયાત) જેવા મુખ્ય ઉત્પાદનો પરની આયાત નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે.

**નિર્ણય: ગુજરાતના અમદાવાદ જિલ્લાને સામેલ કરતા એક નવા પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી.**

**અસર:** આનાથી ભારતીય રેલવેના વર્તમાન નેટવર્કમાં લગભગ 134 કિલોમીટરનો વધારો થશે. આ પ્રોજેક્ટની કુલ અંદાજિત કિંમત લગભગ 20,667 કરોડ રૂપિયા છે. તેનું કામ 2030-31 સુધીમાં પૂરું થશે.

- આ પ્રોજેક્ટ સેક્શનથી અમદાવાદ, ધોલેરા SIR, ધોલેરાનું આગામી હવાઈ મથક અને લોથલ રાષ્ટ્રીય સમુદ્રી ધરોહર પરિસર વચ્ચે વધુ સારી કનેક્ટિવિટી સ્થાપિત થશે.
- અમદાવાદને ધોલેરા સાથે જોડવાથી મુસાફરોનો પ્રવાસનો સમય ઓછો થશે, જેના કારણે દૈનિક અવરજવર આરામદાયક બનશે અને એક જ દિવસમાં પરત ફરવાની મુસાફરી શક્ય બનશે.
- આ સેમિ હાઈ-સ્પીડ રેલવે શહેરોમાં સેંકડો કિલોમીટર દૂર રહેતા લોકોને એકબીજાની નજીક લાવશે.

**નિર્ણય: 2030-31 સુધીમાં કપાસના ક્ષેત્રમાં આત્મનિર્ભરતા અને વૈશ્વિક કાપડ બજારોમાં સ્પર્ધાત્મકતા હાંસલ કરવા માટે 5,659.22 કરોડ રૂપિયાના ખર્ચે 'કપાસ ઉત્પાદકતા મિશન'ને મંજૂરી.**

**અસર:** આ મિશન ભારત સરકારના 5-F એટલે કે ખેતરથી ફાઈબર, ફાઈબરથી ફેક્ટરી, ફેક્ટરીથી ફેશન અને ફેશનથી ફોરેન સુધી (ફાર્મ ટૂ ફાઈબર ટૂ ફેક્ટરી ટૂ ફેશન ટૂ ફોરેન) વિઝનને અનુરૂપ છે.

- આ મિશનનો હેતુ રોગ અને જીવાત પ્રતિરોધક વધુ ઉપજ આપતા બીજોનો વિકાસ કરીને કપાસની ઉત્પાદનકતા વધારવાનો, રાજ્ય સરકારો, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા હાલની અને નવીનતમ પાક ઉત્પાદન ટેક્નોલોજીઓનો વ્યાપક પ્રચાર કરવાનો અને તેની સ્વીકૃતિ વધારવાનો છે.
- સાથે જ, ઉદ્યોગને ઓછામાં ઓછા પ્રદૂષણવાળા કપાસનો પુરવઠો સુનિશ્ચિત કરવાનો અને ઉચ્ચ ગુણવત્તાવાળા કપાસની નિકાસને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ્ય પણ છે. ■




12 વર્ષીય સંકલ્પ યાત્રા

# વિકસિત ભારતની યાત્રાનો એક નવો યુગ




***લોકશાહી પ્રક્રિયામાં 2014 થી 2026 એવો એક યુગનો પર્યાય બની ગયો છે, જેણે સંકલ્પોની સિદ્ધિનો નવો અધ્યાય લખ્યો છે. આ સમય ક્રાંતિકારી પરિવર્તનોનો સાક્ષી બન્યો છે અને આજે દેશનો દરેક નાગરિક આ પરિવર્તનોમાં પોતે સહભાગી હોવાનું અનુભવે છે. તેથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 12 વર્ષની સિદ્ધિઓ, તપ-તપસ્યામાંથી નીકળેલું એવું અમૃત છે, જેણે અમૃતકાળમાં ભારતને વિકસિત રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે કટિબદ્ધ બનીને નવનિર્માણ તરફ પ્રસ્થાન કરી લીધું છે...***

કવર સ્ટોરી

# વિકાસ યાત્રાનાં 12 વર્ષ

રાષ્ટ્રની વિકાસયાત્રામાં એક સમય એવો જરૂર આવે છે જ્યારે દેશ પોતાને નવેસરથી પરિભાષિત કરે છે. નવા સંકલ્પો લે છે, સિદ્ધિનો માર્ગ શોધે છે. દૃઢ ઈચ્છાશક્તિથી તેને સાકાર કરવામાં લાગી જાય છે. અહીંથી કેટલાક એવા પરિવર્તનો શરૂ થાય છે, જે યુગો સુધી જન-જનની સ્મૃતિનો ભાગ બની જાય છે. વર્ષ 2014માં દેશની રાજનીતિ જાગૃત થઈ. દેશે એવી એક પરોઢ જોઈ જ્યાંથી શરૂ થયેલી વિકાસયાત્રા આજે પણ નિરંતર ચાલુ છે. વિકસિત ભારતના એક વિરાટ સંકલ્પ સાથે આગળ વધી રહેલા રાષ્ટ્રના નવનિર્માણની આ યાત્રાના 9 જૂને 12 વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. ભારતની સંસ્કૃતિ અને અલગ-અલગ ધર્મોના શાસ્ત્રોમાં 12ના અંકનું એક વિશેષ મહત્વ પણ છે. શાસ્ત્રોમાં 12 વર્ષની તપસ્યાનો હેતુ સાધકને આધ્યાત્મિક જ્ઞાન અને આત્મસાક્ષાત્કારમાં મદદરૂપ બને છે. એ વાત ધ્યાનમાં રાખવી મહત્વપૂર્ણ છે કેસ 12 વર્ષની તપસ્યા એક કઠોર અને પડકારજનક પ્રક્રિયા છે અને દરેક વ્યક્તિ તેને કરવા સક્ષમ નથી હોતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 12 વર્ષની વિકાસયાત્રા માત્ર તાત્કાલિક સમયની જરૂરિયાત નહીં, પરંતુ દીર્ઘકાલીન અને સુવિચારિત દૃષ્ટિકોણ પર આધારિત રહી છે.

વાસ્તવમાં, વિતેલા 12 વર્ષોમાં 'સેવા જ સંકલ્પ' અને કર્તવ્યના માર્ગ પર આગળ વધતા રહેવાની વિચારધારાએ જ જૂની માન્યતાઓને તોડીને વિકાસના નવા માર્ગનું નિર્માણ કર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જે રીતે વિતેલા 12 વર્ષોમાં છેલ્લી વ્યક્તિ સુધી લાભ પહોંચાડવાની અને સાચા અર્થમાં સ્વતંત્રતાનો અનુભવ કરાવવાની પહેલ હાથ ધરવામાં આવી છે, તેણે પથ્થર પર એવી એક રેખા કંડારી દીધી છે, જે આઝાદીના અમૃતકાળથી શરૂ થઈ સ્વર્ણિમ વર્ષ સુધીની યાત્રામાં નવા ભારતનું નવું ભાગ્ય લખવાની છે. એક એવું નવું ભારત, જે યુવા શક્તિના સપનાઓને નવી ઉડાન આપી રહ્યું છે, નારી શક્તિની આકાંક્ષાઓને પૂર્ણ કરી રહ્યું છે, ગરીબો માટે આગળ વધવાની પૂરતી તકો ઉપલબ્ધ કરી રહ્યું છે, મધ્યમ વર્ગની આશાઓને નવી ઊંચાઈ આપી રહ્યું છે. અર્થવ્યવસ્થા તેજ ગતિથી વધી રહી છે. છેલ્લા 12 વર્ષોમાં શરૂ કરવામાં આવેલી અનેક યોજનાઓનો લાભ કરોડો ગરીબોના ઘરો સુધી પહોંચ્યો છે. ઉજ્જ્વલાથી લઈને આયુષ્માન ભારત સુધીની તાકાત આજે દેશના દરેક ગરીબને ખબર પડી ગઈ છે. આજે સરકારી યોજનાઓની ગતિમાં વેગ આવ્યો છે, નિર્ધારિત લક્ષ્યો પ્રાપ્ત થઈ રહ્યા છે. પહેલાંની તુલનામાં દેશ ઘણો ઝડપી આગળ વધી રહ્યો છે. પરંતુ આ સફર અહીં પૂર્ણ થતી નથી. દેશે પૂર્ણતા સુધી પહોંચવું છે. આ જ સંકલ્પ સાથે ભારતે અમૃત કાળની યાત્રાનો પ્રારંભ કર્યો છે, જ્યાં સો ટકા ગામોમાં રસ્તાઓ હોય,

સો ટકા પરિવારોના બેંક એકાઉન્ટ હોય, સો ટકા પાત્રતા ધરાવતા જરૂરિયાતમંદ લોકો પાસે આયુષ્માન ભારત કાર્ડ હોય, સો ટકા પાત્રતા ધરાવતા વ્યક્તિઓ પાસે ઉજ્જ્વલા યોજનાનું ગેસ કનેક્શન હોય, સરકારની વીમા યોજના હોય, પેન્શન યોજના હોય કે આવાસ યોજના – દરેક હકદાર વ્યક્તિને આ યોજનાઓ સાથે જોડવાના છે. લારી-ગલ્લાવાળા અને ફૂટપાથ પર બેસીને સામાન વેચનારા લોકોને સ્વનિધિ યોજનાના માધ્યમથી બેંકિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવી રહ્યા છે. દેશ આજે હર ઘર નલ સે જલ મિશન પર ખૂબ જ ઝડપી ગતિએ કામ કરી રહ્યો છે. સર્વાંગી - સર્વસમાવેશી - સર્વસ્પર્શી વિકાસની વિચારધારા સાથે કેન્દ્ર સરકાર આ વાતની ખાતરી કરી રહી છે કે સમાજની વિકાસ યાત્રામાં કોઈ વ્યક્તિ કે વર્ગ પાછળ ન રહી જાય, દેશનો કોઈ ભૂભાગ કે કોઈ ખૂણો બાકી ન રહી જાય. વાત, નારી શક્તિની હોય કે યુવા શક્તિની, ખેડૂતો હોય કે ગરીબ-વંચિતો, વિચાર માત્ર એક જ છે - વિકાસ સર્વાંગી હોવો જોઈએ. દેશના આવા વિસ્તારોને પણ આગળ લાવવા માટે છેલ્લા 12 વર્ષોમાં પ્રયાસો કરવામાં આવ્યા છે. પૂર્વીય ભારત, પૂર્વોત્તર, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ સહિત આખો હિમાલય વિસ્તાર, તટવર્તી વિસ્તાર, આદિવાસી પ્રદેશો ભવિષ્યમાં ભારતની વિકાસ યાત્રાના ખૂબ મોટા આધાર બની રહ્યા છે. આ સૌના માટે સુશાસનનો એવો મંત્ર હોવો જોઈએ જે બહુમતી કરતાં સર્વસંમતિની વિચારધારાને પ્રોત્સાહન આપે અને "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ" તેનું ધ્યેય વાક્ય બની ગયું છે. એક એવા ભારતના નિર્માણ તરફ રાષ્ટ્ર આગળ વધી રહ્યું છે જ્યાં ગરીબી, ગંદકી, ભ્રષ્ટાચાર, આતંકવાદ, જાતિવાદ અને સાંપ્રદાયિકતાથી મુક્તિ મળે.

### વિકસિત ભારતનો મજબૂત બની રહેલો માર્ગ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાલ કિલ્લાની પ્રાચીરથી લઈને અનેક મંચો પર એવા કાર્યોની યાદી ગણાવી ચૂક્યા છે જે આઝાદીના શરૂઆતના વર્ષોમાં જ થઈ જવા જોઈતા હતા. પરંતુ તેમના વિશે કાયમી ઉકેલની દીર્ઘકાલીન વિચારધારા એ સમયે અપનાવવામાં આવી નહોતી. આવી સ્થિતિમાં જે કામ સાત દાયકાથી વિલંબમાં પડ્યા હતા અથવા એવું કહી શકાય કે અટકેલા-લટકેલા પડ્યા હતા, તેને હાલના નેતૃત્વ હેઠળ દેશ આજે સાકાર થતા જોઈ રહ્યો છે. હવે દેશને ભાગ્યના ભરોસે છોડી દેવામાં નથી આવતો પરંતુ સ્પષ્ટ વિચારધારા, દીર્ઘકાલીન નીતિ અને સ્થાયી ઉકેલના દષ્ટિકોણથી વિકાસની નવી પરંપરાઓ સ્થાપિત થઈ રહી છે. આનાથી ઉદીત થઈ રહેલા નવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. છેલ્લા 12 વર્ષોમાં ભારતે માત્ર પોતાની અર્થવ્યવસ્થાનું કદ બમણું કર્યું છે એવું નથી, પરંતુ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે ઝડપી ગતિએ વિકાસ પણ કર્યો છે. છેલ્લા 12 વર્ષોમાં રેલવે, રોડ, હવાઈ મથકો, બંદરો, વીજળી, પાણી, ગેસ પાઈપલાઈન જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું બજેટ લગભગ



6 ગણું વધારવામાં આવ્યું છે. આજે દેશમાં ખૂબ જ ઝડપથી મેગા પ્રોજેક્ટ્સ પર કામ થઈ રહ્યું છે. ઉત્તર તરફ નજર કરીએ તો જમ્મુ-કાશ્મીરમાં દુનિયાના સૌથી ઊંચા રેલ બ્રિજોમાંનો એક, ચિનાબ બ્રિજ બનાવવામાં આવ્યો છે. પશ્ચિમ તરફ જોઈએ તો મુંબઈમાં દેશના સૌથી લાંબા સી-બ્રિજ, અટલ સેતુનું નિર્માણ કરવામાં આવ્યું છે. પૂર્વમાં જોઈએ તો આસામના બોગીબીલ બ્રિજના દર્શન થશે. દક્ષિણમાં જોઈએ તો દુનિયાના કેટલાક ગણતરીના વર્ટિકલ લિફ્ટ બ્રિજોમાંથી એક એવા, પંબન બ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. એવી જ રીતે, ઈસ્ટર્ન અને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર પણ તૈયાર થઈ રહ્યા છે. દેશની પ્રથમ બુલેટ ટ્રેન પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. વંદે ભારત, અમૃત ભારત અને નમો ભારત જેવી આધુનિક ટ્રેનો રેલ નેટવર્કને વધુ આધુનિક બનાવી રહી છે. આ વિકાસ પાછળ એક વિચાર છે – જ્યારે ભારતનો દરેક પ્રદેશ એકબીજા સાથે જોડાય છે, ત્યારે વિકસિત રાષ્ટ્રનું નિર્માણ કરવાનો માર્ગ વધુ મજબૂત બને છે. નવું સંસદ ભવન અને સેન્ટ્રલ વિસ્ટા આત્મનિર્ભર ભારતની મૂળભૂત વિચારધારાનું દર્પણ બન્યા છે. આ નવા ભવનમાં પ્રથમ વિધેયક મહિલાઓને સંસદ-વિધાનસભામાં 33 ટકા આરક્ષણ આપવાના નિર્ણય સાથે પસાર કરવામાં આવ્યું હતું. એવી જ રીતે, 34 વર્ષ બાદ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આવી, જે ગ્લોબલ નોલેજ સુપર પાવર તરફ આગળ વધી રહેલા ભારતનાં પગલાંનું પ્રતિક છે. ત્રણ તલાક, રામ મંદિર, બોડો કરાર, કલમ 370 જેવા અનેક નિર્ણયોથી શાંતિ અને સૌહાર્દ સ્થાપિત થયા. એવા નિર્ણયો, જે દાયકાઓથી વિલંબમાં પડેલા હતા અને જેમને કાયમી સમસ્યા માનવામાં આવતા હતા, પરંતુ પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં તેનો ઉકેલ આવ્યો અને નવા ભારતનો ઉદય થઈ રહ્યો છે.

## ટેકનોલોજીથી પરિવર્તનનો નવો યુગ

ભારત એવા જૂજ દેશોમાં સામેલ છે, જે ભવિષ્યને ધ્યાનમાં રાખીને ટેકનોલોજી નીતિઓ બનાવવામાં સૌથી આગળ છે. ઘણા એવા ક્ષેત્રો છે, જ્યાં ટેકનોલોજીનો વ્યાપક પ્રભાવ પડ્યો છે. ટેકનોલોજીથી પારદર્શિતાના નવા અધ્યાયની શરૂઆત થઈ છે. આજે ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં શહેરો કરતાં પણ વધુ ઈન્ટરનેટ ડેટાનો ઉપયોગ થઈ રહ્યો છે. કોવિડ કાળમાં UPI જેવા પ્લેટફોર્મને નવી ગતિ મળવાથી ડિજિટલ લેવડદેવડ લોકોની સંસ્કૃતિ બની ગઈ છે. ઈ-કોમર્સ મારફતે વ્યાપક બજારની ઉપલબ્ધિ વધી છે. ટેકનોલોજીના કારણે જ આજે સો ટકા લાભ લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યો છે, જ્યારે પહેલાંના સમયમાં એવું કહેવાતું હતું કે એક રૂપિયામાંથી માત્ર 15 પૈસા જ ગામ સુધી પહોંચે છે. યોજનાઓના અમલીકરણની વાત હોય કે દેખરેખની, ટેકનોલોજી ગામોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને ગતિશક્તિ આપી રહી છે. IT-ફેસલેસ એસેસમેન્ટ જેવી સુવિધાઓના કારણે ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે, તેમજ ઈ-ઓફિસ જેવી પહેલના પગલે પ્રશાસનની ગતિ ઝડપી થઈ છે. ગામોમાં પોસ્ટલ બેંક અને શાળાઓમાં અટલ ઈનોવેશન મિશનથી નવી સંસ્કૃતિની શરૂઆત થઈ છે. એક સમય એવો હતો જ્યારે ભારતમાં નોકરી માંગવાની વિચારધારા હતી, પરંતુ પીએમ મોદીએ તેને બદલીને નોકરી આપનાર તરીકેની વિચારધારા બનાવી. સ્ટાર્ટઅપ અને મુદ્રાની સુવિધાથી આજે યુવાનો નવી ઉડાન ભરી રહ્યા છે. ભારતમાં પહેલાંના સમયમાં "સ્ટાર્ટઅપ" શબ્દ માત્ર ગણતરીના લોકો જ સમજતા હતા, પરંતુ આજે ગામડાં સુધીનો યુવાન તેને સમજી રહ્યો છે અને હવે યુનિકોર્ન બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે. ભારત આજે દુનિયાનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ગયું છે.

## વૈશ્વિક નેતૃત્વની અનુકૂળ તક

વિતેલા 12 વર્ષોમાં ભારતનું માન દેશ અને દુનિયામાં વધ્યું છે અને ભારત એક ભરોસાપાત્ર અગ્રણી તરીકે ઊભરી આવ્યું છે. રશિયા-યુક્રેન યુદ્ધના સંકટકાળમાં ઓપરેશન ગંગા, ગ્લાસગોમાં COP-26 અને શર્મ-અલ-શેખમાં COP-27ની બેઠકમાં વિકાસશીલ દેશોનો મજબૂત અવાજ બનીને ઉભરેલું ભારત, સંયુક્ત રાષ્ટ્ર, BIMSTEC, G-20 જેવા આંતરરાષ્ટ્રીય મંચો પર ભારત તરફ દુનિયાની નજર વગેરે આ વાતનો પુરાવો છે. G-20ની અધ્યક્ષતા કરીને ભારતે દુનિયાને નવી દિશા બતાવી છે અને વિશ્વને ભારતની સંસ્કૃતિ સાથે તેની ક્ષમતાનો પણ અનુભવ કરાવ્યો છે. પર્યાવરણના ક્ષેત્રમાં મિશન લાઈફ અને આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન જેવી પહેલોએ દુનિયાને પ્રકૃતિ અને વન્યજીવન સાથે સમન્વયનો માર્ગ બતાવ્યો છે. "વસુધૈવ કુટુંબકમ"ની ભાવના સાથે સંકટની ઘડીમાં પાડોશી અને વિશ્વના અન્ય દેશો માટે ભારત પ્રથમ મદદગાર રાષ્ટ્ર બન્યું છે, તેમજ કોવિડકાળમાં દુનિયા માટે ઔષધીનું કેન્દ્ર પણ બન્યું હતું. છેલ્લા 12 વર્ષોમાં ભારતે વૈશ્વિક સ્તરે એક વિશ્વસનીય ભાગીદાર તરીકે પોતાની ઓળખ ઉભી કરી છે. સાથે જ દેશની અંદર સામાજિક, આર્થિક અને રાજકીય સ્તરે એવું વાતાવરણ બન્યું છે કે સામાન્ય નાગરિક કેન્દ્ર સરકારની યોજનાઓમાં સહભાગી બની વિકાસનો ભાગીદાર બની ગયો છે.

નિશ્ચિતરૂપે યુગદૃષ્ટા અને સાહસિક સુધારાવાદના પ્રણેતા તરીકે ઊભરેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 'નવા વિશ્વાસ સાથે નવી શરૂઆત'ના પ્રતિક બની ગયા છે. એક સુરક્ષિત, સમૃદ્ધ અને પ્રગતિશીલ ભારતના નિર્માણની પહેલ 'નવું ભારત, વિકસિત ભારત'નું વિઝન છે. છેલ્લા 12 વર્ષોમાં કેન્દ્ર સરકારના સંકલ્પોને આજે દરેક ભારતીય સાકાર થતા જોઈ રહ્યો છે.

આવો, સંકલ્પથી સિદ્ધિ સુધીની 12 વર્ષની આ યાત્રાની ઉપલબ્ધિઓને આગળના પાંચ ખંડોમાં જાણીએ...




કવર સ્ટોરી

વિકાસ યાત્રાનાં

12 વર્ષ

# લોક સેવાનું જ લક્ષ્ય

***"જે લોકો મને ઓળખે છે, તેઓ મને સમજે પણ છે. હું મારા માટે નથી, ન તો મારા પોતાના લોકો માટે છું. હું અહીં ગરીબો માટે છું. મારો જન્મ ગરીબીમાં થયો છે અને હું ગરીબીમાં જીવ્યો પણ છું. હું ગરીબોનું દુઃખ સમજી શકું છું."*** *પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ શબ્દો માત્ર અભિવ્યક્તિ નથી, પરંતુ તે એક અતિસંવેદનશીલ વ્યક્તિના હૃદયમાંથી નીકળેલો અવાજ છે, જેમના મનમાં દેશના દલિત, ગરીબ, આદિવાસી અને પછાત લોકો માટે અપરંપાર સંવેદના છે. દરેક નિર્ણય લેતી વખતે હંમેશા અંત્યોદય અને ગરીબ કલ્યાણ વિશે સૌથી પહેલા વિચારવું એ તેમની પ્રકૃતિ બની ગઈ છે. રાષ્ટ્રની દરેક વિચારધારા, ભારતની સંસ્કૃતિ અને સંસ્કાર, સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ સાથે વિકસિત ભારતના સ્વર્ણિમ સ્વપ્નને સમર્પિત છે. આ દૃષ્ટિકોણે જ છેલ્લા 12 વર્ષમાં દેશના ખેડૂત, ગામ-ગરીબ અને મધ્યમ વર્ગ માટે એક સુરક્ષા કવચનું નિર્માણ કરી દીધું છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) દ્વારા આરોગ્યની સુરક્ષા આપવામાં આવી છે. આ વર્ગની આશાઓને નવી પાંખો મળી છે, તેમજ સમાવેશી વિકાસ દ્વારા સર્વાંગી સુરક્ષાનું એક ચક્ર બનાવીને આત્મનિર્ભર ભારતની દિશામાં આગળ ડગલું માંડ્યું છે....*

# ગરીબ કલ્યાણથી ગૌરવપૂર્ણ જીવન

*આજે ભારતમાં સરકારે મેળવેલી ઉપલબ્ધિઓની વાત થાય છે ત્યારે તેમાં ગરીબ કલ્યાણ સર્વોપરી હોય છે. કેન્દ્ર સરકારે છેલ્લા 12 વર્ષોમાં ગરીબ કલ્યાણને પોતાનું લક્ષ્ય બનાવ્યું છે, જ્યાં તુષ્ટિકરણ નહીં પરંતુ સંતોષીકરણને આધાર બનાવ્યો છે. તેમાં પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના, દેશના એક બહુ મોટા વસ્તી વર્ગ માટે એક વધુ સુરક્ષા કવચ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 2014માં વ્યક્ત કરવામાં આવેલા 'ગરીબ કલ્યાણ'ના સંકલ્પોને સાકાર કરતી અનેક યોજનાઓથી ગામો અને ગરીબોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. દુનિયાના વિશ્વસનીય રિપોર્ટ્સ પરથી જાણવા મળે છે કે, ભારતમાં ગરીબી ઝડપથી ઘટી છે કારણ કે ટોચના નેતૃત્વના દરેક નિર્ણયમાં અંત્યોદય સાથે ગરીબ કલ્યાણ અને સશક્તિકરણ કાયમી વિચાર બની ગયા છે...*

## પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના



**81 કરોડ** લોકોને પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં મફત અનાજ મળી રહ્યું છે.

**5** વર્ષ સુધી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના વધારવામાં આવી, 1 જાન્યુઆરી 2024થી.

- માર્ચ 2024 સુધી ફોર્ટિફાઈડ ચોખાનો પુરવઠો સફળતાપૂર્વક કરવામાં આવ્યો, કસ્ટમ મિલ્ડ ચોખાના બદલે ફોર્ટિફાઈડ ચોખાથી લાવવામાં આવ્યા.
- રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ દેશભરમાં સો ટકા રેશન કાર્ડનું ડિજિટાઈઝેશન કરવામાં આવ્યું.
- તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં 'એક રાષ્ટ્ર એક રેશન કાર્ડ યોજના' અમલમાં મુકવામાં આવી. માર્ચ 2026 સુધીમાં 207 કરોડથી વધુ પોર્ટેબિલિટી ટ્રાન્ઝેક્શન નોંધાયા છે.

**25** કરોડ દેશવાસીઓ પીએમ મોદીના નેતૃત્વમાં દેશમાં ગરીબીને હરાવીને બહાર નીકળ્યા છે. તેમના ત્રીજા કાર્યકાળમાં ગરીબોને સશક્ત બનાવવાનું અભિયાન વધુ ઝડપથી આગળ વધ્યું છે.

**19%** સોશિયલ સિક્યુરિટી 2015માં દેશમાં હતી, જે 2025માં 64.3% સુધી પહોંચી. 94 કરોડથી વધુ લોકોને ઓછામાં ઓછા એક સામાજિક સુરક્ષા યોજનાનો લાભ મળે છે.

**12 કરોડ** શૌચાલયો સ્વચ્છ ભારત મિશન હેઠળ બનાવવામાં આવ્યા છે, જેના કારણે દેશ ખુલ્લામાં શૌચથી મુક્ત થયો છે. જાહેર આરોગ્ય અને સ્વચ્છતામાં ઘણી મોટી પ્રગતિ થઈ છે.




## આર્થિક સુરક્ષા

**58.12** કરોડ પ્રધાનમંત્રી જન-ધન ખાતાઓ 15 એપ્રિલ 2026 સુધીમાં ખોલવામાં આવ્યા છે. આ ખાતાઓમાં લગભગ 2.94 કરોડ રૂપિયાની રકમ જમા છે.




**32.21** કરોડ (55.8%) જન-ધન ખાતાઓ મહિલાઓના છે અને લગભગ 45.17 કરોડ (78.2%) PMJDY ખાતાઓ ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ખોલવામાં આવ્યા છે.



**2** લાખ રૂપિયાનું

**જીવન વીમા કવચ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના હેઠળ કોઈપણ કારણસર મૃત્યુ થવા પર આપવામાં આવે છે. યોજનામાં 27.33 કરોડથી વધુ નામાંકન.**

- અકસ્માતના કારણે મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ દિવ્યાંગતાના કિસ્સામાં 2 લાખ રૂપિયા અને કાયમી આંશિક દિવ્યાંગતાના કિસ્સામાં 1 લાખ રૂપિયાનું મહત્તમ કવરેજ પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજનામાં આપવામાં આવે છે. 57.92 કરોડ નામાંકન થયા.




- સ્ટેન્ડ-અપ ઇન્ડિયા યોજના હેઠળ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ અને મહિલા ઉદ્યોગસાહસિકોને વિનિર્માણ, વેપાર, સેવા અને કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓમાં ગ્રીનફીલ્ડ પ્રોજેક્ટ સ્થાપવા માટે 62,790 કરોડ રૂપિયાની રકમનું ધિરાણ કુલ 2.75 લાખ લોન દ્વારા મંજૂર કરવામાં આવ્યું.

- જનધન - આધાર - મોબાઈલની ત્રિશક્તિએ એક મજબૂત નાણાકીય સમાવેશીતા પ્લેટફોર્મ તૈયાર કર્યું છે, જેમાં જન-ધન ખાતાને મોબાઈલ નંબર અને આધાર સાથે જોડવામાં આવે છે.

- પીએમ સ્વનિધિ યોજના - શરૂઆતથી 15 એપ્રિલ 2026 સુધીમાં 74.90 કરોડ સ્ટ્રીટ વેન્ડરને લોન આપવામાં આવી.

## જળ જીવન મિશન

**12.61** કરોડ વધારાના ગ્રામીણ પરિવારોને નળનાં કનેક્શન 13 મે 2026 સુધીમાં આપવામાં આવ્યા.

**3.23 કરોડ (16.7 ટકા) ગ્રામીણ પરિવારો પાસે 2019માં મિશન શરૂ કરવામાં આવ્યું ત્યારે નળ કનેક્શન હતું.**

**15.85** કરોડ પરિવારોને 13 મે 2026ની સ્થિતિ મુજબ ઘરમાં નળથી પાણી મળી રહ્યું છે, દેશના 19.36 કરોડ ગ્રામીણ પરિવારો છે.

- 10 માર્ચ 2026ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળે જળ જીવન મિશન (JJM)ની અવધિ ડિસેમ્બર 2028 સુધી વધારવાની મંજૂરી આપી છે.



“

***મને સખત મહેનત કરવાથી ક્યારેય થાક લાગતો નથી, પરંતુ મહેનતથી ગરીબ જનતાના ચહેરા પર આવતું સ્મિત મને અત્યંત સંતોષની અનુભૂતિ કરાવે છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

# એક નવા યુગની શરૂઆત

**દાયકાઓ સુધી ઉપેક્ષિત રહેલો ભારતનો ખેડૂત એટલે કે અન્નદાતા હવે ભારતની વિકાસ યાત્રાનો સહભાગી બની ગયો છે. ખેડૂતો પ્રત્યે રાખવામાં આવતી આ વિચારસરણીના પરિણામે જ કૃષિ મંત્રાલયનું નામ હવે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય થઈ ગયું છે. પોતાની આ જ વિચારસરણીથી છેલ્લા 12 વર્ષોમાં સમગ્રતાથી ખેડૂતોને મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકાર વિવિધ યોજનાઓ દ્વારા વાવણી પહેલાં, વાવણી દરમિયાન અને વાવણી પછીના તબક્કાઓમાં તેમની દરેક જરૂરિયાતનું ધ્યાન રાખતી આવી છે, જેના કારણે ખેડૂતોને નવી દિશા મળી છે...**

## ખાદ્યાન્નના ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ

**357.73** મિલિયન મેટ્રિક ટનથી વધુ વિક્રમી ખાદ્યાન્નનું ઉત્પાદન કૃષિ વર્ષ 2024-2025માં ભારતે કર્યું.

**150** મિલિયન ટન ઉત્પાદન સાથે ભારત વિશ્વનો સૌથી મોટો ચોખા ઉત્પાદક દેશ બની ગયો છે.



- ભારત સમગ્ર વિશ્વનો બીજો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ પણ બન્યો છે. આ બ્લૂ ઇકોનોમીમાં દેશની સફળતા બતાવે છે.



- દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં પણ, ભારત વિશ્વના સૌથી સફળ દેશ તરીકે ઓળખાય છે. આ સહકારિતા આંદોલનની મજબૂતીનું પરિણામ છે.



## પીએમ કિસાન સન્માન નિધિ

આ યોજનામાં, ખેડૂતોના આધાર સીડેડ બેંક ખાતાઓમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા દર વર્ષે 6,000 રૂપિયાની આર્થિક સહાય ત્રણ સમાન હપ્તામાં હસ્તાંતરિત કરવામાં આવે છે. આ યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં 9 કરોડથી વધુ ખેડૂતોને 22 હપ્તાઓમાં 4.27 લાખ કરોડ રૂપિયાથી વધુનું વિતરણ કરવામાં આવ્યું છે.



## સરકાર સતત MSP વધારી રહી છે

- 2018-19 થી સરકાર તમામ પાકો માટે લઘુતમ ટેકાનો ભાવ (MSP) વધારી રહી છે. ખેડૂતોના પાકની પડતર કિંમતથી ઓછામાં ઓછો 1.5 ગણો ભાવ નક્કી કરવામાં આવે છે, જેથી ખેડૂતોને ઉત્પાદન ખર્ચ પર ઓછામાં ઓછો 50% નફો મળી શકે.

## કૃષિ વિકાસ માટેનું ભંડોળ

વર્ષ 2026-27માં કૃષિ ક્ષેત્ર માટે 1,32,561 કરોડ રૂપિયાની જોગવાઈ બજેટમાં કરવામાં આવી હતી. કૃષિ શિક્ષણ અને સંશોધન માટે લગભગ 9,967 કરોડ રૂપિયા રાખવામાં આવ્યા. આ બાબત કૃષિ ક્ષેત્રના વિકાસને સતત પ્રાથમિકતા આપવાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે.

## પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના

**24.96** કરોડ ખેડૂત પ્રધાનમંત્રી કિસાન માનધન યોજનામાં 6 ફેબ્રુઆરી 2026 સુધી નોંધાયેલા છે.

**60** વર્ષની ઉંમર પૂર્ણ થવા પર 3,000 રૂપિયા માસિક નિશ્ચિત પેન્શનની જોગવાઈ છે. તેમાં પ્રવેશ ઉંમરના આધારે માસિક યોગદાનની રકમ 55 રૂપિયા થી 200 રૂપિયા વચ્ચે હોય છે.



> **આજે કેન્દ્રમાં જે સરકાર છે, તે ખેડૂતોના ખર્ચા ઘટાડવા માટે, તેમના ખર્ચમાં મદદ કરવા માટે સંપૂર્ણ પ્રામાણિકતાથી કામ કરી રહી છે. પીએમ કિસાન સન્માન નિધિ, દુનિયાની સૌથી મોટી યોજના છે જેમાં સીધા જ ખેડૂતોના બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવે છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## ખેડૂતો માટે સતત રાહતના દરે ખાતર ઉપલબ્ધ

કોરોના અને ત્યારબાદ થયેલા યુદ્ધોના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ખાતરની કિંમતોમાં કેટલાય ગણો વધારો થયો. વિદેશી બજારમાં ખાતર મળવું પણ મુશ્કેલ થઈ ગયું હતું, પરંતુ કેન્દ્ર સરકારે આ સંકટને રોકવા માટે પૂરતા પ્રયત્નો કર્યા.

**3,000** રૂપિયામાં યુરિયાની જે બોરી આંતરરાષ્ટ્રીય બજારમાં મળે છે, તે જ બોરી કેન્દ્ર સરકાર ખેડૂતોને 300 રૂપિયા કરતાં પણ ઓછી કિંમતે આપી રહી છે.



- 12 લાખ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ સરકારે આ રાહત આપવા માટે પોતાના ખજાનામાંથી કર્યો છે, જેથી ખેડૂતો પર ભાર ન પડે.
- વિતેલા 12 વર્ષમાં દેશના ખેડૂતોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે એક મજબૂત સુરક્ષા કવચ બનાવ્યું છે. MSP આધારિત ખરીદી, સસ્તુ ધિરાણ, પાક વીમા, પીએમ કિસાન સમ્માન નિધિ જેવી યોજનાઓ ખેડૂતો માટે મોટો આધાર બની છે.
- ખેડૂતોની ખેતી નવી ટેક્નોલોજી સાથે જોડાય, તેમને સિંચાઈની નવી રીતો સાથે જોડવામાં આવે અને પાકોને પણ લાભ મળે, એવા હેતુથી સરકારે Per Drop More Crop ની નીતિ બનાવી. ટપક અને ફુવારા જેવી માઈક્રો-ઈરિગેશન ટેક્નોલોજી ખેડૂતો સુધી પહોંચાડવામાં આવી.
- કેન્દ્રએ કુસમ યોજના બનાવી. આજે ઘણા ખેડૂતો સોલર પંપ લગાવીને સિંચાઈ કરવાની સાથે સાથે તેમાંથી વીજળી ઉત્પન્ન કરીને કમાણી પણ કરે છે.



# મધ્યમ વર્ગની આકાંક્ષાઓને નવી ઉડાન

*ખૂબ ઝડપથી બદલાઈ રહેલા ભારતમાં વિકાસ હોય કે વ્યવસ્થા, સાહસ હોય કે સંકલ્પ લેવાનું સામર્થ્ય, જીવનના દરેક ક્ષેત્રમાં આજે મધ્યમ વર્ગ એક મુખ્ય પ્રવાહ બની ગયો છે. સમૃદ્ધ અને વિકસિત ભારતના સપનાઓને પૂર્ણ કરવા માટે એક તૃતીયાંશ વસ્તી ધરાવતો મધ્યમ વર્ગ એક ખૂબ મોટી તાકાત છે, જેમની આકાંક્ષાઓને કેન્દ્ર સરકારે છેલ્લા 12 વર્ષોમાં નવી પાંખો આપી છે...*

## આવકવેરાથી રાહત મળી

**₹12 લાખ** સુધીની વાર્ષિક આવક પર નવી કર વ્યવસ્થા હેઠળ કોઈ આવકવેરો નહીં.



**₹75,000** ની માનક છૂટ સાથે પગારદાર કરદાતાઓ માટે 12.75 લાખ રૂપિયાની મર્યાદા.

- કેન્દ્રીય બજેટ 2025-26માં તમામ કરદાતાઓને લાભ પહોંચાડવા માટે આવકવેરા સ્લેબ અને દરોમાં વ્યાપક ફેરફાર કરાયા.
- સ્લેબ દરોમાં ઘટાડો અને છૂટથી મધ્યમ વર્ગને વ્યાપક કર રાહત, જેના કારણે ઘરેલુ ઉપભોગ ખર્ચ અને રોકાણને મજબૂતી મળશે.
- આવકવેરા ફાઈલ કરનારાઓની સંખ્યા નાણાકીય વર્ષ 2022માં 6.9 કરોડ હતી જે વધીને નાણાકીય વર્ષ 2025માં 9.2 કરોડ થઈ ગઈ.

## ઉડાન યોજના



**1.64** કરોડથી વધુ દેશવાસીઓએ ઉડાન યોજનાનો લાભ 3.45 લાખ ફ્લાઈટ સેવાઓથી લીધો છે.

કેન્દ્ર સરકારે આ યોજનાને વધુ વિસ્તૃત કરી છે. તેના માટે લગભગ 29 હજાર કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી.

**665** રૂટ દ્વારા 95 એરપોર્ટ- હેલિપોર્ટ અને વોટર એરોડ્રોમ જોડાયેલા છે.

- આવનારા વર્ષોમાં તેના હેઠળ નાના શહેરોમાં 100 નવા હવાઈ મથકો અને 200 નવા હેલિપેડ બનાવવાની યોજના છે.
- વર્ષ 2014 પહેલાં દેશમાં માત્ર 74 હવાઈ મથકો હતા. આજે દેશમાં 160 થી વધુ હવાઈ મથકો છે.

## વંદે ભારત સેવા

**9.1** કરોડ યાત્રાઓ વંદે ભારત સેવાની શરૂઆતથી 31 માર્ચ 2026 સુધી કરવામાં આવી, 1 લાખ ટ્રિપમાં.

**162** વંદે ભારત સેવાઓ અત્યાર સુધી શરૂ કરવામાં આવી છે, જેના કારણે ઘણા કોરિડોર પર મુસાફરીનો સમય 45 ટકા સુધી ઘટી ગયો છે.

| | | |
|---|---|---|
| **90** સેવાઓ 8 કોચ વાળી | **38** સેવાઓ 20 કોચ વાળી | **34** સેવાઓ 16 કોચ વાળી |

ગરીબ તથા મધ્યમ વર્ગની સેવામાં કાર્યરત ભારતીય રેલવે ઝડપથી સો ટકા વિદ્યુતીકરણના લક્ષ્યની પ્રાપ્તિ તરફ આગળ વધી રહી છે.



## ઉમંગ એપ: પ્લેટફોર્મ એક, સેવાઓ અનેક




**11.02** કરોડ રજિસ્ટ્રેશન ઉમંગ એપ પર.

**766.35** કરોડ ટ્રાન્ઝેક્શન.

**2,517** સેવાઓ ઑનબોર્ડ.

2017માં લોન્ચ કરવામાં આવેલી આ એપનો અર્થ છે મધ્યમ વર્ગ માટે ઓછી લાઈનો, વધુ નિયંત્રણ અને જાહેર સેવાઓ સુધી ઝડપી પહોંચ.

## ડિજિલૉકર

DigiLocker

**63.88** કરોડથી વધુ નોંધાયેલા વપરાશકર્તાઓ.

**950** કરોડથી વધુ દસ્તાવેજો ઈશ્યુ.



## મોબાઈલ ડેટાનો ખર્ચ ઓછો થયો

**97%** મોબાઈલ ડેટા માટેનો ખર્ચ ઓછો થયો, 2014ની સરખામણીમાં 2025-25માં.

## રિયલ એસ્ટેટ નિયમન

- ઘર ખરીદનારાઓના હિતોનું રક્ષણ કરવા અને આવાસ ક્ષેત્રમાં પારદર્શિતા લાવવા માટે, સંસદે 2016માં રિયલ એસ્ટેટ (નિયમન અને વિકાસ) અધિનિયમ પસાર કર્યો હતો.
- 1.57 લાખ કેસનો રેરાએ નિકાલ કર્યો છે, 35 રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રેરા ઓથોરિટી છે.
- 1.61 લાખથી વધુ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ અને 1.13 લાખ રિયલ એસ્ટેટ એજન્ટ સમગ્ર દેશમાં રેરા હેઠળ નોંધાયેલા છે.



## પીએમ આવાસ યોજના - શહેરી

આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય 25 જૂન 2015થી પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરી (PMAY-U) હેઠળ કેન્દ્રિય સહાય પૂરી પાડીને રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના પ્રયાસોમાં સહયોગ આપી રહ્યું છે. જેથી દેશભરમાં પાત્રતા ધરાવતા કામકાજી પ્રોફેશનલ શહેરી લાભાર્થીઓને મૂળભૂત નાગરિક સુવિધાઓથી સજ્જ પાકા મકાન ઉપલબ્ધ કરાવી શકાય.



કુલ **125.15** લાખ ઘરોને અત્યાર સુધી દેશભરમાં મંજૂરી આપવામાં આવી છે, PMAY-U 2.0 હેઠળ 13.67 લાખ ઘર સામેલ છે.

116.57 લાખ મકાનોનું નિર્માણ કાર્ય સ્વીકૃત મકાનોમાંથી શરૂ થઈ ચૂક્યું છે, જેમાંથી 97.30 લાખ મકાનો 2 માર્ચ 2026 સુધી લાભાર્થીઓને સોંપી દેવામાં આવ્યા છે.

## ડાકઘર પાસપોર્ટ સેવા કેન્દ્ર

**23** સર્કલોમાં 452 ડાકઘર પાસપોર્ટ સેવા કેન્દ્ર ચાલુ છે.



## પીએમ સૂર્યઘર મફત વીજળી યોજના

**36.88** લાખ ઘરોમાં પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજનામાં સોલર સિસ્ટમ લગાવવામાં આવી છે 30 એપ્રિલ 2026 સુધીમાં.



**19,480** કરોડ રૂપિયાની સબસિડી ઈશ્યુ કરી.

યોજનામાં સ્થાપિત ક્ષમતા 10.77 ગીગાવોટ સુધી પહોંચી.

## ઝડપથી વધતી અર્થવ્યવસ્થા

છેલ્લા 12 વર્ષોમાં, દેશની આર્થિક પાયો ખૂબ મજબૂત થયો છે. દુનિયામાં અનેક પ્રકારના સંકટો આવ્યા હોવા છતાં ભારત દુનિયાની ઝડપથી વધી રહેલી મુખ્ય અર્થવ્યવસ્થા બન્યું છે. ભારતે મોંઘવારી દરને ઓછો રાખવાના પોતાના રેકોર્ડને વધુ સુધાર્યો છે. તેનો સીધો લાભ દેશના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને થઈ રહ્યો છે.

> *મધ્યમ વર્ગના પરિવારો દેશ માટે ઘણું આપે છે, તો દેશનું પણ કર્તવ્ય છે કે તેમના જીવનની ગુણવત્તાની અપેક્ષાઓને પૂરી કરવા માટે આપણે સતત પ્રયત્ન કરીએ. મેં સપનું જોયું છે કે 2047 જ્યારે વિકસિત ભારતનું સપનું હશે ત્યારે તેનું એક પાસું એ પણ હશે કે સામાન્ય માનવના જીવનમાં સરકારની દખલ ઓછી હોય.*
>
> *- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

# સ્વાસ્થ્ય સમૃદ્ધિ તરફ ભારત

*શું તમે જાણો છો કે જીવનની સરેરાશ ઉંમરમાં એક વર્ષનો વધારો દેશની GDPમાં 4 ટકા સુધીનો વધારો કરી દે છે. આ જ કારણ છે કે સ્વાસ્થ્ય ક્ષેત્રને સ્વતંત્ર ભારતમાં પ્રથમ વખત 2014 પછી હાલની કેન્દ્ર સરકારે પ્રાથમિકતા આપવાની સાથે સાથે તેને નીતિગત અને રાજકીય એજન્ડામાં સૌથી ઉપર રાખ્યું. સસ્તી સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવીને સ્વસ્થ ભવિષ્યને સુરક્ષિત કરીને છેલ્લા 12 વર્ષોમાં ભારત સરકારે વધુ સારા પરિણામોની દિશામાં પગલાં આગેકૂચ કરી છે. આજે ભારત દુનિયાના સૌથી મોટા સ્વાસ્થ્ય સેવા કાર્યક્રમ આયુષ્માન ભારતનું નેતૃત્વ કરી રહ્યું છે...*

## સ્વાસ્થ્ય શિક્ષણમાં 12 વર્ષમાં થયેલું પરિવર્તન

**23**
એમ્સ, 2014માં આ સંખ્યા 7 હતી.

**323**
દંત ચિકિત્સા અને 942 આયુષ સંસ્થાઓ

**1,28,975**
સીટો MBBSની થઈ જે પહેલાં 51,384 હતી

**172%**
સુધી મેડિકલ સીટોમાં વધારો 12 વર્ષમાં થયો

**818**
એલોપેથી મેડિકલ કોલેજોની સંખ્યા થઈ, 2014માં 387 હતી.

**85,020**
સીટો મેડિકલ પીજીની થઈ જે 31,185 હતી.

## રસીકરણ



**12**
પ્રકારની બીમારીઓથી બચાવવા માટે નવજાત બાળકો અને કિશોરોને રસી આપવામાં આવે છે.

- વર્ષ 2015માં શરૂ થયેલા મિશન ઈન્દ્રધનુષ કાર્યક્રમ હેઠળ એવા બાળકો અને ગર્ભવતી મહિલાઓ સુધી પહોંચવાનું છે જેમનું રસીકરણ થયું નથી અથવા જેમને આંશિક રીતે રસી આપવામાં આવી છે.
- દર વર્ષે 2.9 કરોડ સગર્ભાઓ અને 2.54 કરોડ નવજાતનું મફત રસીકરણ.
- વર્ષ 2026માં સર્વાઈકલ કેન્સરથી બચાવ માટે HPV રસી લોન્ચ.
- પૂર્ણ રસીકરણઃ વર્ષ 2015માં 62% હતું જે વધીને જાન્યુઆરી 2025માં 98.4% થયું.
- કોવિડ-19 દરમિયાન ભારતે 200 કરોડથી વધુ રસીના ડોઝ આપ્યા.



## વધુ સારાં પરિણામો મળ્યાં

- 1990 થી માતૃ મૃત્યુ દર (MMR)માં 6 ટકા ઘટાડો થયો છે, જે વૈશ્વિક સરેરાશ 48 ટકા કરતાં વધુ છે.
- પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મૃત્યુ દરમાં 78 ટકા ઘટાડો નોંધાયો છે, જે વૈશ્વિક સરેરાશ 61 ટકા કરતાં વધુ છે.
- નવજાત મૃત્યુ દરમાં 70 ટકા ઘટાડો થયો છે, જ્યારે વૈશ્વિક સ્તરે આ ઘટાડો 54 ટકા છે.
- શિશુ મૃત્યુ દરમાં છેલ્લા દાયકામાં 37 ટકા કરતાં વધુ ઘટાડો નોંધાયો છે, જે 2013માં પ્રતિ હજાર જીવીત જન્મ પર 40 મોતથી ઘટીને 2023માં 25 થયો છે.



## સંસ્થાગત પ્રસૂતી

| | ગ્રામીણ વિસ્તાર | | શહેરી | |
|---|---|---|---|---|
| | વર્ષ 2017-18 | વર્ષ 2025 | વર્ષ 2017-18 | વર્ષ 2025 |
| સંસ્થાગત પ્રસૂતી | 90.5% | 95.6% | 96.1% | 97.8% |

## પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)

- 23 સપ્ટેમ્બર 2018ના રોજ (AB-PMJAY) શરૂ કરવામાં આવી. આ વિશ્વની સૌથી મોટી જાહેર આરોગ્ય સેવા યોજના છે.
- સામાજિક-આર્થિક રીતે વંચિત પરિવારો અને 70 વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકોને સારવાર માટે દર વર્ષે 5 લાખ રૂપિયા સુધીનું આરોગ્ય કવચ.

**12** કરોડથી વધુ લોકોને સારવાર મળી.

**36,038** હોસ્પિટલો યોજનામાં નોંધાયેલી છે.

**43.93** કરોડથી વધુ આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા.




## આયુષ્માન આરોગ્ય મંદિર

**1,84,235** આયુષ્માન આરોગ્ય મંદિર (27 ફેબ્રુઆરી 2026 સુધી) કાર્યરત છે.

**42.6** કરોડથી વધુ લોકોને (31 ડિસેમ્બર 2025 સુધી) ટેલિ-માર્ગદર્શન આપવામાં આવ્યું છે.





## મેડિકલ ટૂરિઝમ

- વર્ષ 2025માં 5,07,244 વિદેશી નાગરિકો ખાસ કરીને તબીબી સારવાર માટે આવ્યા.
- વર્ષ 2030 સુધી મેડિકલ ટૂરિઝમનું બજાર વધીને 16.2 અબજ ડૉલર થવાનો અંદાજ.
- ઈ-મેડિકલ વિઝા અને ઈ-મેડિકલ એટેન્ડન્ટ વિઝા સુવિધાઓને 172 દેશો સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

## તબીબી પર્યટન સૂચકાંક વર્ષ 2020-21 અનુસાર...

- ભારત વૈશ્વિક સ્તરે ટોચના 46 તબીબી પર્યટન સ્થાનોમાં 10મા ક્રમે છે.
- દુનિયાના ટોચના 20 વેલનેસ પર્યટન બજારોમાં 12મા ક્રમે છે.
- એશિયા-પ્રશાંત ક્ષેત્રમાં ટોચના 10 આરોગ્ય સંભાળ સ્થાનોમાં 5મા ક્રમે છે.

## સસ્તી અને ગુણવત્તાયુક્ત દવાઓ



**19,200** જન ઔષધિ કેન્દ્રોમાં પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ યોજના (PMBJP) મારફતે ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓ સસ્તા ભાવે ઉપલબ્ધ.

- આ કેન્દ્રોમાં 2,100થી વધુ દવાઓ અને 315 સર્જિકલ ઉત્પાદનો ઉપલબ્ધ છે, જે બજાર કિંમતો કરતાં 50-90% ઓછા દરે વેચાય છે.

લગભગ **40,000** કરોડ રૂપિયાની બચત સામાન્ય લોકોને સસ્તી દવાઓ મળવાને કારણે થઈ છે.

### ખિસ્સા પરનો બોજો ઓછો થયો

- સ્વાસ્થ્ય ઉપચાર પર પોતાના ખિસ્સામાંથી થતો ખર્ચ વર્ષ 2014-15માં 62.6% હતો જે ઘટીને વર્ષ 2020-21માં 39.4% થયો છે. તેમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો મોટું યોગદાન છે.



## રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ, 2017

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં 15 માર્ચ 2017ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય આરોગ્ય નીતિ, 2017ને મંજૂરી આપી. તેનો ઉદ્દેશ આરોગ્ય સેવા નીતિ દ્વારા શ્રેષ્ઠ આરોગ્ય પ્રાપ્ત કરવો તથા કોઈપણ પ્રકારની આર્થિક મુશ્કેલી વિના ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સેવાઓ પ્રદાન કરવાનો છે.

## સુખદ

- 2014માં ભારતને પોલિયો મુક્ત જાહેર કરવામાં આવ્યું.
- 2015માં નવજાત શિશુઓમાં થતા ટિટનસની નાબૂદી.
- 2024માં વિશ્વ આરોગ્ય સંગઠને (WHO) ભારતને ટ્રેકોમા મુક્ત જાહેર કર્યું.
- ભારત નજીકના ભવિષ્યમાં કાલાઝરની નાબૂદીની દિશામાં પણ આગળ વધી રહ્યું છે.





કવર સ્ટોરી

વિકાસ યાત્રાનાં 12 વર્ષ

# સશક્તિકરણની અવિરત યાત્રા

## હર પળ વિકાસ, હર પળ નવી સંભાવનાઓ

સ્વર્ણિમ પથ પર આગળ વધતા પહેલાં જરૂરી હતું કે એવા વર્ગો તરફ વિશેષ ધ્યાન આપવામાં આવે જેમને કોઈ પૂછતું પણ નહોતું. પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આવા વર્ગોને માત્ર પૂછ્યા જ નહીં, પરંતુ તેમને પૂજ્યા પણ. વંચિતોને કેન્દ્ર સરકારની તમામ યોજનાઓ-નીતિઓમાં સર્વોચ્ચ પ્રાથમિકતા મળી તો "યત્ર નાર્યસ્તૂ પૂજન્યંતે રમંતે તત્ર દેવતાઃ, યત્રૈતાસ્તુ ન પૂજ્યંતે સર્વાસ્તત્રાફલાઃ ક્રિયાઃ" નારીના નેતૃત્વમાં વિકાસનો મંત્ર બન્યો અને છેલ્લા 12 વર્ષમાં નારી શક્તિ દરેક ક્ષેત્રમાં ડંકો વગાડી રહી છે. એવી જ રીતે આ જ સમય છે, સાચો સમય છે, ભારતનો અમૂલ્ય સમય છે... યુવા પેઢીને સમર્પિત વિકસિત ભારતનો આ મંત્ર એ વાતનો દ્યોતક છે કે ભારતનો યુવાન પોતાની આકાંક્ષાઓને નવી ઉડાન આપવા તૈયાર છે. આજે યુવા શક્તિના સામર્થ્યને નવી ઓળખ મળી છે અને નવા ભારતની અમૃત પેઢી ભારતના જ્ઞાન-વિજ્ઞાન અને કાલજયી ઉપલબ્ધિનું પ્રતીક બની ગઈ છે. આજે આ કહેવું અતિશયોક્તિ નહીં થાય કે 12 વર્ષ એક યુગ તરીકે વંચિતો, નારી શક્તિ, યુવા શક્તિ અને ખેડૂતોના સશક્તિકરણનો કાલખંડ બની ગયો છે. નવા ભારતના નવા નેતૃત્વએ સંવેદનશીલ વિચાર અને સમાવેશી દષ્ટિકોણ સાથે આ સમય દરમિયાન તમામ વર્ગો અને ક્ષેત્રોને વિકાસના ભાગીદાર બનાવ્યા અને પછી શરૂ થઈ સુવર્ણિમ ભારતની યાત્રા...

# નારી સશક્તિકરણ અને નવું ભારત

*"નારી તું નારાયણી, તારીથી જ સામર્થ્ય છે, તું જ રાષ્ટ્રશક્તિ છે" આ સંકલ્પ સાથે નવું ભારત ઉત્કૃષ્ટતાના નવા નવા અધ્યાયો લખી રહ્યું છે. નારી શક્તિ વિના કોઈ રાષ્ટ્રની સમૃદ્ધિની કલ્પના પણ કરી શકાતી નથી. આવા સમયે માત્ર નારી ઉત્કર્ષ નહીં, પરંતુ નારી શક્તિના નેતૃત્વમાં વિકાસની દૃષ્ટિ છેલ્લા 12 વર્ષોમાં રાષ્ટ્રની નીતિનો મહત્વપૂર્ણ આધાર બની છે. શિક્ષણ, સ્વાસ્થ્ય, આર્થિક સમૃદ્ધિ અને નેતૃત્વના અવસરોમાં મહિલાઓને સશક્ત કરવા માટેની અનેક પહેલોએ આ દિશામાં માઈલસ્ટોન સાબિત થઈ છે. હવે લોકસભા-વિધાનસભાઓમાં 33 ટકા મહિલા આરક્ષણ માટે પણ કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે...*

## મહિલા સશક્તિકરણની દિશામાં પગલાં

**2023** માં નવા સંસદ ભવનમાં નારી શક્તિ વંદન અધિનિયમ તરીકે પ્રથમ પગલું લેવામાં આવ્યું.

**લાખથી વધુ મહિલાઓ આજે ભારતમાં સ્થાનિક સરકારી સંસ્થાઓમાં સફળતાપૂર્વક કામ કરી રહી છે. લગભગ 21 રાજ્યોમાં તો પંચાયતોમાં તેમની ભાગીદારી લગભગ 50 ટકા સુધી પહોંચી ગઈ છે.**





- છેલ્લા 12 વર્ષમાં 3 કરોડથી વધુ મહિલાઓ 'પીએમ આવાસ યોજના' હેઠળ ઘરનાં માલિક બની છે.
- આજે 70% થી વધુ પીએમ આવાસ એકલ અથવા સંયુક્ત રીતે મહિલાઓના નામે છે.

- સ્ટેન્ડ-અપ ઈન્ડિયા યોજના હેઠળ 75% લોન મહિલાઓને આપવામાં આવી છે. ઉપરાંત જન ધન ખાતાઓમાં 55% હિસ્સેદારી મહિલાઓની છે.

**70%** લોન મુદ્રા યોજનામાં મહિલાઓને મળી છે.

- મહિલાઓ માટે મેટરનિટી રજા 26 અઠવાડિયા કરી દેવામાં આવી છે.
- છેલ્લા 12 વર્ષમાં 10 કરોડ મહિલાઓ સ્વયં સહાયતા જૂથો સાથે જોડાઈ છે.
- 6 કરોડ બહેનોને લખપતિ દીદી બનાવવાનું સરકારનું લક્ષ્ય ગ્રામીણ અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે નિર્ધારિત કરવામાં આવ્યું છે. આમાંથી 3 કરોડથી વધુ ગ્રામીણ મહિલાઓ લખપતિ દીદી બની ગઈ છે.
- સપ્ટેમ્બર 2025માં ચલાવવામાં આવેલા 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અભિયાન હેઠળ લગભગ સાત કરોડ મહિલાઓની આરોગ્ય તપાસ કરવામાં આવી.



- 2015માં સરકારે મિશન ઈન્દ્રધનુષ કાર્યક્રમ શરૂ કર્યો હતો, જેનું લક્ષ્ય એવા બાળકો અને ગર્ભવતી મહિલાઓ સુધી પહોંચવાનું છે જેમનું રસીકરણ થયું નથી.
- મિશન શક્તિ પોર્ટલઃ જાન્યુઆરી 2025માં મિશન શક્તિ પોર્ટલ (https://missionshakti.wcd.gov.in/)નો શુભારંભ. 23 માર્ચ 2026 સુધીમાં, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા 2,428 સંરક્ષણ અધિકારીઓની વિગતો પોર્ટલ પર અપડેટ કરવામાં આવી.



## સશક્ત થતી મહિલાઓ

**48%** થી વધુ સ્ટાર્ટઅપમાં ઓછામાં ઓછા એક મહિલા ડિરેક્ટર છે.

- ભારતની મહિલા ક્રિકેટ ટીમે પ્રથમ વખત વર્લ્ડ કપ જીત્યો છે. તેમજ બ્લાઈન્ડ મહિલા ક્રિકેટ ટીમે પણ વર્લ્ડ કપ જીત્યો છે.
- રાષ્ટ્રીય સંરક્ષણ એકેડમી, એટલે કે NDAમાં મહિલા કેડેટ્સનો પ્રથમ બેચ પાસ આઉટ થઈ છે.




**પી.એચ.ડી.માં મહિલા સંશોધકોના નામાંકનમાં 135.6%ની અસાધારણ વૃદ્ધિ (2014-15 થી 2022-23 સુધી) સાથે બમણા કરતાં વધુ વધારો થયો છે, જેના કારણે 64,724 વધારાના મહિલા સંશોધકો જોડાયા.**



અંદાજે **43%** સુધી પહોંચી ગઈ છે ગણિત અને વિજ્ઞાન એટલે કે STEM શિક્ષણમાં દીકરીઓની સંખ્યા.

## ખુશીઓની જ્યોતિ: ઉજ્જવલા યોજના

**10.57** કરોડથી વધુ ગેસ કનેક્શન પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ 1 માર્ચ, 2025 સુધીમાં આપવામાં આવ્યા.

દરરોજ મહિલાઓના 2 થી 3 કલાક બચી જાય છે, જે પહેલાં તેમને ચૂલો સળગાવવા માટેના સાધનો એકઠા કરવામાં લાગતા હતા. હવે, મહિલાઓ આ સમયનો ઉપયોગ નવી આવક ઉભી કરવાની પ્રવૃત્તિઓ અથવા પરિવારની સંભાળ માટે કરે છે.



## બેટી બચાવો, બેટી પઢાઓ (BBBP) યોજના

**22 જાન્યુઆરી, 2015ના રોજ હરિયાણાના પાણીપતમાં શરૂ કરાયેલી બેટી બચાવો, બેટી પઢાઓ (BBBP) યોજનાને એક દાયકો પૂરો થયો.**

જન્મ સમયે રાષ્ટ્રીય સ્તરે લૈંગિક સપ્રમાણતા (1,000 છોકરીઓ દીઠ)



| 2014-15 | 2024-25 |
|---|---|
| 918 | 929 |

માધ્યમિક સ્તરે શાળાઓમાં છોકરીઓના કુલ પ્રવેશની સપ્રમાણતા

| | |
|---|---|
| 2014-15 | 75.51% |
| 2024-25 | 80.2% |



## પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન

**8,812** નોંધાયેલા સ્વયંસેવકો

**22,349** PMSMA સેવાઓ પૂરી પાડતી સુવિધાઓની સંખ્યા

## પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના

આ યોજના સામાજિક અને આર્થિક રીતે વંચિત ગર્ભવતી અને સ્તનપાન કરાવતી માતાઓને પ્રથમ બાળક માટે 5,000 રૂપિયા (તથા જનની સુરક્ષા યોજના પ્રોત્સાહન, સરેરાશ 16,000 રૂપિયા) અને બીજા બાળક (જો બાળકી હોય) માટે 6,000 રૂપિયાનો માતૃત્વ લાભ આપે છે.



**4.28** કરોડ મહિલાઓને લાભ મળ્યો

**4.92** કરોડ મહિલાઓ નોંધાયેલી છે.

**20,150** કરોડ કુલ રકમની ચુકવણી.

## સુકન્યા સમૃદ્ધિ યોજના: દીકરીઓનું સશક્તિકરણ

- 22 જાન્યુઆરી 2015ના રોજ સરકારની 'બેટી બચાવો, બેટી પઢાઓ' યોજનાના હેઠળ સુકન્યા સમૃદ્ધિ યોજના શરૂ કરવામાં આવી હતી, જેનો વ્યાજ દર 8.2% છે.
- યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં 46 કરોડથી વધુ ખાતાઓ ખોલવામાં આવ્યા છે અને કુલ જમા રકમ 3.33 લાખ કરોડ રૂપિયાથી વધુ છે.

"

***આજના વિકસિત ભારતની આપણી યાત્રામાં મહિલાઓની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની ગઈ છે. મને સંતોષ છે કે 2014માં, તમે સૌ દેશવાસીઓએ અમને સેવા કરવાનો અવસર આપ્યો અને ત્યારથી અત્યાર સુધી, અમારી સરકારે મહિલાઓના જીવનચક્રના દરેક પડાવ માટે યોજનાઓ બનાવી છે અને તેને સફળતાપૂર્વક અમલમાં મૂકી છે.***

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

# ભારતનો વિજયધ્વજ લહેરાવનારા સારથીઓ

*આ જ સમય છે, સાચો સમય છે, ભારતનો અમૂલ્ય સમય છે... યુવા પેઢીને સમર્પિત વિકસિત ભારતનો આ મંત્ર આ વાતનું પ્રતીક છે કે ભારતનો યુવાન પોતાની આકાંક્ષાઓને નવી ઉડાન આપવા માટે તૈયાર છે. આ જ સમય છે જ્યારે ભારત દુનિયાનો સૌથી યુવા દેશ છે. તેથી છેલ્લા 12 વર્ષોમાં કેન્દ્ર સરકારની દૂરંદેશીથી યુવા શક્તિના સામર્થ્યને નવી ઓળખ મળી છે અને નવા ભારતની અમૃત પેઢી ભારતના જ્ઞાન-વિજ્ઞાન અને સદાકાળ ઉપલબ્ધિનું પ્રતીક બની ગઈ છે...*

## સ્ટાર્ટઅપ

**2.23 લાખથી** વધુ સ્ટાર્ટઅપ, 23.36 લાખથી વધુ નોકરીઓનું સર્જન થયું. ફંડિંગ, ક્રેડિટ સહાયતા અને જાહેર ખરીદીમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી છે.

- 2014માં ભારતમાં માત્ર 4 યુનિકોર્ન હતા, આજે ભારતમાં 127 સક્રિય યુનિકોર્ન છે.



**55,200** થી વધુ સ્ટાર્ટઅપને સરકારે માન્યતા આપી છે નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન, જે આ પહેલની શરૂઆત પછી એક વર્ષમાં સૌથી વધુ છે.

## પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY)



**57.79**

- કરોડ લોનમાં 40.07 લાખ કરોડ રૂપિયા કરતાં વધુનું વિતરણ PMMYમાં 11 વર્ષ દરમિયાન થયું. આનાથી લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગો માટે ક્રેડિટ ઇકોસિસ્ટમ મજબૂત બની છે.

- મુદ્રા યોજના બિન-કોર્પોરેટ અને બિન-કૃષિ આવક સર્જન પ્રવૃત્તિઓ માટે 20 લાખ રૂપિયા સુધીની ગેરંટી વગરની સંસ્થાગત લોન સુધી સરળ પહોંચ સુલભ બનાવે છે.



## શૈક્ષણિક સંસ્થાઓની વધતી સંખ્યા

**2014થી અત્યાર સુધી**

- 16થી વધીને 23 થઈ IITની સંખ્યા.
- 13થી વધીને 21 થઈ IIMની સંખ્યા.




**23** એઇમ્સ, 7થી સંખ્યા વધી.

- 387થી વધીને 818 થઈ મેડિકલ કોલેજોની સંખ્યા.
- 2 આંતરરાષ્ટ્રીય કેમ્પસ IITના જંજીબાર અને અબુધાબીમાં.

## પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY)

**35** કરતાં વધુ ક્ષેત્રોમાં કુલ 1.64 કરોડ ઉમેદવારોને પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) હેઠળ તાલીમ આપવામાં આવી છે.

**3,15,014**

ઉમેદવારોને નિર્માણ, ટેલિકોમ્યુનિકેશન, આરોગ્ય સેવા ક્ષેત્રો અને કારકિર્દી તથા શિક્ષણ પરામર્શદાતા પદો માટે તાલીમ આપવામાં આવી છે.



## 12 વર્ષોમાં યુવાનોને સશક્ત બનાવવા માટે સંપૂર્ણ નિષ્ઠાથી કામ

**12**

**લાખથી વધુ નોકરીઓ રોજગાર મેળાઓ દ્વારા મળી.**





**10,000** કરતાં વધુ અટલ ટિંકરિંગ લેબ શાળાઓમાં સ્થાપિત કરવામાં આવી છે, જેના સાથે 1.1 કરોડથી વધુ વિદ્યાર્થીઓ જોડાયેલા છે.

- 3 દાયકા પછી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 લાગુ કરવામાં આવી.
- ભારતમાં વિશ્વની સૌથી મોટી યુવા વસ્તી છે, જેમાં લગભગ 65% લોકો 35 વર્ષથી ઓછી ઉંમરના છે.
- નવી દિલ્હી સ્થિત ભારત મંડપમમાં 9 થી 12 જાન્યુઆરી 2026 સુધી રાષ્ટ્રીય યુવા મહોત્સવ (NYF) 2026નું આયોજન.
- પીએમ શ્રી (ઉભરતા ભારત માટે પીએમ સ્કૂલ) - NEP-મોડલ સંસ્થાઓ તરીકે આધુનિક બનાવવા માટે કેન્દ્ર દ્વારા પ્રાયોજિત યોજના.
- 15 ઓગસ્ટ 2025ના રોજ પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના લાગુ કરવામાં આવી. આ યોજના લગભગ સાડા ત્રણ કરોડ યુવાનોને રોજગારના નવા અવસર આપશે.

> *ભારતના યુવાનોએ વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ બનાવી છે. અમારી યુવા શક્તિ ગતિશીલતા, આવિષ્કાર અને દૃઢ સંકલ્પનું પ્રતીક છે. આપણા યુવાનોએ અદ્વિતીય ઊર્જા અને દૃઢ વિશ્વાસ સાથે ભારતના વિકાસને આગળ વધાર્યો છે.*
>
> *- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

## ખેલો ઈન્ડિયા

**27,500** થી વધુ ખેલાડીઓ ખેલો ઈન્ડિયા કેન્દ્રોમાં તાલીમ લઈ રહ્યા છે.



8 ગણું થયું ખેલો ઈન્ડિયા બજેટ




## અગ્નિપથ યોજના

- 15 જૂન, 2022ના રોજ સરકારે અગ્નિપથ યોજના શરૂ કરી. આ યોજનામાં, પુરુષ અને મહિલા બંને ઉમેદવારોને સેનાની ત્રણેય પાંખમાં 'અધિકારી રેન્કથી નીચેની કેડરમાં' ચાર વર્ષની અવધિ માટે અગ્નિવીર તરીકે ભરતી કરવામાં આવે છે.

**17.5** થી 21 વર્ષની ઉંમરના યુવાનોને ચાર વર્ષની સૈન્ય સેવા માટે અગ્નિવીર તરીકે ભરતી કરવું આ કાર્યક્રમનું લક્ષ્ય છે.

**46,000** ના પહેલા બેચે 2023માં પોતાની તાલીમ પૂર્ણ કરી. તેમને શિસ્ત, નેતૃત્વ અને ટેકનિકલ કુશળતા સાથે સાથે સેવા નિધિ પેકેજ અને સેવાનાં પછી રોજગારમાં પ્રાથમિકતા મળી



# વંચિતોને પ્રાથમિકતા, સુશાસનની ઓળખ

*આજે દેશમાં સમાન ભાવથી કામ થઈ રહ્યું છે જેના કારણે છેલ્લા 12 વર્ષોમાં લાભાર્થીઓનો એક મોટો વર્ગ તૈયાર થયો છે. 2014 પહેલાં, સમાજના એક મોટા વર્ગને મૂળભૂત સુવિધાઓથી વંચિત રાખવામાં આવ્યો હતો. પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂઆતમાં જ વંચિતોને પ્રાથમિકતા આપવાના સિદ્ધાંતને અપનાવીને આગળ વધવાનું શરૂ કર્યું. પ્રથમવાર કોઈ સરકારે જાતે જઈને એવા લોકો સુધી પહોંચવાનું શરૂ કર્યું છે, જેમને દાયકાઓ સુધી યોજનાઓ અને સુવિધાઓનો લાભ મળ્યો નહોતો. પીએમ મોદી કહે છે કે, જેમને સુધી કોઈ પૂછતું નથી, મોદી તેમને પૂજે છે. ગૌરવપૂર્ણ જીવનસ્તર મળવાથી તેઓ પણ રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે....*

## આદિવાસી વારસાને પ્રોત્સાહન



**728** એકલવ્ય મોડેલ આવાસીય શાળાઓને જનજાતીય કાર્ય મંત્રાલયે મંજૂરી આપી છે, જેમાંથી 428 શાળાઓના ભવનોનું નિર્માણ પૂર્ણ થયું છે, 249 નિર્માણાધીન છે અને 46 પૂર્વ-નિર્માણ તબક્કામાં છે.

- વર્ષ 2021માં આદિવાસી સ્વતંત્રતા સેનાની બિરસા મુંડાની જન્મજયંતી નિમિત્તે 15 નવેમ્બરને જનજાતીય ગૌરવ દિવસ જાહેર કરવામાં આવ્યો.



**11**

આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયોને મંજૂરી. અત્યાર સુધીમાં 4 સંગ્રહાલયો 3 રાજ્યોમાં સ્થાપવામાં આવ્યા છે. જેમાં ઝારખંડમાં 1, છત્તીસગઢમાં 1 અને મધ્યપ્રદેશમાં 2 સંગ્રહાલય છે. બાકીના 7 પર કામ ચાલુ છે.

## વંચિતોને સુવિધાઓનો લાભ મળી રહ્યો છે

- 13 માર્ચ 2024ના રોજ પીએમ મોદીએ પ્રધાનમંત્રી સામાજિક ઉત્કર્ષ અને રોજગાર જનકલ્યાણ (પીએમ-સૂરજ) રાષ્ટ્રીય પોર્ટલનું અનાવરણ કર્યું હતું. આ પોર્ટલ વંચિત વર્ગોને લોન સહાય માટે પ્રાથમિકતા આપવાની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.



**1.15**

કરોડ ફેરિયા-રેકડી વિક્રેતાઓને લાભ આપવાનું લક્ષ્ય પુનર્ગઠિત પીએમ સ્વનિધિ યોજના હેઠળ નક્કી કરાયું છે. 74.90 લાખ લાભાર્થીઓને લોન મળી ચૂકી છે. 31 માર્ચ, 2030 સુધી લોન વિતરણ અવધિ વધારવામાં આવી છે.

- 60 કરોડથી વધુ લોકોના જીવનસ્તરને નક્કર નીતિઓ દ્વારા સુધારવાનું અને 25 કરોડ લોકોને ગરીબી રેખાથી ઉપર લાવવાનું કાર્ય પણ થયું છે.
- 31.65 કરોડથી વધુ ઈ-શ્રમ કાર્ડ જારી કરવામાં આવ્યા છે. તેમાં અત્યાર સુધી 14 સામાજિક યોજનાઓ સામેલ છે.
- શ્રમ અને રોજગાર મંત્રાલયે 24 ફેબ્રુઆરી 2025એ સત્તાવાર રીતે ઈ-શ્રમ મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી.
- વર્ષ 2018માં 102મા બંધારણીય સુધારાથી પછાત વર્ગના રાષ્ટ્રીય આયોગને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો.
- નાણાકીય વર્ષ 2025-26માં 75 લાખથી વધુ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને 7,981.47 કરોડ રૂપિયા વિતરણ કરવામાં આવ્યા છે, જેમાં મુખ્ય શિષ્યવૃત્તિ યોજનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે.
- કેન્દ્રીય બજેટ 2026-27માં દિવ્યાંગજનો માટે દિવ્યાંગ કૌશલ યોજના અને દિવ્યાંગ સહારા યોજનાની જાહેરાત કરવામાં આવી.



## પ્રધાનમંત્રી સહજ બીજલી હર ઘર યોજના

દેશભરમાં 2.86 કરોડ ઘરોનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું. તમામ રાજ્યો દ્વારા 31 માર્ચ 2019 પહેલાં ચિહ્નિત તમામ ઈચ્છુક વિદ્યુતીકરણ વગરના પરિવારોના ઘરોને 100% વિદ્યુતીકૃત કરવામાં આવ્યાં.

## શ્રમ સંહિતા

ચાર શ્રમ સંહિતાઓ - વેતન સંહિતા 2019, ઔદ્યોગિક સંબંધ સંહિતા 2020, સામાજિક સુરક્ષા સંહિતા 2020 અને વ્યવસાયિક સુરક્ષા, આરોગ્ય અને કાર્ય શરત સંહિતા 2020 ને 21 નવેમ્બર, 2025થી લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી. તેને હાલના 29 શ્રમ કાયદાઓના સ્થાને લાગુ કરવામાં આવી છે.





## પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાની ઉપલબ્ધિઓ

લગભગ 30 લાખ કારીગર અને કસબીઓ નોંધાયેલા છે.

**4,78,020**

લોકોને 41,188 કરોડ રૂપિયાની લોન મંજૂર કરી.

**26,36,865**

કારીગરોની પાયાની તાલીમ અને કૌશલ્ય ખરાઈનું કામ પણ પૂર્ણ થયું.

**23,69,249**

ઈ-વાઉચર્સ ઈશ્યુ કરવામાં આવ્યા.

## વિકસિત ભારત- રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) ગેરંટી (વિકસિત ભારત જી રામ જી) અધિનિયમ, 2025

- તેના હેઠળ દરેક ગ્રામ્ય પરિવારને પ્રત્યેક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 125 દિવસના મજૂરી રોજગારની ગેરંટી, જે અગાઉ 100 દિવસ હતી.



> *મારા માટે તો જે ગરીબ છે, વંચિત છે, જેમના માટે સરકારી કચેરીઓના દરવાજા સુધી બંધ હતા, જેમને કોઈ પૂછતું નહોતું, તેમને મોદી સૌથી પહેલા પૂછે છે. મોદી પૂછે જ છે એવું નથી, મોદી પૂજે પણ છે. મારા માટે તો દેશનો દરેક ગરીબ VIP છે. દેશની દરેક માતા-બહેન-દીકરીઓ મારા માટે VIP છે. દેશનો દરેક ખેડૂત VIP છે. દેશનો દરેક યુવાન VIP છે.*
>
> *- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

# આત્મનિર્ભર ભારતનો આધાર

*આત્મનિર્ભર કૃષિ, આત્મનિર્ભર ભારતનો મૂળ આધાર છે. શ્રીઅન્નને દુનિયામાં સ્થાન અપાવવાનું હોય કે પછી ખેડૂતોને ખર્ચ કરતાં દોઢ ગણો ભાવ અપાવવા માટે લઘુતમ ટેકાના ભાવ વધારવાના હોય અથવા તો ખેડૂતોની આવક બમણી કરવાની હોય, આ માત્ર કોઈ વચન નથી, સરકારનો સંકલ્પ છે. છેલ્લા 12 વર્ષોમાં કૃષિને ઉદ્યોગની જેમ વિકસાવવાની નીતિ અને પહેલથી ખેડૂતો માટે આર્થિક સશક્તિકરણનો માર્ગ બન્યો છે. એવા ક્ષેત્ર કે જેના માટે આપણે આયાત પર નિર્ભર હતા, તેને ઓળખી કાઢીને આત્મનિર્ભરતાની દિશામાં પગલાં ભરવામાં આવ્યા, જેથી ખેડૂત સશક્ત બને, રાષ્ટ્ર સમૃદ્ધ બને....*

## રાષ્ટ્રીય કૃષિ બજાર (e-NAM)

**1,656**

**મંડીઓનું એકીકરણ માર્ચ 2026 સુધી 23 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરવામાં આવ્યું.**

**સાથે જ**

**1.80 કરોડથી**

**વધુ ખેડૂતો, 2.73 લાખ વેપારીઓ અને 4,724 ખેડૂત ઉત્પાદક સંગઠનો e-NAM પ્લેટફોર્મ પર નોંધાયા છે.**

- 2016થી માર્ચ 2026 વચ્ચે 13.25 કરોડ મેટ્રિક ટનનો વેપાર નોંધાયો, જેનું કુલ મૂલ્ય 4.84 લાખ કરોડ રૂપિયા હતું.
- વેપાર મૂલ્ય 2024માં 3.19 લાખ કરોડ રૂપિયાથી વધીને 2026માં 4.84 લાખ કરોડ રૂપિયા થયું, જે વધી રહેલી વ્યાપકતા અને બજાર સાથેનું જોડાણ બતાવે છે.
- માર્ચ 2026 સુધી, 204.76 લાખ મેટ્રિક ટન કૃષિ ઉપજનો વેપાર થયો, જે સતત કામગીરીની ગતિને દર્શાવે છે.
- e-NAM એપ દ્વારા મોબાઈલ આધારિત ભાવ માહિતી સેવાઓ હેઠળ 247 વસ્તુઓને સામેલ કરવામાં આવી છે.





**શ્રી અન્ન: 2018માં બરછટ ધાન્ય (શ્રી અન્ન)ના મહત્વને જણાવતાં પીએમ મોદીએ સંયુક્ત રાષ્ટ્રમાં પ્રસ્તાવ મૂક્યો, જેના કારણે 2023ને આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ જાહેર કરવામાં આવ્યું.**

- **વર્ષ 2024-25માં લગભગ 18.59 મિલિયન ટન ઉત્પાદન થયું. તેના કારણે બરછટ ધાન્યના ઉત્પાદનમાં ભારત સમગ્ર વિશ્વમાં પ્રથમ સ્થાન પર રહ્યું. તેમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા કર્ણાટકે મુખ્ય યોગદાન આપ્યું.**

### પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના (PMKMY)

**આ યોજના અંતર્ગત 2 ફેબ્રુઆરી 2025 સુધીમાં 24.95 લાખ ખેડૂતોના નામની નોંધણી કરવામાં આવી છે, જેના કારણે નાના અને સીમાંત ખેડૂતોને સામાજિક સુરક્ષાનો લાભ મળી રહ્યો છે.**



### પાક વીમા સુરક્ષા

- 4.19 કરોડ ખેડૂતોનો વીમો પ્રધાનમંત્રી પાક વીમા યોજના (PMFBY) અંતર્ગત વર્ષ 2024-25 દરમિયાન કરવામાં આવ્યો, જેમાં 6.2 કરોડ હેક્ટર વિસ્તાર આવરી લેવાયો હતો.
- 2016-17થી માર્ચ 2025 સુધી 1.90 લાખ કરોડ રૂપિયાથી વધુના દાવાઓની ચુકવણી કરવામાં આવી છે. આ સમયગાળામાં 86 કરોડથી વધુ અરજી પાક વીમા માટે આવી છે.
- વર્ષ 2022-23ની તુલનામાં કવરેજમાં 32 ટકા વૃદ્ધિ થઈ છે, જેના કારણે જળવાયુ અને બજાર સંબંધિત જોખમો સામે સુરક્ષા વધુ મજબૂત થઈ છે.

કવર સ્ટોરી

વિકાસ યાત્રાનાં 12 વર્ષ

## બે મહત્વપૂર્ણ નવી યોજનાની શરૂઆત



- દેશની આત્મનિર્ભરતા અને ખેડૂતોના કલ્યાણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 11 ઓક્ટોબર 2025ના રોજ બે મહત્વપૂર્ણ નવી યોજનાની શરૂઆત કરી છે.
- પહેલી - પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજના અને બીજી છે, કઠોળ આત્મનિર્ભરતા મિશન

**24,000** કરોડ રૂપિયાનું

બજેટ પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજનાના માટે જ્યારે કઠોળમાં આત્મનિર્ભરતા મિશન માટે 1,440 કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે.

- **આ યોજનાઓ પર સરકાર લગભગ 35 હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવાની છે. આ બે યોજનાઓ ભારતના કરોડો ખેડૂતોનું ભાગ્ય બદલવાનું કામ કરશે.**




## કિસાન ક્રેડિટ કાર્ડ

**10** લાખ કરોડ રૂપિયાથી

વધુ રકમ 31 ડિસેમ્બર 2025 સુધીમાં 7.57 કરોડ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા આપવામાં આવી છે.

- **ખેડૂતોને ખેતી અને પશુપાલન જેવી જરૂરિયાતો માટે કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ઓછા વ્યાજ દરે સરળતાથી લોન મળી રહી છે.**

**1.55** કરોડ રૂપે

કિસાન ક્રેડિટ કાર્ડ 31 જાન્યુઆરી 2026 સુધીમાં સહકારી સમિતિઓના સભ્યોને જારી કરવામાં આવ્યા છે.




## 12 વર્ષની ઉપલબ્ધિઓ

- વિતેલા 12 વર્ષોમાં, ભારતનો કૃષિ નિકાસ લગભગ બમણો થયો, લગભગ 900 લાખ મેટ્રિક ટન ઉત્પાદન વધ્યું છે.
- ફળ અને શાકભાજીનું ઉત્પાદન 640 લાખ મેટ્રિક ટનથી વધુ વધ્યું. આજે દૂધ ઉત્પાદનમાં ભારત વિશ્વમાં નંબર વન છે.
- બીજો મોટો મત્સ્ય ઉત્પાદક દેશ છે. મધનું ઉત્પાદન પણ 2014ની તુલનામાં બમણું થયું, ઈંડાનું ઉત્પાદન પણ છેલ્લા 12 વર્ષોમાં બમણું થયું છે.
- આ સમય દરમિયાન દેશમાં 6 મોટી ફર્ટિલાઈઝર ફેક્ટરીઓ ઊભી કરવામાં આવી છે. 25 કરોડથી વધુ સોઈલ હેલ્થ કાર્ડ ખેડૂતોને મળ્યા છે.
- 1 કરોડ હેક્ટર જમીનમાં સૂક્ષ્મ સિંચાઈની સુવિધા પહોંચી છે.
- પીએમ ફસલ બીમા યોજનાથી લગભગ બે લાખ કરોડ રૂપિયા દાવા રૂપે ખેડૂતોને મળ્યા છે.
- 12 વર્ષમાં 10 હજારથી વધુ ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) બન્યા છે.

## વૈશ્વિક કૃષિ બજારમાં ભારત

- કૃષિ નિકાસથી થતી આવક નાણાકીય વર્ષ 2020માં 34.5 અબજ ડૉલર હતી, જ્યારે નાણાકીય વર્ષ 2025માં વધીને 51.1 અબજ ડૉલર થઈ ગઈ.
- નાણાકીય વર્ષ 2025માં પ્રસંસ્કરણ કરેલા ખાદ્ય ઉત્પાદનો સહિત કૃષિ ખાદ્ય નિકાસ 49.43 અબજ અમેરિકી ડૉલર થઈ, જે કુલ નિકાસમાં લગભગ 11.2% છે.




> ***આઝાદીના આટલા દાયકાઓ બાદ આજે દેશમાં એવી સરકાર આવી છે જે ખેડૂતનું દુઃખ-દર્દ સમજે છે, ખેડૂતની ચિંતા સમજે છે. તેથી ભારત સરકાર દ્વારા સતત ખેડૂત હિતમાં નિર્ણયો લેવામાં આવ્યા છે. અમે બીજથી બજાર સુધી ખેડૂતો માટે નવી વ્યવસ્થાઓનું નિર્માણ કર્યું છે.***
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**




# રાષ્ટ્ર નિર્માણ

## વિકસિત ભારતનો સંકલ્પ જ 'રાષ્ટ્રનીતિ'

*અંગ્રેજીમાં એક કહેવત છે કે size of the cake matters એટલે જેટલી મોટી કેક હશે તેનો તેટલો મોટો હિસ્સો લોકોને મળશે. આ જ વિચાર સાથે કેન્દ્ર સરકારે ભારતની અર્થવ્યવસ્થાને પાંચ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. અર્થવ્યવસ્થાનું કદ જેટલું મોટું હશે, સ્વાભાવિક રીતે દેશની સમૃદ્ધિ તેટલી જ વધુ હશે. આ જ સમૃદ્ધિ દરેક પરિવારની, દરેક વ્યક્તિની આવક અને જીવનસ્તરમાં પણ પરિવર્તન લાવે છે. આ વિચાર જ આજે ભારતીય અર્થવ્યવસ્થાની યાત્રાનો આધાર બન્યો છે. તેવી જ રીતે, માળખાગત સુવિધાઓ કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો પાયાનો પથ્થર હોય છે. તે માત્ર ઉત્પાદન અને લોજિસ્ટિક્સની સ્પર્ધાત્મકતાને મજબૂત બનાવવા પૂરતી વાત નથી, પરંતુ સામાજિક સમરસતાને પણ વધુ દૃઢ બનાવે છે અને આર્થિક વિકાસની ગાથાને નવી ઊંચાઈ આપે છે. આ વિકાસ ગાથામાં જ્યારે વિજ્ઞાન-ટેકનોલોજી જોડાય છે ત્યારે વેપારની સરળતા જનવિશ્વાસ પેદા કરે છે, જીવનની સરળતામાં વધારો થાય છે. છેલ્લા 12 વર્ષોની રાષ્ટ્ર નિર્માણની યાત્રામાં હવે અષ્ટલક્ષ્મી એટલે કે પૂર્વોત્તર પ્રદેશ પણ વિકાસનું એક મહત્વપૂર્ણ એન્જિન બની ગયો છે. એટલે સર્વાંગી વિકાસની વિચારસરણીથી સામાજિક વિકાસ અને આર્થિક સંતુલનની દિશામાં પગલાં ભરવામાં આવ્યા છે, અને સાથે જ નીતિગત સુધારાઓએ રાષ્ટ્ર નિર્માણનો નવો અધ્યાય લખીને વિકસિત ભારતના સંકલ્પની સિદ્ધિનો માર્ગ સુગમ કર્યો છે.*

# આર્થિક વિકાસ

## અર્થવ્યવસ્થાની અમૃત યાત્રા

*સમગ્રતામાં વિકાસની વિચારસરણીથી સામાજિક વિકાસ અને આર્થિક સંતુલનની દિશામાં પગલાં આગળ વધારવામાં આવ્યા જેનાથી નીતિગત સુધારાઓએ આર્થિક વિકાસનો નવો અધ્યાય લખી નાખ્યો. અર્થવ્યવસ્થા અને આર્થિક વિષયોને પણ જન-જન સાથે એવી રીતે જોડવામાં આવ્યા કે દરેક નાગરિક પોતે સહભાગી હોય તેવું અનુભવવા લાગ્યો. તેમને લાગ્યું કે કોઈક છે જે તેમની પણ ચિંતા કરે છે. કર સુધારા હોય કે પછી અર્થવ્યવસ્થાને દિશા આપવાની પહેલ હોય, GST હોય કે કરદાતા અધિકારપત્ર - ફેસલેસ વ્યવસ્થા હોય, માળખાકીય સુધારાઓએ અર્થવ્યવસ્થાને નવી દિશા આપી છે અને ભારતની વિકસતી અર્થવ્યવસ્થાની નવી ગાથાની શરૂઆત થઈ ગઈ છે...*



### વિકસિત દેશો સાથે મુક્ત વેપાર સમજૂતી

- ભારતની અર્થવ્યવસ્થા સતત નવી ઊંચાઈઓને સ્પર્શી રહી છે. વિદેશી વેપાર એટલે કે નિકાસમાં સતત નવા રેકોર્ડ નોંધાઈ રહ્યા છે.
- આર્થિક વિકાસની ઝડપી ગતિ પાછળનું સૌથી મોટું કારણ છેલ્લા વર્ષોમાં મુક્ત વેપાર કરારો દ્વારા વૈશ્વિક સ્તરે ભારતીય બજારને મળેલું વિસ્તરણ રહ્યું છે.

ભારતે 27 એપ્રિલ, 2026ના રોજ ન્યુઝીલેન્ડ સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા, જે છેલ્લા વર્ષોમાં

**38** વિકસિત દેશો

સાથે ભારતનો નવમો કરાર છે.

### વિકાસની ગતિમાં મજબૂતી

**ભારત વર્ષ 2025માં જાપાનને પાછળ રાખીને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું.**

2030 સુધીમાં કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) **7.3** ટ્રિલિયન અમેરિકી ડૉલર સુધી પહોંચવાનો અંદાજ છે.




- વૈશ્વિક વેપાર અને નીતિગત અનિશ્ચિતતાઓ વચ્ચે મજબૂત સ્થાનિક માંગના કારણે નાણાકીય વર્ષ 2025-26ના બીજા ત્રિમાસિક ગાળામાં ભારતનો વાસ્તવિક GDP 8.2 ટકા દરે વધ્યો, જે 2024-25ના ચોથા ત્રિમાસિક ગાળાના 7.4 ટકાથી વધુ છે. આ વિશ્વની તમામ મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી વધુ છે.
- ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રોમાં આવેલા ઉછાળાના કારણે વાસ્તવિક ગ્રોસ વેલ્યુ એડેડમાં 8.1 ટકાનું વિસ્તરણ થયું છે.

### દુનિયામાં સૌથી ઝડપથી વધતી અર્થવ્યવસ્થા

- વિશ્વ બેંકનો અંદાજ છે કે ભારતની અર્થવ્યવસ્થા 2026-27માં લગભગ 6.6% દરે વધશે. આ દુનિયાની સૌથી ઝડપથી વધતી મોટી અર્થવ્યવસ્થા રહેશે.

### વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક

- આઉટલુક 2026 મુજબ ભારતનો વિકાસ દર 6.5% રહેવાનો અંદાજ છે જ્યારે વિકસિત દેશો માટે 1.8% રહેશે, વિકાસશીલ દેશો માટે 3.9% અને સમગ્ર દુનિયા માટે 3.1% રાખવામાં આવ્યો છે.
- અમેરિકા 2.3% • જર્મની: 0.8% • બ્રિટન : 0.8%
- ચીનઃ 4.4% • બ્રાઝિલઃ 1.9% રાખવામાં આવ્યો છે.

## આત્મનિર્ભરતાથી વધતી નિકાસ

**નાણાકીય સવર્ષ 2025-26માં ભારતની માલ અને સેવા નિકાસ વિક્રમી 860.09 અબજ અમેરિકી ડૉલર સુધી પહોંચી, જે વર્ષ 2014માં 479 અબજ ડૉલર હતી.**



**48** **અબજ ડૉલરની થઈ ઈલેક્ટ્રોનિક સામાનની નિકાસ 2025-26માં જ્યારે 2014-15માં 6.3 અબજ ડૉલરની નિકાસ થઈ હતી. આ 20.3%નો સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર છે.**

- 52.6 અબજ ડૉલર થઈ ભારતનો કૃષિ, બાગાયત અને સમુદ્રી ઉત્પાદનોની નિકાસ નાણાકીય વર્ષ 2025-26માં જ્યારે 2013-14માં 39.6 અબજ ડૉલર હતી.

### 166 ગણી થઈ મોબાઈલ ફોનની નિકાસ






### 20 ગણી થઈ સંરક્ષણ નિકાસ






## આર્થિક શક્તિ વધારતા MSME



**7.47**

**કરોડથી વધુ MSME મેન્યુફેક્ચરિંગ, સેવા અને વેપાર પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે.**

**31.1%**

**છે ભારતના GDPમાં આ ક્ષેત્રનું યોગદાન.**

**48.58%** **યોગદાન છે દેશની કુલ નિકાસમાં.**

**35.4%**

**હિસ્સો મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રના ઉત્પાદનમાં MSMEનો છે.**

**32.8**

**કરોડ વસ્તીને આજીવિકા પૂરી પાડે છે MSME.**

## મજબૂતીની ઓળખ આપતા આંકડા

**357.14**

**લાખ કરોડ રૂપિયાનો GDP વર્તમાન મૂલ્ય પર ભારતનું નાણાકીય વર્ષ 2025-26માં રહેશે તેવો અંદાજ.**

**484**

**લાખ કરોડ રૂપિયાના BSE માર્કેટ કેપિટલાઈઝેશન એ ભારતીય શેર બજારની વધતી શક્તિને દર્શાવી. (આંકડા 14 મે, 2026ના છે.)**

- 20.41 લાખ કરોડ રૂપિયાની વેચાણ PLI યોજના હેઠળ માર્ચ 2026 સુધી નોંધાઈ.
- 135.4 અબજ ડૉલરનું રેમિટન્સ પ્રાપ્ત કરી ભારત 2025-26માં દુનિયાનો સૌથી મોટો રેમિટન્સ પ્રાપ્ત કરનાર દેશ બન્યો.
- 1.89% (4.03 લાખ કરોડ રૂપિયા) રહ્યો અનુસૂચિત વાણિજ્યિક બેંકોનો NPA રેશિયો ડિસેમ્બર 2025માં, જ્યારે માર્ચ 2015માં 4.28% (3.23 લાખ કરોડ રૂપિયા) હતો. વર્તમાન NPA ઘણા દાયકાઓના સૌથી નીચા સ્તર પર છે.
- 22 લાખ કરોડ રૂપિયાથી વધુની વિક્રમી GST વસૂલાત 2025-26માં થઈ, જે ભારતની મજબૂત કર વ્યવસ્થાનું પ્રમાણ છે.
- 3.99 લાખ કરોડ રૂપિયાની રકમ IBC મારફતે સપ્ટેમ્બર 2025 સુધી ઋણદાતાઓને પાછી અપાવવામાં આવી.

**701**
**અબજ ડૉલર**



*નજીક જાન્યુઆરી, 2026માં ભારતનું વિદેશી વિનિમય ભંડાર, માર્ચ 2025માં 668.3 અબજ ડૉલર હતું.*

## હવે વધુ ખર્ચ માટે પૈસા બચશે

**12.75** લાખ રૂપિયા સુધીના પગારદારની વાર્ષિક આવક પર નવી કર વ્યવસ્થામાં હવે કોઈ આવકવેરો ચુકવવો નહીં પડે.



**સરકાર પર વિશ્વાસ વધ્યો...**
*IT રિટર્ન ફાઈલ કરવાની સંખ્યા ત્રણ ગણી થઈ*




**28** લાખ કરોડ રૂપિયાથી વધુ રહ્યું 2025-26નું કુલ પ્રત્યક્ષ કર કલેક્શન

- નેક્સ્ટ-જેન GST એ કરવ્યવસ્થાને સરળ બનાવી, કરદાતા આધારને 1.5 કરોડ સુધી વિસ્તૃત કર્યો, જેના પરિણામે એપ્રિલ 2025માં 2.36 લાખ કરોડ રૂપિયાની GST વસૂલાત થઈ.

**2.43**
**લાખ કરોડ રૂપિયાની GST વસૂલાત એપ્રિલ 2026માં થઈ.**




**10.9%**

**સુધી ભારતની કર આવક (GDPના ગુણોત્તરમાં) 2026-27માં પહોંચશે તેવો અંદાજ છે. આ આંકડો 2025-26ના સુધારેલા અંદાજ 10.8% કરતાં થોડો વધુ છે.**

## વિકાસ અને સમૃદ્ધિને વધારી રહ્યા છે નવા રોજગાર

- ભારતનો ઘટતો બેરોજગારી દર તેની આર્થિક ગતિની મજબૂતી દર્શાવે છે.
- 2025નું PLFS સર્વેક્ષણ બેરોજગારીમાં ભારે ઘટાડાની સાથે સાથે ભાગીદારી અને શ્રમિક જનસંખ્યા સપ્રમાણતામાં નોંધપાત્ર સુધારો દર્શાવે છે.
- નવેમ્બર 2025માં, 15 વર્ષ અને તેથી વધુ વયના વ્યક્તિઓ માટે બેરોજગારી દર ઘટીને 4.8 ટકા રહ્યો, જે ઓક્ટોબર 2025માં 5.4 ટકા હતો.
- આ એપ્રિલ 2025 (5.1 ટકા) પછીનું સૌથી નીચું સ્તર છે.



# ભારતના આધારને મજબૂત કરે છે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર

*નવા ભારતનું નિર્માણ સાહસિક સુધારાઓ અને અભૂતપૂર્વ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી જ શક્ય છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત વિકાસને કેન્દ્રમાં રાખીને જળ, સ્થળ, અવકાશ – દરેક ક્ષેત્રમાં દેશ અસાધારણ ગતિ અને વ્યાપ સાથે કામ કરી રહ્યો છે. ભારતના સૌભાગ્યની હસ્તરેખાઓ બની ગયેલા સેંકડો પુલ, સંસદ ભવન, ભારત મંડપમ, યશોભૂમિ જેવી ઇમારતો આત્મનિર્ભર ભારતની મૂળભૂત વિચારધારાનું પ્રતિબિંબ બની ગઈ છે. હવે પોતાની સ્વતંત્રતાના શતાબ્દી વર્ષના દ્વાર પર ઉભેલું ભારત, પાયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઝડપી વિકાસ કરવાની સાથે સાથે વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં માર્ગ મોકળો કરી રહ્યું છે...*

### ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર 12 વર્ષમાં સરકારે ખર્ચ 6 ગણો વધાર્યો




## આધુનિક ભારતને મજબૂતી આપશે 2,000 ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ

**41.5**

**લાખ કરોડ રૂપિયાના 1,900થી વધુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ પર દેશમાં માર્ચ 2026માં કામ કાર્ય ચાલી રહ્યું છે. દરેક પ્રોજેક્ટની કિંમત 150 કરોડ રૂપિયાથી વધુ છે.**

- ભારત સરકાર PM ગતિ શક્તિ પ્લેટફોર્મ પર કેન્દ્રિય ક્ષેત્રના આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની દેખરેખ કરી રહી છે. તે સમયસર સમીક્ષા અને ડેટા-આધારિત નિર્ણય લેવામાં મદદ કરે છે.
- દેશભરમાં ચાલી રહેલા આ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ પર માર્ચ 2026 સુધીમાં લગભગ 20 લાખ કરોડ ખર્ચ થઈ ચૂક્યા છે, જે પ્રોજેક્ટના સુધારેલા ખર્ચના લગભગ 48.02 ટકા છે.

**1,428**

**પ્રોજેક્ટ પરિવાહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર (સૌથી વધુ) સાથે જોડાયેલા છે, જેના પર 22.66 લાખ કરોડનો ખર્ચ થઈ રહ્યો છે. આ દર્શાવે છે કે દેશ કનેક્ટિવિટી આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને પ્રાથમિકતા આપી રહ્યો છે.**

**777**

**પ્રોજેક્ટની પ્રગતિ 80%થી વધુ થઈ ચૂકી છે.**

**1,941**

**નિર્માણાધીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં 786 મેગા પ્રોજેક્ટ્સ છે, જેમની કિંમત 1,000 કરોડ રૂપિયા અથવા તેથી વધુ છે.**

### હવે પ્રોજેક્ટ્સ અટકતા કે લટકતા નથી

- પ્રગતિ એટલે પ્રો-એક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઈમલી ઈમ્પ્લિમેન્ટેશન જેની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2015માં કરી હતી, જેમાં ટેકનોલોજીની મદદથી પ્રોજેક્ટ્સની દેખરેખ તેમના નેતૃત્વ હેઠળ કરવામાં આવે છે.
- પ્રોજેક્ટ્સમાં થતા વિલંબમાં ઘટાડો થયો છે અને ખર્ચમાં વૃદ્ધિને પણ રોકવામાં આવી છે.

**85**

**લાખ કરોડ રૂપિયા કરતાં વધુ મૂલ્યના 382થી વધુ પ્રોજેક્ટ્સની સમીક્ષા પ્રગતિ દ્વારા કરવામાં આવી છે. જ્યાં અવરોધો હતા, તેને પ્રધાનમંત્રી મોદીના નિર્દેશથી સમયસર દૂર કરવામાં આવ્યા હતા.**



## ભારતમાં વિશ્વનું બીજું સૌથી મોટું માર્ગ નેટવર્ક




**3,052** કિમી થઈ છે નિયંત્રિત રાષ્ટ્રીય હાઈ સ્પીડ કોરિડોર / એક્સપ્રેસવેની લંબાઈ, 2014માં હતી માત્ર 93 કિમી હતી.

**22,223** કિમી રાષ્ટ્રીય ધોરીમાર્ગનું નિર્માણ ફેબ્રુઆરી, 2026 સુધી ભારતમાલા કાર્યક્રમ હેઠળ થયું, 26,425 કિમીને મંજૂરી આપવામાં આવી છે.



## રેલવે બની સ્વચ્છ, સુરક્ષિત અને ઝડપી

- રેલવેને મળતી બજેટ સહાયમાં નવ ગણો વધારો થયો, 2014-15માં 32,000 કરોડ રૂપિયા હતા, 2025-26માં 2.78 લાખ કરોડ રૂપિયા મળ્યા.

**1,338** સ્ટેશનોને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકસિત કરવામાં આવી રહ્યા છે, 200થી વધુનું કામ પૂર્ણ થઈ ગયું છે. 119 સ્ટેશનોનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2025-26માં કર્યું હતું.

**139**

ટર્મિનલ પીએમ ગતિ શક્તિ હેઠળ શરૂ કરાયા, 300 વધુ સ્થળોને નવા ટર્મિનલ વિકસાવવા માટે મંજૂરી આપવામાં આવી છે.

**162**

વંદે ભારત ટ્રેન સેવા શરૂ, 4,500 ટ્રેન સેટનું લક્ષ્ય. 2030 સુધીમાં 800 ટ્રેન દોડશે.

- ગુવાહાટી-હાવડા (આસામ-પશ્ચિમ બંગાળ) માર્ગ પર જાન્યુઆરી 2026માં વંદે ભારત સ્લીપર સેવા શરૂ, વંદે ભારત સ્લીપર ટ્રેનોના 260 ટ્રેન સેટ બનાવવાની યોજના છે.
- 51 કિલોમીટર લાંબી બૈરાબી-સૈરાંગ રેલવે લાઈન પૂર્ણ થવાથી મિઝોરમ હવે ભારતના રેલવે નેટવર્ક સાથે જોડાઈ ગયું છે.
- કાશ્મીર ઘાટીમાં રેલ દ્વારા માલ પરિવહન અને આર્થિક જોડાણ મજબૂત થયું. 22 જાન્યુઆરી 2026ના રોજ 42 ડબ્બાવાળી પ્રથમ સંપૂર્ણ માલગાડી 2,768 મેટ્રિક ટન ચોખા લઈને અનંતનાગ પહોંચી.
- 7 નવા હાઈસ્પીડ રેલ કોરિડોર વિકસાવવામાં થશે. લગભગ 4,000 કિમી નેટવર્ક બનશે. 16 લાખ કરોડ રૂપિયાના રોકાણની અપેક્ષા.

## સમુદ્રી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂતી

**અધિસૂચિત રાષ્ટ્રીય જળમાર્ગ**

વર્ષ 2014માં 5 હતા, જે વર્ષ 2026માં 111 થઈ ગયા.

**ભારતીય ધ્વજવાળા જહાજની સંખ્યા**

2014માં 1,250 હતી, 2026માં 1,593 થઈ.

**મુખ્ય બંદરોની ક્ષમતા લગભગ બમણી**

વર્ષ 2014માં 873 MMTPA હતી, 2026માં 1,726 MMTPA થઈ.



“

*આજે દેશમાં ખૂબ ઝડપથી મેગા પ્રોજેક્ટ્સ પર કામ થઈ રહ્યું છે. ઉત્તર તરફ જોઈએ તો જમ્મુ કાશ્મીરમાં વિશ્વના સૌથી ઊંચા રેલ બ્રિજોમાંથી એક, ચિનાબ બ્રિજ બન્યો છે. પશ્ચિમમાં જઈએ તો મુંબઈમાં દેશનો સૌથી લાંબો સી બ્રિજ, અટલ સેતુ બન્યો છે. પૂર્વમાં જઈએ તો આસામના બોગીબીલ બ્રિજના દર્શન થાય છે. દક્ષિણમાં વિશ્વના જૂજ વર્ટિકલ લિફ્ટ બ્રિજોમાંથી એક, પંબન બ્રિજનું નિર્માણ પૂર્ણ થયું છે. દેશની પહેલી બુલેટ ટ્રેન પર ઝડપથી કામ ચાલી રહ્યું છે.*

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

કવર સ્ટોરી
વિકાસ યાત્રાનાં
12 વર્ષ



## મેટ્રો રેલ નેટવર્ક

**1,155**

કિલોમીટર ભારતનું મેટ્રો નેટવર્ક 2026માં થઈ ગયું છે, જ્યારે વર્ષ 2014માં ભારતનું મેટ્રો નેટવર્ક 248 કિલોમીટર હતું.

- કેન્દ્રીય બજેટ 2026-27માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર જોખમ ગેરંટી ફંડ અને નગર આર્થિક ક્ષેત્ર જેવા નવા ઉપાયો રજૂ કરવામાં આવ્યા છે, જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત વિકાસ અને સંતુલિત શહેરી વિકાસને મજબૂત કરે છે.
- સરકારી સંપત્તિના મોનેટાઈઝેશનથી 1.5 લાખ કરોડ રૂપિયા કરતાં વધુ રકમ પ્રાપ્ત થઈ છે, જેના કારણે નવી યોજનાઓમાં નાણાંને ફરીથી પ્રવાહિત કરી શકાયા છે. આનાથી વૈશ્વિક રોકાણકારો આકર્ષાયા છે.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ખાનગી ભાગીદારી વધી

વર્લ્ડ બેંકના જણાવ્યા અનુસાર, ભારત દક્ષિણ એશિયામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ખાનગી ભાગીદારી (PPI) રોકાણનો સૌથી મોટો પ્રાપ્તકર્તા બનીને ઉભર્યું છે, જે આ ક્ષેત્રના કુલ રોકાણનો 90% કરતાં વધુ છે.



## ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચથી નોકરીઓ વધે છે

- આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળનું કહેવું છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કરવામાં આવેલા દરેક લગભગ 8.3 કરોડ રૂપિયાના રોકાણથી 7 થી 30 નવી નોકરીઓ ઊભી થાય છે. તેનો સીધો લાભ સ્ટીલ, સિમેન્ટ અને પરિવહન ક્ષેત્રોને થાય છે, જ્યાં રોજગારના નવા અવસરો ઝડપથી વધે છે.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર માત્ર એક વર્ષમાં 12 લાખ કરોડથી વધુ ખર્ચ કરવાથી કરોડો લોકોને રોજગાર મળશે. એક અંદાજ પરથી માલુમ પડે છે કે ફક્ત નિર્માણ ક્ષેત્રમાંથી જ 2030 સુધીમાં 10 કરોડ લોકોને નોકરી મળવાની આશા છે.

## ગ્રામ્ય કનેક્ટિવિટીમાં વધારો...

## પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના




**8.25**

લાખ કિલોમીટર ગ્રામ્ય રસ્તાઓને શરૂઆતથી ડિસેમ્બર 2025 સુધી મંજૂરી આપવામાં આવી.

**7.87** લાખ કિલોમીટર રસ્તાઓ ડિસેમ્બર 2025 સુધીમાં બનાવવામાં આવ્યા.

## પીએમ ગતિ શક્તિએ ઈન્ફ્રા પ્રોજેક્ટને ગતિ આપી

**16.10** લાખ કરોડ રૂપિયાના કુલ અંદાજિત ખર્ચના 352 ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું પીએમ ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનના નેટવર્ક પ્લાનિંગ ગ્રૂપ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.

પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી, જેમાંથી 167 પ્રોજેક્ટ્સ અમલીકરણ હેઠળ છે.



# વિજ્ઞાન-ટેકનોલોજી એટલે પારદર્શિતા અને પરિવર્તનનો યુગ

*શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે - જ્ઞાનમ્ વિજ્ઞાન સહિતમ્ યત્ જ્ઞાત્વા મોક્ષ્યસે અશુભાત્. એટલે કે, જ્યારે જ્ઞાન સાથે વિજ્ઞાન જોડાઈ જાય છે, જ્યારે જ્ઞાન અને વિજ્ઞાનનો પરિચય થાય છે, ત્યારે વિશ્વની તમામ સમસ્યાઓ અને સંકટોમાંથી મુક્તિનો માર્ગ આપોઆપ ખુલ્લો થઈ જાય છે. ઉકેલનો, વિકાસનો અને ઈનોવેશનનો આધાર વિજ્ઞાન જ છે. આ જ પ્રેરણાથી આજે નવું ભારત, જય જવાન, જય ખેડૂત, જય વિજ્ઞાન સાથે જ જય અનુસંધાનનું આહ્વાન કરીને આગળ વધી રહ્યું છે. વિજ્ઞાન અને ટેકનોલોજી ભારતના વિકાસનું મુખ્ય સાધન બનીને નવા ભારતની ગાથા લખી રહ્યા છે...*

## ગ્લોબલ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઈન્ડેક્સમાં ઊંચાઈ સર કરતું ભારત

**ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ (GII) 2025**

**ભારતે દુનિયાની ટોચની ઈનોવેટિવ ઈકોનોમીમાં 38મો ક્રમ પ્રાપ્ત કર્યો.**

**WIPO રિપોર્ટ 2023**

**ભારત દુનિયામાં ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ફાઈલિંગના મામલે છઠ્ઠા સ્થાન પર છે.**

**નેટવર્ક રેડીનેસ ઈન્ડેક્સ 2024**




- NRI દુનિયાભરની 133 ઈકોનોમીમાં માહિતી અને કમ્યુનિકેશન ટેકનોલોજીના ઉપયોગ અને અસર અંગેના મુખ્ય વૈશ્વિક ઈન્ડેક્સમાંથી એક છે.



- રિસર્ચ પબ્લિકેશનના મામલે ભારત દુનિયામાં ત્રીજા સ્થાન પર છે.

## વિતેલા એક દાયકામાં પરિવર્તન

- રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પરનો ખર્ચ બમણો થયો છે.
- મંજૂર થયેલ પેટન્ટની સંખ્યા 1 લાખને પાર પહોંચી, 2014માં 5,978 હતી. પેટન્ટની સંખ્યા 17 ગણી વધી.
- 2,00,000થી વધુ સ્ટાર્ટઅપ્સ સાથે ભારત હવે દુનિયાનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ગયું છે.

**6,000** **થી વધુ ડીપ ટેક સ્ટાર્ટઅપ્સ છે, જે ક્લિન એનર્જી, એડવાન્સ્ડ મટીરિયલ જેવા ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે.**

- ભારતનું સેમિકન્ડક્ટર ક્ષેત્ર પણ હવે ઉડાન ભરી ચૂક્યું છે. સેમિકન્ડક્ટર મિશન 2.0ની શરૂઆત થશે.

**બાયો-ઈકોનોમી**




**રાષ્ટ્રીય ક્વાન્ટમ મિશન**

**4 થીમેટિક હબ સ્થાપિત કરવામાં આવ્યા, જેમાં 43 સંસ્થાઓના 152 સંશોધકો અને 17 પ્રોજેક્ટ ટીમો સામેલ છે.**

- દુનિયાનું સૌથી પહેલું અને સફળ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભારત પાસે છે. 2.18 લાખ ગ્રામ પંચાયતોને ઑપ્ટિકલ ફાઈબર સાથે જોડવામાં આવી છે.
- ભારત અંતરિક્ષ કાર્યક્રમોમાં ગત વર્ષોમાં ચંદ્ર અને મંગળ સુધી પહોંચ્યું છે તો તે ટેકનોલોજીના લાભોથી ખેડુતો અને માછીમારોને પણ જોડવામાં આવ્યા છે.
- મહિલાઓ દ્વારા દર વર્ષે 5,000થી વધુ પેટન્ટ ફાઈલિંગ થઈ રહી છે.
- INSPIRE MANAK એ સમગ્ર દેશમાં STEM શિક્ષણને પ્રોત્સાહન આપ્યું છે. વર્ષ 2025-26માં શાળાઓમાંથી કુલ 11.47 લાખ વિચારો અને આવિષ્કારો એકત્રિત કરવામાં આવ્યા. નોંધણીઓમાં 52% દીકરીઓ હતી.
- STEM શિક્ષણમાં મહિલાઓની ભાગીદારી 43% થઈ, જે વૈશ્વિક સરેરાશ કરતાં વધુ છે.
- 10,000 ટિંકરિંગ લેબ્સ બનાવવામાં આવી, જેમાં 1 કરોડથી વધુ બાળકો પ્રયોગો કરી રહ્યા છે. આ સફળતા પછી હવે 25 હજાર નવી અટલ ટિંકરિંગ લેબ્સ બનાવવા માટે ભારત કાર્યરત છે.
- છેલ્લા કેટલાક વર્ષોમાં 7 નવી IIT અને 16 IIIT પણ સ્થાપિત થઈ ચૂકી છે.
- નવી શિક્ષણ નીતિમાં યુવાનો હવે વિજ્ઞાન અને એન્જિનિયરિંગ જેવા STEM કોર્સ પોતાની સ્થાનિક ભાષામાં કરી શકે છે.
- આજે રિટેલથી લઈને લોજિસ્ટિક્સ સુધી, કસ્ટમર સર્વિસથી લઈને બાળકોના હોમવર્ક સુધી, દરેક જગ્યાએ AI નો ઉપયોગ થઈ રહ્યો છે. આ જ કડીમાં ભારત ઈન્ડિયા AI મિશનમાં 10,000 કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કરી રહ્યું છે.

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડિજિટલ ટેક્નોલોજીને જે રીતે અપનાવી છે, તે રીતે કોઈ બીજા નેતાએ નથી અપનાવી. રાજનીતિ અને નીતિમાં તેમણે જે રીતે તેનો ઉપયોગ કર્યો છે, તેના ઘણા પુરાવા મળી ચૂક્યા છે.**

## ભારતની ડિજિટલ ઊંચાઈ

**5G સેવા માત્ર 22 મહિનામાં દેશના 99.6% જિલ્લાઓ સુધી પહોંચી, જે દુનિયાના સૌથી ઝડપી રોલઆઉટમાંની એક છે.**

**હવે દેશના 99.9% જિલ્લાઓમાં 5G સેવાઓ ઉપલબ્ધ છે.**

- 5Gથી ભારતમાં નવી ટેક્નોલોજીના ઉપયોગ માટે મોટી તકો ખુલી છે. તેનાથી ખેતી, આરોગ્ય, શિક્ષણ, પરિવહન, સ્માર્ટ સિટી, ઉદ્યોગ અને નાણાકીય સેવાઓ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં મોટું પરિવર્તન આવશે.
- ઈન્ટરનેટ ડેટાની કિંમતમાં 97.07% ઘટાડો આવ્યો છે, જેના કારણે સામાન્ય લોકો માટે ઈન્ટરનેટ સસ્તું અને સરળ બન્યું છે.
- 6G ટેક્નોલોજીમાં ભારત દુનિયામાં અગ્રણી દેશ બનશે, લક્ષ્ય છે કે 6G સંબંધિત વૈશ્વિક પેટન્ટમાં લગભગ 10% યોગદાન હોય, અત્યાર સુધી ભારત લગભગ 4,000 પેટન્ટ આપી ચૂક્યું છે.

**7.22** લાખ કિમી ઑપ્ટિકલ ફાઈબર કેબલ ભારતનેટ યોજનામાં પથરાઈ ચૂક્યો છે, જેના કારણે દેશભરમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી મજબૂત બની છે.

**ભારતમાં ઈન્ટરનેટ કનેક્શનની સંખ્યા**

| ડિસેમ્બર 2025 | 2014 |
|---|---|
| 102.9 કરોડ | 25.5 કરોડ |

છેલ્લા 12 વર્ષમાં 300% કરતાં વધુ વધારો થયો.

**આટલા રૂપિયામાં હવે 1GB ડેટા મળે છે**

| ડિસેમ્બર 2025 | 2014 |
|---|---|
| ₹7.87 | ₹308 |

- 127.33 કરોડ મોબાઈલ વપરાશકર્તાઓની સંખ્યા ફેબ્રુઆરી 2026 સુધીમાં નોંધાઈ. ડિજિટલ વ્યવસ્થાના કારણે પૈસા મોકલવા અને સામાન ખરીદતી વખતે ચૂકવણી કરવાનું સરળ અને ઝડપી બન્યું છે.
- મોબાઈલ ત્રિશક્તિના કારણે સરકારી યોજનાઓનો લાભ સીધો યોગ્ય લોકોને મળી રહ્યો છે. ડુપ્લિકેશન અને છેતરપિંડીમાં ઘટાડો આવ્યો છે.



## ટેક્નોલોજીએ પાછા અપાવ્યા ચોરાયેલા મોબાઈલ



**10** લાખ ખોવાયેલા અથવા ચોરાયેલા મોબાઈલ ફોન પણ સંચાર સાથી પહેલ દ્વારા પાછા અપાવવામાં આવ્યા છે.

આ ટેલિકોમ સંસાધનોના ખોટા ઉપયોગને રોકવા માટેનો ટેક્નોલોજી આધારિત ઉકેલ છે.

અહીં શંકાસ્પદ અથવા છેતરપિંડીવાળા કૉલ/મેસેજની ફરિયાદ કરી શકાય છે, મોબાઈલ ચોરીની જાણ કરી શકાય છે અને મોબાઈલ સેટ અસલી છે કે નકલી તે પણ તપાસી શકાય છે.

**2** કરોડથી વધુ એપ ડાઉનલોડ થઈ છે.

**2,300** કરોડ રૂપિયાથી વધુના છેતરપિંડીવાળા વ્યવહારો મે, 2025માં શરૂઆત પછીથી ફાઈનાન્શિયલ ફ્રોડ રિસ્ક ઈન્ડિકેટર (FRI)ની મદદથી રોકવામાં આવ્યા છે.

> ***"જ્યારે સાયન્સને વ્યાપકતા મળે છે, જ્યારે ઈનોવેશન સમાવેશી બને છે અને જ્યારે ટેક્નોલોજી પરિવર્તન લાવે છે, ત્યારે મોટી ઉપલબ્ધિઓનો પાયો મજબૂત થાય છે. છેલ્લા 10-11 વર્ષોમાં ભારતની યાત્રા આ જ વિઝનનું ઉદાહરણ છે. ભારત હવે ટેક્નોલોજીનો માત્ર કન્ઝ્યુમર નથી, પરંતુ ટેક્નોલોજી દ્વારા પરિવર્તનનું પાયોનિયર બની ગયું છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

# સુધારાઓથી ઉદ્યોગો માટેનો માર્ગ સરળ બન્યો

*ભારતને વ્યવસાય અને રોકાણ માટે વધુ આકર્ષક બનાવવાની કડીમાં ભારત સરકાર વેપાર સુધાર કાર્ય યોજના બનાવીને વ્યાપક સુધારાઓની શ્રેણી પર સતત કામ કરી રહી છે. તેમાં શ્રમ, પર્યાવરણ, જમીન વહીવટ અને કરવેરા સહિતના અનેક વિષયો સામેલ છે. સુધારાઓથી દેશમાં વ્યવસાય સ્થાપિત કરવા માટે લાગતો સમય અને ખર્ચ બંનેમાં મોટો ઘટાડો આવ્યો છે. વર્તમાન કેન્દ્ર સરકાર ઈચ્છે છે કે અનુકૂળ વાતાવરણથી ભારતમાં નવા રોકાણ, નવા વ્યવસાય અને નવા રોજગારના અવસર વધે...*

## ભારત સરકાર વેપાર સુધાર કાર્ય યોજના (BRAP) હેઠળ અનેક મોટા સુધારા કરી રહી છે જેથી વેપાર કરવાનું સરળ બની શકે.

- BRAPના 7 સંસ્કરણોમાં રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 9,700થી વધુ સુધારાઓ કરવામાં આવ્યા છે.
- શ્રમ, પર્યાવરણ, જમીન અને કર સાથે જોડાયેલા નિયમો સરળ બનાવાયા છે.
- પર્યાવરણ મંજૂરી અને નોંધણી પ્રક્રિયા સરળ અને ડિજિટલ બની ગઈ.
- જમીનના ઉપયોગ એટલે કે લેન્ડ યુઝ બદલવાની પ્રક્રિયા સરળ અને ઑનલાઈન થઈ ગઈ.
- ઉદ્યોગો માટે જમીનની માહિતી GIS અને ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીયલ લેન્ડ બેંક સાથે જોડાઈ.
- બિલ્ડિંગ બનાવવાના નિયમોમાં ફેરફાર કરીને જમીનનો વેડફાટ ઓછો કરવામાં આવ્યો.
- બિલ્ડિંગની મંજૂરી માટે થર્ડ પાર્ટી એટલે કે ખાનગી એજન્સીઓની મદદ લેવામાં આવી રહી છે.
- ઓક્યુપેશનલ/કમ્પ્લીશન સર્ટિફિકેટ હવે ઑનલાઈન અને સરળ પ્રક્રિયા દ્વારા મળે છે.
- અનેક કાયદાઓમાં નાના ઉલ્લંઘનોને ગુનાની શ્રેણીમાંથી દૂર કરવામાં આવ્યા છે.
- 32 કેન્દ્રીય મંત્રાલય વિભાગો અને 33 રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશોને નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ (NSW) સાથે એકીકૃત કરવામાં આવ્યા છે જેથી સરકાર અને વેપાર વચ્ચે સરળ અને ડિજિટલ મંજૂરી સરળતાથી મળી શકે.
- 3,000થી વધુ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારથી વેપાર માટે જરૂરી મંજૂરીઓ સુધી પહોંચ NSWS મારફતે સરળ બની છે. કેન્દ્રીય વિભાગોની 300થી વધુ મંજૂરીઓ પણ અહીં જોડાઈ છે.



## વિનિયામક અનુપાલન બોજ (RCB) પહેલ

*ભારત સરકારે 2020માં વિનિયામક અનુપાલન બોજ (RCB) પહેલની શરૂઆત કરી છે. તેમાં 2025 સુધી કેન્દ્ર સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોએ વ્યવસાયો અને નાગરિકો માટે બોજરૂપ બનેલા 47,000 અનુપાલનોની ઓળખ કરીને તેને ઘટાડ્યા છે.*

*RCB + પહેલ હેઠળ, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા સામાન્ય રીતે લાગુ કરવામાં આવતા 23 અધિનિયમોમાં ઓળખી કાઢેલા 6,262 અનુપાલનોમાંથી 4,846 અનુપાલનો ઓછા કરવામાં આવ્યા છે.*

**વિનિયામક અનુપાલન બોજ**

**16,109**
**અનુપાલનોને સરળ બનાવાયા.**

**1500**
**થી વધુ જૂના કાયદા રદ્દ કરવામાં આવ્યા.**

**4,623**
**અનુપાલનોને ગુનાની શ્રેણીમાંથી બહાર કરવામાં આવ્યા.**

**4,270**
**બિનજરૂરી અને પુનરાવર્તિત અનુપાલનો દૂર કરવામાં આવ્યા.**

**22,287**
**અનુપાલનોનું ડિજિટલીકરણ કરવામાં આવ્યું.**

**સુધાર પહેલની શરૂઆત જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) અધિનિયમ, 2023થી થઈ. આ વિધેયકમાં 42 કેન્દ્રીય અધિનિયમોમાં સુધારો કરવામાં આવ્યો.**

**183** જોગવાઈઓને ગુનાની શ્રેણીમાંથી દૂર કરીને કેદની સજાની જગ્યાએ નાણાકીય દંડ અને અન્ય વહીવટી અમલીકરણ તંત્ર લાગુ કરવામાં આવ્યા.



## જન વિશ્વાસ અધિનિયમોથી વ્યવસાય કરવાનું સરળ થયું

**જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) વિધેયક, 2026**

**23** મંત્રાલયોના 79 કેન્દ્રીય અધિનિયમોમાં સામેલ 784 જોગવાઈઓમાં સુધારો કરવામાં આવ્યો.



- 317 જોગવાઈઓમાં દંડના બદલે સિવિલ પેનલ્ટી કરવામાં આવી.
- 158 જોગવાઈઓમાં દંડ સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યો.
- 113 જોગવાઈઓમાં જેલ અને દંડની સજા દૂર કરીને સિવિલ પેનલ્ટી લાગુ કરવામાં આવી.
- 57 જોગવાઈઓમાં જેલ અને દંડ બંને સમાપ્ત કરવામાં આવ્યા.
- 63 જોગવાઈઓમાં પ્રથમ વખત ભૂલ પર ચેતવણી/નોટિસની જોગવાઈ કરવામાં આવી.
- 17 જોગવાઈઓમાં જેલની સજા ઘટાડવામાં આવી જ્યારે 29 જોગવાઈઓમાં જેલની સજા દૂર કરવામાં આવી.
- 17 જોગવાઈઓમાં સમજૂતી દ્વારા મામલો સમાપ્ત કરવાની (કંપાઉન્ડિંગ) સુવિધા શરૂ કરવામાં આવી.
- 9 અન્ય જોગવાઈઓમાં કેદની સજાને સિવિલ પેનલ્ટીમાં બદલવામાં આવી અથવા જેલની પ્રકૃતિને તર્કસંગત બનાવવામાં આવી, ગુનાના વ્યાપને મર્યાદિત કરવામાં આવ્યો.

## વિશ્વ બેંકનું 'ઇઝ ઑફ ડૂઇંગ બિઝનેસ રેન્કિંગ 2020'




**MSMEની વ્યાખ્યા બદલવામાં આવી. MSMEની લોનને બાહ્ય બેન્ચમાર્ક સાથે જોડવામાં આવી. સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો માટે 10 લાખ રૂપિયા સુધી ગેરંટી વગરની લોન ઉપલબ્ધ છે. MSME માટે કાર્યકારી મૂડીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને 5 કરોડ રૂપિયા સુધીની લોન મર્યાદાને અંદાજિત વાર્ષિક ટર્નઓવરના ઓછામાં ઓછા 20% તરીકે નિર્ધારિત કરવામાં આવી.**



> **"ભારતે છેલ્લા દાયકામાં શાસનની સંસ્કૃતિમાં આવેલા પરિવર્તનનો અનુભવ કર્યો છે. જ્યારે નિર્ણયો સમયસર લેવામાં આવે છે, સમન્વય અસરકારક હોય છે અને જવાબદારી નિશ્ચિત કરવામાં આવે છે, ત્યારે સરકારના સંચાલનની ગતિ સ્વાભાવિક રીતે વધી જાય છે. તેનો પ્રભાવ સીધો નાગરિકોના જીવનમાં દેખાવા લાગે છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

કવર સ્ટોરી
વિકાસ યાત્રાનાં
12 વર્ષ

# ઈઝ ઑફ લિવિંગ

# ક્રાંતિકારી પરિવર્તન

*ઈઝ ઑફ લિવિંગ એટલે જીવન જીવવાની સુગમતા સૌનો અધિકાર છે. નવા ભારતના સર્વોચ્ચ નેતૃત્વની આ વિચારધારાનો અર્થ 'માત્ર વિશેષ વર્ગ નહીં, પરંતુ ગ્રામીણ, ગરીબ, આદિવાસી અને મધ્યમ વર્ગના જીવનને સરળ બનાવવાનો છે. કેન્દ્ર સરકારે છેલ્લા 12 વર્ષોમાં માત્ર રાષ્ટ્રના સપનાઓને મોટા સ્તરે જ નહીં જોયા, પરંતુ ગરીબીમાંથી બહાર આવી મધ્યમ વર્ગ બનવામાં મદદરૂપ થવા અને સુવિધાઓ વધારતા કાર્યક્રમોને પરિપૂર્ણતા (સંતૃપ્તિ સ્તર) સુધી પહોંચાડવાની દિશામાં ઝડપી કામ કર્યું છે. તેનાથી ઈઝ ઑફ લિવિંગ હવે માત્ર શબ્દ નથી રહ્યો, પરંતુ સરકારનો મંત્ર બની ગયો છે...*

- નેક્સ્ટ-જનરેશન GST સુધારાઓ સરળ કરપ્રણાલી, નાગરિકો પર ઓછો બોજ અને વેપાર કરવાની સરળતામાં સુધારાની દિશામાં નિર્ણાયક પગલાં છે. સામાન્ય જનતાને હવે અનેક પ્રકારના કરના ગૂંચવાડામાંથી મુક્તિ મળી છે.
- 'ઈઝ ઑફ લિવિંગમાં સુધારો લાવવાની પ્રતિબદ્ધતા અનુસાર સરકારે દિલ્હી-NCR સહિત સમગ્ર દેશમાં ધોરીમાર્ગો, રેલવે, બંદરો અને હવાઈ કનેક્ટિવિટીમાં વધારો કર્યો, જેના કારણે મુસાફરી સુગમ બની છે.
- ઈઝ ઑફ લિવિંગ ઈન્ડેક્સ 2025માં પુણે, નવી મુંબઈ, ગ્રેટર મુંબઈ, તિરુપતિ અને ચંડીગઢ ટોચના 5 શહેરોમાં સામેલ છે.
- સરકારે આવકવેરા અધિનિયમ, 1951નું વ્યાપક પુનર્ગઠન કરીને નવો આવકવેરા અધિનિયમ, 2025 અમલમાં મૂક્યો. કર કાયદાને સરળ અને સુવ્યવસ્થિત બનાવવાથી તે વધુ સુલભ અને પારદર્શક બનશે. અનુપાલન સરળ બનવાથી સામાન્ય લોકોનું જીવન સરળ બને છે.
- પ્રવાસીઓની મુસાફરી સુરક્ષિત અને સુવિધાજનક બનાવવા માટે ટોલ ફ્રી નંબર 1800111363 અને 1363 હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. 10 આંતરરાષ્ટ્રીય સહિત 12 ભાષાઓમાં 24 કલાક ઉપલબ્ધ છે.
- શ્રમિક કલ્યાણ અને શ્રમિકોના જીવનને સરળ બનાવવા માટે 29 જૂના કાયદાઓ દૂર કરીને 4 શ્રમ સંહિતા અમલમાં મૂકવામાં આવી છે.



**12.61 કરોડથી**

**વધુ ગ્રામીણ પરિવારોને નળ કનેક્શન 13 મે 2025 સુધીમાં આપવામાં આવ્યા છે. હવે 15.85 કરોડ પરિવારોને ઘરમાં પીવાનું પાણી મળી રહ્યું છે.**

**1.90 કરોડ ડિજિટલ હયાતીના પ્રમાણપત્રો 1 એપ્રિલ 2025થી 31 માર્ચ 2026 સુધીમાં ઘરે બેઠા જમા કરવામાં આવ્યા. ડિજિટલ હયાતી પ્રમાણપત્રથી વરિષ્ઠ નાગરિકોનું જીવન સરળ બન્યું.**



**58.18**

**કરોડ જનધન ખાતાઓ ખોલવામાં આવ્યા, જેના કારણે સામાન્ય જનતાની બેન્કિંગ અને સરકારી સબસિડી લાભ મેળવવાની સુગમતામાં વધારો થયો.**

**₹12 લાખ** **સુધીની વાર્ષિક આવક પર નવી કર વ્યવસ્થા હેઠળ કોઈ આવકવેરો નહીં.**




**₹75,000**

**ની સ્ટાન્ડર્ડ કપાત પગારદાર કરદાતાઓ માટે વધારાની છે.**




**ITR દાખલ કરનાર કરદાતાઓની સંખ્યા**




**₹314 લાખ કરોડ** **થી વધુના ટ્રાન્ઝેક્શન 2025-26માં UPI દ્વારા થયા. આ છેલ્લા 10 વર્ષમાં 12 હજાર ગણી વૃદ્ધિ છે.**

**વૈશ્વિક સ્તરે રિયલ ટાઈમ ચુકવણીમાં ભારતીયો**

**UPI ભાગીદારી 49%**

**700થી વધુ બેન્કો જોડાઈ. આજે લગભગ 54 કરોડ લોકો UPIનો ઉપયોગ કરી રહ્યા છે.**

# જીવન સરળ બનાવનારી સુવિધાઓ

> ***જીવનની સુગમતા દરેક નાગરિકનો અધિકાર છે. આપણી ગવર્નન્સ એવી હોવી જોઈએ કે દેશના નાગરિકોની Ease of Living, Quality of Life દિવસેને દિવસે વધુ સારી બને, એ જ અમારી કસોટી છે. હું સંપૂર્ણ વિશ્વાસ સાથે કહું છું કે આ ભારતમાં રહેવાનો સૌથી સારો સમય છે. આજના ભારતમાં વેપાર કરવાનું અને લોકોનું જીવન પણ વધુ સરળ બની રહ્યું છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***





**1.15** કરોડ લોકોનું દૈનિક જીવન મેટ્રો રેલથી સરળ બની રહ્યું છે

**1155** કિલોમીટરનું નેટવર્ક દેશના 26 શહેરોમાં ફેલાયેલું છે.



12 કરોડ શૌચાલયોના નિર્માણ સ્વચ્છ ભારત મિશનમાં

- 4 કરોડથી વધુ આવાસોનું વિતરણ પીએમ આવાસ યોજના અંતર્ગત કરવામાં આવ્યું, જેના કારણે ગ્રામીણ વિસ્તારો સાથે સાથે શહેરી વિસ્તારોમાં પણ દરેક ઋતુમાં રહેવાનું સરળ થયું.
- ઉજ્જ્વલા યોજનામાં 10.56 કરોડ ગેસ કનેક્શન આપવામાં આવ્યા, જેના કારણે ધૂમાડાથી આરોગ્ય પર પડતી ખરાબ અસરનો અંત આવ્યો અને સમયની પણ બચત થઈ. લાકડું લાવવા અથવા છાણાં માટે લાગતા વધારાના સમયની બચત થઈ.
- 9.3 કરોડ મુસાફરોએ એરપોર્ટ પર ડિજી યાત્રા સુવિધાનો લાભ લીધો છે, 38 એરપોર્ટ પર ડિજી યાત્રા સુવિધા શરૂ કરી દેવામાં આવી છે.
- ડિસેમ્બર, 2025 સુધી દેશમાં 5.87 લાખ નાગરિક સેવા કેન્દ્ર (CSC) સેવા આપી રહ્યા છે, જ્યાં 800થી વધુ પ્રકારની સેવાઓ આપવામાં આવે છે. ઘર નજીક ડિજિટલ સેવાઓની પહોંચથી જીવનમાં વધુ સરળતા આવી છે.
- ડિસેમ્બર, 2025માં ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા 102.85 કરોડ થઈ, જ્યારે 2014માં માત્ર 25 કરોડ હતી, એટલે કે 300% કરતાં વધુ વૃદ્ધિ. ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યાના હિસાબે ભારત વિશ્વના ટોચના ત્રણ દેશોમાં સામેલ છે.
- દરેક વાયરલેસ ડેટા સબ્સ્ક્રાઈબર દર મહિને સરેરાશ 25 GB ડેટાનો ઉપયોગ કરે છે, જ્યારે ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં તે 17.9 GB છે. GB દીઠ ડેટાની કિંમત 2014માં 308 રૂપિયા હતી, જે હવે ઘટીને 7.87 રૂપિયા થઈ છે. ડેટાની સસ્તી સુલભતાના કારણે ડિજિટલ સેવાઓથી જીવન સરળ બન્યું છે.

**1.64** કરોડથી વધુ મુસાફરોએ ઉડાન યોજનાનો લાભ લીધો છે.

**665** રૂટ દ્વારા 95 એરપોર્ટ-હેલિપોર્ટ અને વોટર એરોડ્રોમ જોડાયેલા છે.



એરપોર્ટની સંખ્યા



# નવા ભારતની શાંતિ-સમૃદ્ધિની શક્તિ 'અષ્ટલક્ષ્મી'

*અષ્ટલક્ષ્મી એટલે પૂર્વોત્તરના આઠ રાજ્ય, આત્મવિશ્વાસથી ભરપૂર છે. નવી દિશામાં આગળ વધી રહ્યા છે અને રાષ્ટ્રની વિકાસ યાત્રાનું નેતૃત્વ કરવા માટે તત્પર છે. એક સમયે હિંસા અને નાકાબંધીની ઓળખ ધરાવતો અને 5 કરોડથી વધુ વસ્તી ધરાવતો આ વિસ્તાર હવે વિકાસના માર્ગ પર આગળ વધી સર્વાંગી વિકાસનો સાક્ષી બની રહ્યો છે. છેલ્લા 12 વર્ષોમાં વિકાસની આ નવી ધારાએ સાબિત કર્યું છે કે હવે પૂર્વોત્તર છેલ્લો છેડો નથી, પરંતુ સુરક્ષા અને સમૃદ્ધિનું પ્રવેશદ્વાર છે, જે ન તો દિલ્હીથી દૂર અને નથી દિલથી દૂર...*

## પૂર્વોત્તર પર વિશેષ ધ્યાન, દિલ્હી સાથે જોડાણ વધ્યું

- છેલ્લા 12 વર્ષોમાં કેન્દ્ર સરકારે પૂર્વોત્તર ભારત સાથે સીધું જોડાણ વધાર્યું છે. પ્રધાનમંત્રી, તેમના મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ નિયમિત રીતે પૂર્વોત્તર રાજ્યોના પ્રવાસ કરતા રહ્યા છે.
- સરકારે નક્કી કર્યું છે કે દરેક 15 દિવસે એક કેન્દ્રીય મંત્રી કોઈને કોઈ પૂર્વોત્તર રાજ્યની મુલાકાત લેશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 83 વખત પૂર્વોત્તરનો પ્રવાસ કરી ચૂક્યા છે, જ્યારે જાન્યુઆરી 2015થી ડિસેમ્બર 2025 વચ્ચે કેન્દ્રીય મંત્રીઓએ 800 વખત પૂર્વોત્તરનો પ્રવાસ કર્યો છે.



## 10% ની અંદાજપત્રીય સહાય

**આ વ્યવસ્થા હેઠળ 55 મંત્રાલયો/વિભાગો પોતાના બજેટનો ઓછામાં ઓછો 10% હિસ્સો પૂર્વોત્તરના વિકાસ પર ખર્ચ કરે છે. આ પ્રયાસોથી પૂર્વોત્તર વિસ્તારનો વિકાસ ઝડપથી થઈ રહ્યો છે.**




### બજેટ ખર્ચમાં ઐતિહાસિક વધારો

| | |
|---|---|
| 2014–15 | ₹24,819 કરોડ |
| 2025–26 | ₹1,00,271 કરોડ |



### છેલ્લા 12 વર્ષોમાં પૂર્વોત્તરને ભરપૂર રકમ મળી

| કુલ બજેટ ફાળવણી | વાસ્તવિક ખર્ચ |
|---|---|
| 6.97 લાખ કરોડ રૂપિયા | 7.12 લાખ કરોડ રૂપિયા |



## પૂર્વોત્તર વિસ્તારમાં સતત થઈ રહ્યા છે વિકાસ કાર્યો

પૂર્વોત્તર વિસ્તાર વિકાસ મંત્રાલયની યોજનાના હેઠળ પૂર્વોત્તર વિસ્તાર માટે લગભગ

**3,735** પરિયોજનાઓને મંજૂરી આપવામાં આવી છે

**49,907** કરોડ રૂપિયા તેનો કુલ ખર્ચ છે.



## વિકાસ પરિયોજનાઓ પર મોટા પાયે રોકાણ, કનેક્ટિવિટી વધી...



- બોગીબિલ બ્રિજ: 2018માં ઉદ્ઘાટન (જેની જાહેરાત 15 વર્ષ પહેલાં થઈ હતી).
- છેલ્લા 12 વર્ષોમાં 8 નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટ પણ બનાવવામાં આવ્યા છે. ઓપરેશનલ એરપોર્ટની સંખ્યા 2014માં 9 હતી જે 2025માં 17 થઈ ગઈ છે.
- પૂર્વોત્તર ક્ષેત્રમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોની લંબાઈ 2014માં 10,905 કિમી હતી. 1 એપ્રિલ 2025 સુધીમાં તે 16,207 કિમી થઈ ગઈ છે. 87 હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચની 3,534 કિમી લાંબી 177 માર્ગ યોજનાઓ વિવિધ તબક્કામાં અમલમાં છે.
- NESIDS યોજનામાં 72 પરિયોજનાઓ પૂર્ણ થઈ, 997.55 કિમીના રસ્તા બનાવ્યા. હાલમાં 911 પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે.

### પ્રધાનમંત્રી ગ્રામ માર્ગ યોજના

**89,503** કિમી લાંબા 17,666 માર્ગો અને 2,396 પુલોને મંજૂરી આપવામાં આવી.

**81,448** કિમી લાંબા 16,547 માર્ગો અને 2,126 પુલોમાંથી બનીને તૈયાર થઈ ચૂક્યા છે.

**53,353.49** કરોડ રૂપિયા ખર્ચ કર્યો છે

> *નોર્થ-ઈસ્ટ માત્ર દેશનો એક મહત્વપૂર્ણ ભાગ જ નથી, પરંતુ તે ભારતની 'અષ્ટલક્ષ્મી' છે. તેથી, અમે 'એક્ટ ઈસ્ટ'ની નીતિ પર તો કામ કરી જ રહ્યા છીએ, સાથે જ અમે નોર્થ-ઈસ્ટ માટે 'એક્ટ ફાસ્ટ'નો સંકલ્પ પણ લીધો છે.*
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

### આઝાદી પછી પ્રથમ વખત

**2022** માં મણિપુરમાં પહેલી માલગાડી પહોંચી.

**2023** માં મેઘાલયમાં પહેલી માલગાડી પહોંચી.

**2025** માં મિઝોરમમાં પહેલી ટ્રેન પહોંચી.



કવર સ્ટોરી

વિકાસ યાત્રાનાં 12 વર્ષ




# રાષ્ટ્ર પ્રથમ

## સશક્ત, સમૃદ્ધ, સુરક્ષિત ભારત

**राष्ट्ररक्षासमं पुण्यं, राष्ट्ररक्षासमं व्रतम्। राष्ट्ररक्षासमं यज्ञो, दृष्टो नैव च नैव च।।**

*અર્થાત્ રાષ્ટ્રની રક્ષા કરતાં મોટું ન કોઈ પુણ્ય છે, ન કોઈ વ્રત છે અને ન જ કોઈ યજ્ઞ છે.*

*સાત પડોશી દેશોથી જોડાયેલી 15 હજાર કિમીથી લાંબી સરહદ અને સાડા સાત હજાર કિમીથી વધુ લાંબી સમુદ્રી સરહદોના રક્ષણ માટે 'રાષ્ટ્ર પ્રથમ'ની નીતિ સાથે ભારત આજે પોતાની અસરકારક વિદેશ નીતિનું સંચાલન કરી રહ્યું છે, તો સાથે-સાથે સંરક્ષણ ક્ષેત્રમાં પણ આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે. આતંક સામે ઝીરો ટોલરન્સની નીતિ પર કેન્દ્ર સરકાર સંકલ્પિત છે તેમજ પ્રતિબદ્ધ પણ છે. દુનિયાએ આ પ્રતિબદ્ધતા ઉરીમાં સૈન્ય કેમ્પ પર થયેલા આતંકી હુમલા બાદ જોઈ છે તેમજ પુલવામામાં CRPFના કાફલા પર થયેલા કાયરતાપૂર્ણ હુમલા બાદ પણ જોઈ છે. ગયા વર્ષ જ 6-7 મે 2025ની મધરાત્રે 'ઓપરેશન સિંદૂર' દ્વારા દુનિયાને સંદેશ આપ્યો કે ભારત યુદ્ધ નથી ઈચ્છતું, પરંતુ આતંકવાદને ક્યારેય સહન નહીં કરવામાં આવે. કોઈપણ રાષ્ટ્ર માટે સૈન્ય શક્તિ મજબૂત હોવી જરૂરી છે, પરંતુ શક્તિ બનવા માટે યુદ્ધ કે સૈના જ સર્વોપરી નથી. છેલ્લા 12 વર્ષમાં વિશ્વમાં યોગ, વિશ્વમાં પોતાની અલગ છબીનું નિર્માણ કર્યું છે તો સાથે-સાથે દરેક સંકટમાં પોતાના અને વિશ્વના અન્ય લોકો માટે મદદરૂપ તરીકે ઉભરવું, કોવિડ જેવી વૈશ્વિક આપદાને અવસર બનાવી દુનિયા માટે એક ઉદાહરણ રજૂ કરવું અથવા સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની નવી ક્રાંતિની શરૂઆત કરવી, આ બધુ જ ભારત એક સોફ્ટ પાવર તરીકે પણ નવી ઓળખ બનાવી રહ્યું છે.*

# વિકાસ, વિશ્વાસ અને આત્મનિર્ભરતાની નવી ઉડાન

*ભારત આજે આત્મનિર્ભરતા, આવિષ્કાર અને સર્વસમાવેશી વિકાસની નવી ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે. ડિજિટલ ક્રાંતિ, માળખાકીય સુવિધાઓમાં વિસ્તરણ, નારી સશક્તિકરણ અને યુવા નેતૃત્વએ દેશને વૈશ્વિક મંચ પર મજબૂત ઓળખ અપાવી છે. 'સશક્ત ભારત' માત્ર એક સપનું નથી, પરંતુ કરોડો ભારતીયોના સામૂહિક પ્રયાસ અને સંકલ્પનું જીવંત ઉદાહરણ બની ગયું છે, જે વિકાસ અને વિશ્વાસની નવી ગાથા લખી રહ્યું છે...*

## સશક્ત ભારતના મહત્વપૂર્ણ તથ્યો...

- ભારત વર્ષ 2018 થી વિશ્વનો બીજો સૌથી મોટો સ્ટીલ ઉત્પાદક દેશ બની ગયો છે. વર્ષ 2014માં વૈશ્વિક ઉત્પાદનમાં ભારતની હિસ્સેદારી 5.2% હતી, જે 2024માં વધીને 7.9% થઈ ગઈ છે.
- ફાર્મસી ઓફ વર્લ્ડઃ ભારત આજે ઉત્પાદનની દષ્ટિએ દુનિયાનો ત્રીજો સૌથી મોટો અને મૂલ્યની દષ્ટિએ 11મો સૌથી મોટો ઔષધિ ઉત્પાદક દેશ છે. નાણાકીય વર્ષ 2024-25માં આ ક્ષેત્રનો વાર્ષિક વ્યવસાય 4.72 લાખ કરોડ રૂપિયા નોંધાયો હતો.
- લગભગ 65% સંરક્ષણ ઉપકરણો આજે દેશમાં જ નિર્માણ થઈ રહ્યા છે, જ્યારે પહેલાં લગભગ 65-70% આયાત કરવામાં આવતા હતા.
- ભારત આજે દુનિયાની કુલ જેનેરિક દવાઓનો પાંચમો ભાગ અને યુનિસેફ માટે અડધાથી વધુ રસી ઉપલબ્ધ કરાવી રહ્યું છે.
- ભારત 'શક્તિ' પહેલ, મેડિકલ ટૂરિઝમ અને ગુણવત્તાપૂર્ણ દવાઓના નિકાસ દ્વારા 300 અબજ ડૉલરની બાયોફાર્મા મહાશક્તિ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.
- છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે તેના મુક્ત વેપાર કરાર (FTA) નેટવર્કનું વિસ્તરણ કરીને 38 દેશો સાથે કરારો કર્યા છે.
- ભારતે પ્રથમ વખત 'અંતરિક્ષ પ્રણાલી અને સંચાલન' પર ISOની આંતરરાષ્ટ્રીય ઉપસમિતિની બેઠકોનું આયોજન કર્યું છે.

**સંરક્ષણ નિકાસમાં વધારો**
(આંકડા કરોડ રૂપિયામાં)




**સંરક્ષણ ઉત્પાદન**
(આંકડા લાખ કરોડ રૂપિયામાં)




**ભારતીય સેમિકન્ડક્ટરનું વધતું બજાર**
(આંકડા અબજ ડૉલરમાં)




**ભારતની કુલ નિકાસ**
(આંકડા અબજ ડૉલરમાં)




**ભારતમાં દુનિયાનું બીજું સૌથી મોટું માર્ગ નેટવર્ક**

રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્ક વધ્યું

માર્ચ, 2014 — 91,287 કિમી

ફેબ્રુઆરી, 2026. — 1,46,572 કિમી

## અંતરિક્ષ ક્ષેત્રમાં ભારત

**નોંધાયેલ સ્ટાર્ટઅપ્સ**

1 — 2014
400 થી વધુ — હવે

### વિદેશી ઉપગ્રહો

- ISRO દ્વારા પ્રક્ષેપિત 434 વિદેશી ઉપગ્રહોમાંથી 399 ઉપગ્રહ 2014 પછી પ્રક્ષેપિત કરવામાં આવ્યા છે. આ પ્રક્ષેપણોએ ભારતને લગભગ 323 મિલિયન યુરો અને 233 મિલિયન ડૉલરની આવક કરી આપી છે.
- લગભગ 84 અબજ ડૉલર સુધી પહોંચી ચૂકી છે ભારતની અંતરિક્ષ અર્થવ્યવસ્થા.



## દુનિયામાં સૌથી ઝડપી વધતી અર્થવ્યવસ્થા

વર્લ્ડ બેંકનો અંદાજ... ભારતની અર્થવ્યવસ્થા 2026-27માં લગભગ 6.6%ના દરે વધશે. આ દુનિયાની સૌથી ઝડપી વધતી મોટી અર્થવ્યવસ્થા હશે.

વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક 2026 અનુસાર ભારતની વૃદ્ધિ દર 6.5%નો અંદાજ છે, જ્યારે વિકસિત દેશો માટે 1.8%, વિકાસશીલ દેશો માટે 3.9% અને સમગ્ર દુનિયા માટે 3.1% રાખવામાં આવ્યો છે.

## ભારત વૈશ્વિક ઈલેક્ટ્રોનિક્સ વિનિર્માણનું પાવરહાઉસ

(આંકડા લાખ કરોડ રૂપિયામાં)




## સશક્ત ભારતની ઓળખ

### AIમાં સશક્ત ભારત

AI ઈમ્પેક્ટ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાષણ આપે છે અને તેમની પાછળ AIની મદદથી ઝડપી સાંકેતિક ભાષામાં દિવ્યાંગ લોકો માટે તેની ટ્રાન્સક્રિપ્ટ કરવામાં આવે છે.

### સાહસિક નિર્ણયવાળું સશક્ત ભારત

કાશ્મીરમાં દાયકાઓથી લટકેલા 'એક બંધારણ, એક કાયદા'ને લાગુ કરવામાં અડચણરૂપ કલમ 370ને નાબૂદ કરવામાં આવી. હવે કાશ્મીરમાં દેશના બાકીના રાજ્યોમાં લાગુ થતા તમામ કાયદા લાગુ પડે છે.

### મહિલાઓના નેતૃત્વવાળું સશક્ત ભારત



લોકસભા અને વિધાનસભામાં 33 ટકા મહિલા આરક્ષણની ત્રણ દાયકાથી ચાલી આવતી અડચણ તોડીને નારી શક્તિ વંદન અધિનિયમ સૂચિત કરવામાં આવ્યો. 1996 પછી પ્રયાસો થયા પરંતુ નવા સંસદ ભવનમાં નારી શક્તિ વંદન અધિનિયમ, 2023 પસાર થયો.

### અંતરિક્ષમાં સશક્ત ભારત

ભારત હવે ચંદ્ર સુધી પહોંચ્યું છે, તે પણ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર જ્યાં વિશ્વનો કોઈપણ દેશ હજુ સુધી પહોંચ્યો નથી.

### બ્રિટિશવાદને સમાપ્ત કરતું સશક્ત ભારત

'પંચામૃત'ના આહ્વાનથી દેશમાં બ્રિટિશવાદની યાદો દૂર કરવામાં આવી રહી છે. પોતાના વારસા પર ગૌરવ લેવા માટે કર્તવ્ય પથ પર નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સ્થાપિત કરવી, નૌકાદળના ધ્વજમાં ફેરફાર કરવો, સ્વતંત્રતા દિવસ અને ગણતંત્ર દિવસ પર સ્વદેશી તોપોથી સલામી વગેરે કરવામાં આવ્યા છે.

## આપદા જોખમ વ્યવસ્થાપન અભિયાન

- ઓપરેશન મિત્ર (નેપાળ, 2015)
- ઓપરેશન દેવી શક્તિ (અફઘાનિસ્તાન, 2021)

## સાગર મિશન હેઠળ નૌકાદળ દ્વારા માનવતાવાદી સહાય પહોંચાડવી

- ઓપરેશન સમુદ્ર સેતુ (2020)
- ઓપરેશન ગંગા (યુક્રેન, 2022)
- ઓપરેશન દોસ્ત (તુર્કી અને સીરિયા, 2023)
- ઓપરેશન કાવેરી (સુદાન, એપ્રિલ 2023)
- ઓપરેશન બ્રહ્મા (મ્યાનમાર, 2025)
- ઓપરેશન સાગર બંધુ (2025)



***"રણનીતિક સ્વાયત્તતા અને સ્વદેશી ક્ષમતાઓ ખતરાઓનો નિર્ધારક રીતે સામનો કરવાની ચાવી છે, જે આત્મનિર્ભરતાને રાષ્ટ્રીય શક્તિ, ગૌરવ અને 2047 સુધી વિકસિત ભારતનું નિર્માણ કરવાની યાત્રાનો આધાર બનાવે છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



# ઓપરેશન સિંદૂર

## નવ આતંકી છાવણીઓ વિધ્વંસ કરી

ભારતે લશ્કર-એ-તોઈબા, જૈશ-એ-મોહમ્મદ અને હિઝબુલ મુજાહિદ્દીનના ઠેકાણાઓને નિશાન બનાવીને પાકિસ્તાન અને પાકિસ્તાનના ગેરકાયદેસર કબજાવાળા જમ્મુ-કાશ્મીર (PoK)માં સ્થિત નવ મુખ્ય આતંકી લોન્ચ પેડને સફળતાપૂર્વક નષ્ટ કરી દીધા. આ કાર્યવાહી દરમિયાન 100થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા.

## સીમા પાર સચોટ હુમલા

ભારતે પાકિસ્તાનના પંજાબ પ્રાંત અને બહાવલપુર સહિતના આંતરિક વિસ્તારો પર હુમલા કરીને યુદ્ધના નિયમોને ફરીથી પરિભાષિત કર્યા છે. આ વિસ્તારો એક સમયે અમેરિકી ડ્રોન માટે પણ પ્રતિબંધિત માનવામાં આવતા હતા.

## એક નવી વ્યૂહાત્મક સીમા રેખા

ઓપરેશન સિંદૂરે એક નવી સીમા રેખા દોરી દીધી - જો આતંકવાદ કોઈ દેશની નીતિ છે, તો તેનો સીધો અને પૂરી તાકાતથી જવાબ આપવામાં આવશે.

## ભારતની હવાઈ સંરક્ષણ શ્રેષ્ઠતાનું પ્રદર્શન

સ્વદેશી આકાશતીર પ્રણાલી સહિત ભારતની બહુસ્તરીય હવાઈ સંરક્ષણ પ્રણાલીએ સેંકડો ડ્રોન અને મિસાઈલોને તોડી પાડી. આનાથી અદ્યતન સંરક્ષણ પ્રણાલીઓની નિકાસમાં ભારતની વધતી ક્ષમતાઓનું પ્રદર્શન થયું.

## પાકિસ્તાની સૈન્ય ઠેકાણાઓ પર હવાઈ હુમલા

9-10 મેના રોજ, ભારત પરમાણુ હથિયાર ધરાવતા દેશના 11 હવાઈ મથકો પર એક જ અભિયાનમાં હુમલો કરનારો પ્રથમ દેશ બન્યો છે, જેમાં પાકિસ્તાન વાયુદળની 20% સંપત્તિ નષ્ટ થઈ ગઈ હતી.

## ભારતે વિશ્વને સંદેશ આપ્યો

ભારતે વિશ્વને બતાવી દીધું કે તેને પોતાના લોકોનું રક્ષણ કરવા માટે કોઈની પરવાનગીની જરૂર નથી. તેણે એ વિચારને મજબૂત કર્યો કે આતંકવાદીઓ અને તેમના સમર્થકો ક્યાંય પણ છુપાઈ શકે તેમ નથી અને જો પાકિસ્તાન વળતો હુમલો કરે, તો ભારત નિર્ણાયક જવાબી હુમલા માટે તૈયાર છે.




## વ્યાપક વૈશ્વિક સમર્થન

અગાઉ થયેલા સંઘર્ષોથી વિપરીત, આ વખતે ઘણા વૈશ્વિક નેતાઓએ સંયમ રાખવાની અપીલ કરવાના બદલે ભારતનું સમર્થન કર્યું હતું. આ પરિવર્તને ભારતની વધુ સારી વૈશ્વિક સ્થિતિ અને વાર્તાત્મક નિયંત્રણ હોવાનું બતાવ્યું.

કવર સ્ટોરી

વિકાસ યાત્રાનાં 12 વર્ષ

# વિદેશ નીતિ

## વિશ્વ પટલ પર ઝળહળતું ભારત

*વિતેલા એક દાયકામાં પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની વિદેશ નીતિએ માત્ર પોતાની પરંપરાગત સીમાઓનું વિસ્તરણ જ કર્યું છે એવું નથી, પરંતુ વૈશ્વિક મંચ પર દેશની ભૂમિકાને પણ નવી પરિભાષા આપી છે. બદલાતા આંતરરાષ્ટ્રીય પરિદૃશ્ય, બહુધ્રુવીય વિશ્વ વ્યવસ્થા અને ઉભરતા ભૂરાજકીય પડકારો વચ્ચે ભારતે સંતુલિત, સક્રિય અને વ્યૂહાત્મક અભિગમ અપનાવી પોતાની કૂટનીતિક ઓળખને મજબૂત બનાવી છે. પડોશી દેશો સાથેના સંબંધોને પ્રાથમિકતા આપવાથી લઈને વૈશ્વિક શક્તિઓ સાથેની ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની દિશામાં, ભારતની વિદેશ નીતિએ રાષ્ટ્રીય હિતોની સુરક્ષા સાથે સાથે વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સહકારને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે...*

### મુક્ત વેપાર સમજૂતી

- ભારતે વૈશ્વિક વેપારની દિશાને નવેસરથી વ્યાખ્યાયિત કરી છે. નવા યુગની મુક્ત વેપાર સમજૂતીઓ (FTA) માટે માર્ગ પ્રશસ્ત કર્યો છે.
- છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે મુક્ત વેપાર સમજૂતીઓના પોતાના વ્યાપનું વિસ્તરણ કર્યું છે. અત્યાર સુધી 38 દેશો સાથે કુલ 10 FTA થઈ ચૂક્યા છે. તેની શરૂઆત વર્ષ 2021માં ભારત-મોરિશિયસ સમજૂતીથી થઈ હતી.

### G20ની અધ્યક્ષતામાં "એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય"નું સમર્થન

- 1 ડિસેમ્બર 2022થી 30 નવેમ્બર 2023 સુધી ભારતની G20ની અધ્યક્ષતાએ વૈશ્વિક કૂટનીતિમાં એક મહત્વપૂર્ણ અધ્યાયની શરૂઆત કરી છે.
- 9 અને 10 સપ્ટેમ્બર 2023ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમમાં યોજવામાં આવેલા 18મા G20 નેતાઓના શિખર સંમેલનમાં 20 સભ્ય દેશો, 9 આમંત્રિત દેશો અને 14 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ભાગ લીધો હતો.
- ભારતે 60 શહેરોમાં 200થી વધુ બેઠકોનું આયોજન કર્યું, જેમાં એક લાખથી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.




### વિકાસશીલ દેશોનો મુખ્ય અવાજ

- ગ્લાસગોમાં યોજાયેલા કોપ-26 અને શર્મ-અલ-શેખમાં યોજાયેલા કોપ-27ની બેઠકમાં ભારત વિકાસશીલ દેશોના મુખ્ય અવાજ તરીકે ઉભરી આવ્યું હતું.

### વેક્સીન મૈત્રી




- કોવિડ-19 સંકટ દરમિયાન ભારતે પોતાની માનવ કેન્દ્રિત કૂટનીતિના પુરાવા રૂપે "વેક્સીન મૈત્રી" પહેલ શરૂ કરી હતી.
- જાન્યુઆરી 2021થી ભારતે 99 દેશો અને સંયુક્ત રાષ્ટ્રની બે સંસ્થાઓને 30.12 કરોડથી વધુ વેક્સીનના ડોઝ ઉપલબ્ધ કરાવ્યા છે.
- ઝડપી અને વ્યાપક સહાયથી વૈશ્વિક આરોગ્ય માટે વિશ્વસનીય ભાગીદાર અને ગ્લોબલ સાઉથના સહાનુભૂતિપૂર્ણ અવાજ તરીકે ભારતની છબી વધુ મજબૂત બની છે.



**50** થી વધુ દેશોને ભેટ સ્વરૂપે વેક્સીનના 1.51 કરોડ ડોઝ આપવામાં આવ્યા.

## આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન




- 30 નવેમ્બર 2015ના રોજ પેરિસમાં COP21 દરમિયાન પ્રધાનમંત્રી મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ફ્રાંસવા ઓલાંદ દ્વારા શરૂ કરવામાં આવેલું આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન (ISA) ભારતની મુખ્ય જળવાયુ પરિવર્તન પહેલ છે.

**120** સભ્ય અને હસ્તાક્ષર કરનાર દેશો સાથે, ISAનું લક્ષ્ય 2030 સુધીમાં સૌર ઊર્જામાં 1,000 અબજ ડૉલરથી વધુનું રોકાણ એકત્રિત કરવાનું છે.

- ગુરુગ્રામમાં મુખ્યાલય ધરાવતું આ ભારત સ્થિત પ્રથમ આંતરરાષ્ટ્રીય આંતર-સરકારી સંગઠન છે.

## સંકટમાં મદદ કરવામાં ભારત આગળ રહ્યું



- ભારતે 150થી વધુ દેશોને માનવતાવાદી સહાય અને આપદા રાહત પૂરી પાડી છે.
- જુલાઈ 2021માં, વિદેશ મંત્રાલયે રાષ્ટ્રીય એજન્સીઓ અને વિદેશી સરકારો સાથે સમન્વય સ્થાપિત કરવા માટે ત્વરિત પ્રતિસાદ પ્રકોષ્ઠની સ્થાપના કરી હતી.

## પડોશીને પ્રાથમિકતા

- ભારતની 'પડોશી પ્રથમ' નીતિએ પ્રાદેશિક સંબંધો પ્રત્યે એક સાહસિક અને દૂરદર્શી અભિગમને આકાર આપ્યો છે.
- આ નીતિ ભૂટાન, નેપાળ, શ્રીલંકા, માલદીવ, મ્યાનમાર, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન જેવા પડોશી દેશો સાથે મજબૂત ભૌતિક, ડિજિટલ અને સાંસ્કૃતિક સંબંધોને પ્રાથમિકતા આપે છે.

## નવા દૂતાવાસ અને વાણિજ્ય દૂતાવાસ



**40** કરતાં વધુ નવા દૂતાવાસ અને વાણિજ્ય દૂતાવાસ ભારતે વિશ્વભરમાં 2014થી 2025 દરમિયાન ખોલ્યા.

તેમની કુલ સંખ્યા **220** થઈ ગઈ છે. આ વિસ્તરણથી ભારતની વૈશ્વિક ઉપસ્થિતિ અને પહોંચ વધુ મજબૂત બની છે.

## વિદેશોમાં રોજગારની તકો

- છેલ્લા એક દાયકામાં ભારતે સાઉદી અરબ, ફ્રાન્સ, UAE, જાપાન, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, જર્મની સહિત દોઢ ડઝનથી વધુ દેશો સાથે મોબિલિટી અને પ્રવાસ ભાગીદારી કરી છે. તેના કારણે ભારતીય નાગરિકો માટે વિદેશોમાં રોજગારની તકો ખુલ્લી થઈ છે.





## રાહત અને નિષ્કાસન અભિયાન

- છેલ્લા 10-12 વર્ષોમાં ભારતની વિદેશ નીતિ માત્ર કૂટનીતિ અને સંવાદ પર આધારિત નથી રહી, પરંતુ વિદેશોમાં પોતાના નાગરિકોની સુરક્ષા જોખમમાં હોય ત્યારે નિર્ણાયક કાર્યવાહી કરવા પર પણ કેન્દ્રિત રહી છે. રાહત અને નિષ્કાસનના પ્રયત્નો 'રાષ્ટ્ર સર્વોપરી' નીતિના મુખ્ય ઉદાહરણ બની ગયા છે. મહામારી હોય, સંઘર્ષનું સંકટ હોય, રાજકીય ઉથલપાથલ હોય કે કુદરતી આપદા હોય, ભારતે પોતાના લોકોને સુરક્ષિત અને ઝડપથી વતન પરત લાવવાનું કામ કર્યું છે.

## પ્રમુખ નિષ્કાસન અભિયાન



- વંદે ભારત મિશન, ઓપરેશન દેવી શક્તિ, ઓપરેશન ગંગા, ઓપરેશન કાવેરી, ઓપરેશન અજય, ઓપરેશન ઈન્દ્રાવતી સહિત અનેક અન્ય અભિયાન ભારત સરકારની પહેલ પર ચલાવવામાં આવ્યા.

## સર્વોચ્ચ નાગરિક સન્માનથી ભારતનું માન વધ્યું



- એપ્રિલ 2026 સુધીમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને 29થી વધુ વિવિધ દેશોએ તેમના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કર્યા છે, જેનાથી તેઓ ઈતિહાસમાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય સન્માન મેળવનારા ભારતીય નેતા બન્યા છે.

## આતંક પર કડક નીતિ



### આતંકી હુમલાઓનો કડક જવાબ

- ભારત પર કોઈપણ આતંકી હુમલાનો જડબાતોડ અને નિર્ણાયક જવાબ આપવામાં આવશે, ભલે હુમલાખોરો ગમે ત્યાંથી આવા કૃત્યોને અંજામ આપી રહ્યા હોય.

### પરમાણુ બ્લેકમેલ પ્રત્યે કોઈ સહનશીલતા નહીં

- ભારત પરમાણુ ધમકીઓથી ડરશે નહીં. આતંકી ઠેકાણાઓ પર સચોટ હુમલા કરવાનું ચાલુ રાખશે.

### આતંકી તત્વોમાં કોઈ ભેદ નહીં

- આતંકી હુમલાના મુખ્ય ષડયંત્રકારો અને સ્પોન્સરો વચ્ચે કોઈ ભેદ કરવામાં નહીં આવે, બંનેને જવાબદાર ઠેરવવામાં આવશે.

### વાટાઘાટોમાં આતંકવાદને પ્રાથમિકતા

- પાકિસ્તાન સાથે જો કોઈ વાટાઘાટો થશે, તો તે માત્ર આતંકવાદ અથવા પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના મુદ્દા પર જ કેન્દ્રિત રહેશે.

### સાર્વભૌમત્વ સાથે કોઈ બાંધછોડ નહીં

- 'આતંકવાદ અને વાટાઘાટો એક સાથે આગળ ન વધી શકે, આતંકવાદ અને વેપાર એક સાથે ન થઈ શકે તેમજ પાણી અને લોહી એક સાથે ન વહી શકે,' આતંકી ખતરાઓ વચ્ચે સામાન્ય સંબંધોના દરવાજાને દ્રઢતાથી બંધ કરવામાં આવ્યા.



# આતંકવાદ પર ઝીરો ટોલરન્સ

આતંકવાદ વિરુદ્ધ ભારતની લડત સ્પષ્ટ અને દૃઢ છે અને તે એક હુમલાને પણ અનેક હુમલાઓ જેટલો જ ગંભીર માને છે. ભારત એવું પણ માને છે કે સારો આતંકવાદ અને ખરાબ આતંકવાદ જેવી કોઈ વસ્તુ નથી હોતી. આ માનવજતા, સ્વતંત્રતા અને સભ્યતા પર હુમલો છે. તેથી આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ માટે કેન્દ્ર સરકાર સંકલ્પબદ્ધ છે. દુનિયાએ આ પ્રતિબદ્ધતા ઉરી સર્જિકલ સ્ટ્રાઈક, બાલાકોટ એર સ્ટ્રાઈક અને ઓપરેશન સિંદૂર દરમિયાન પણ જોઈ છે. સચોટ, કડક અને નિર્ણાયક પ્રહાર કરીને દુનિયાને સંદેશ આપવામાં આવ્યો કે ભારત યુદ્ધ ઈચ્છતું નથી, પરંતુ આતંકવાદને ક્યારેય સહન કરવામાં નહીં આવે...

## ઓપરેશન સિંદૂર

- એપ્રિલ 2025માં, પહલગામમાં નાગરિકો પર થયેલા આતંકવાદી હુમલા પછી, ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું.
- પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજાવાળા જમ્મુ-કાશ્મીરમાં આવેલી નવ આતંકવાદી છાવણીઓ પર સચોટ જવાબી હુમલા કરવામાં આવ્યા.
- ભારતીય સેનાએ આંતરરાષ્ટ્રીય સરહદો પાર કર્યા વિના ખતરાઓને નિષ્ક્રિય કરવા માટે ડ્રોન હુમલા, શસ્ત્ર-સરંજામ અને બહુસ્તરીય હવાઈ રક્ષણનો ઉપયોગ કર્યો.
- આ ભારતીય ભૂમિદળ, વાયુદળ અને નૌકાદળની વચ્ચેના ઉત્તમ સમન્વયનું ઉદાહરણ છે.
- ભારતીય વાયુદળે પાકિસ્તાનમાં આતંકવાદી માળખાઓ પર સચોટ હુમલો કર્યો, જેમાં નૂર ખાન એર બેઝ અને રહીમયાર ખાન એર બેઝ જેવા લક્ષ્યો પર હવાઈ અભિયાન ચલાવવામાં આવ્યું.
- નૌકાદળે મિગ-29 યુદ્ધ વિમાનો અને હવાઈ પ્રારંભિક ચેતવણી હેલિકોપ્ટરથી સજ્જ પોતાના કેરિયર બેટલ ગ્રુપ (CBG)ને તૈનાત કર્યું.
- સામરિક સફળતા સાથે સાથે આ એક વ્યૂહાત્મક સંદેશ પણ હતો. ભૂમિ, વાયુ અને સમુદ્રમાં સંકલિત સૈન્ય કાર્યવાહી કરવાની ભારતની ક્ષમતાનું પ્રદર્શન કરવામાં આવ્યું.
- જકોબાબાદમાં શાહબાજ એરબેઝ પર હુમલા પહેલાં અને પછીની સેટેલાઈટ તસવીરો વિનાશને સ્પષ્ટ રીતે દર્શાવે છે.
- હુમલામાં સરગોધા અને ભોલારી જેવા મુખ્ય શસ્ત્ર-સરંજામ ડિપો તેમજ એરબેઝને નિશાન બનાવવામાં આવ્યા, જ્યાં F-16 અને JF-17 યુદ્ધ વિમાનો તૈનાત હતા. પરિણામે, પાકિસ્તાન વાયુદળનું અંદાજે 20% બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નષ્ટ થઈ ગયું.
- ભોલારી એરબેઝ પર ફેંકવામાં આવેલા બોમ્બમાં સ્ક્વોડ્રન લીડર ઉસ્માન યુસુફ અને 4 વાયુસૈનિકો સહિત 50થી વધુ લોકો માર્યા ગયા. ઘણા પાકિસ્તાની યુદ્ધ વિમાનો પણ નષ્ટ કરી દેવામાં આવ્યા હતા.
- ઓપરેશન સિંદૂરે એક નવી લાલ રેખા દોરી છે – જો આતંકવાદ કોઈ દેશની નીતિ હશે, તો તેનો સ્પષ્ટ અને પૂરી તાકાત સાથે જવાબ આપવામાં આવશે.

**માત્ર ત્રણ કલાકની અંદર ભારતે નૂર ખાન સહિત 11 સૈન્ય ઠેકાણાઓ – રફીકી, મુરીદ, સુક્કુર, સિયાલકોટ, પસરુર, ચુનિયન, સરગોધા, સ્કર્દૂ, ભોલારી અને જકોબાબાદને નિશાન બનાવ્યા.**



## ભારત અને ફ્રાન્સ આતંકવાદ વિરુદ્ધ એકજૂથ થયા

- આતંકવાદ સાથે સંકળાયેલા ફંડિંગને રોકવા માટે FATF અનુપાલન પર ભાર મૂક્યો.
- મિલિપોલ 2025નું આયોજન નવી દિલ્હીમાં ભારતના આતંકવાદ વિરોધી નેતૃત્વનું પ્રદર્શન હતું.
- એપ્રિલ 2024માં ભારત-ફ્રાન્સ આતંકવાદ વિરોધી સંવાદનું આયોજન.





## ભારત અને અમેરિકાનો આતંકવાદ વિરુદ્ધ સંયુક્ત મોરચો

- આતંકવાદ સાથે જોડાયેલા નેટવર્કને નષ્ટ કરવા માટે ભારત અને અમેરિકા એકજૂથ થયા.
- અલ કાયદા, ISIS, જૈશ-એ-મોહમ્મદ, લશ્કર-એ-તોઈબા જેવા આતંકવાદી જૂથો વિરુદ્ધ સંયુક્ત કાર્યવાહી કરી.
- 26/11 અને આબે ગેટ હુમલાખોરોને કડક જવાબ આપ્યો.
- અમેરિકાએ 26/11ના કાવતરાખોર તહવ્વુર રાણાને ભારતને સોંપ્યો.
- પાકિસ્તાનને 26/11 અને પઠાણકોટ હુમલાખોરો વિરુદ્ધ કાર્યવાહી કરવાની અપીલ કરી.

## દુનિયાભરમાં આતંકવાદ ફંડિંગ વિરુદ્ધ અભિયાન

- 2022માં ભારતે 'નો મની ફોર ટેરર' પરિષદની યજમાની કરી.
- ભારતે વૈશ્વિક ક્રિપ્ટો નિયમનને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો.



## સર્જિકલ સ્ટ્રાઈક અને બાલાકોટ એર સ્ટ્રાઈક

- ભારતે 28-29 સપ્ટેમ્બર 2016ના રોજ સર્જિકલ સ્ટ્રાઈક કરીને ઉરીમાં 18 સૈનિકો પર થયેલા આતંકવાદી હુમલાનો જવાબ આપ્યો.
- આ હુમલાઓએ નિયંત્રણ રેખા પાર આતંકવાદીઓ અને તેમના સંરક્ષકોને ભારે નુકસાન પહોંચાડ્યું.
- 14 ફેબ્રુઆરી 2019ના રોજ પુલવામા આતંકી હુમલા બાદ ભારતે ઝડપી કાર્યવાહી કરી. 26 ફેબ્રુઆરી 2019ના રોજ બાલાકોટ હવાઈ હુમલાઓમાં વરિષ્ઠ કમાન્ડરો સહિત મોટી સંખ્યામાં જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા.
- પૂર્વ-પ્રતિક્રિયાત્મક કાર્યવાહીઓએ દુનિયાને બતાવી દીધું કે ભારત હવે આતંકવાદ દ્વારા થતા છદ્મ યુદ્ધને સહન નહીં કરે.




## મસૂદ અઝહર વૈશ્વિક આતંકી જાહેર

- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે મસૂદ અઝહરને આતંકીની યાદીમાં સામેલ કર્યો.
- 2019માં ભારતની મોટી કૂટનીતિક જીત સાબિત થઈ.

## એક નવા અને સુરક્ષિત ભારત તરફ...

- 2010થી 2024 સુધી આતંકવાદથી થતા મૃત્યુઓમાં 85 ટકા ઘટાડો આવ્યો.
- જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ સાથે સંકળાયેલી ઘટનાઓ 2019ની સરખામણીએ 70 ટકા ઓછી થઈ.





## આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ

- 2 ઑગસ્ટ 2019માં NIA એક્ટમાં સુધારો કરીને નવા ગુનાઓને સામેલ કરવામાં આવ્યા તેમજ NIAને વિદેશમાં પણ તપાસ કરવાનો અધિકાર મળ્યો છે.
- UAPAમાં પણ સુધારો કરીને આતંકવાદીઓની સંપત્તિ જપ્ત કરવાની અને વ્યક્તિઓને પણ આતંકવાદી જાહેર કરવાનો અધિકાર મળ્યો છે.
- વર્તમાન કેન્દ્ર સરકારે કાયદામાં પ્રથમ વખત આતંકવાદને વ્યાખ્યાયિત કર્યો છે.

## મજબૂત નીતિઓથી સુરક્ષિત ભારત

- છેલ્લા 10 વર્ષોમાં આતંકી ઘટનાઓમાં 70% ઘટાડો
- UAPA મામલાઓમાં NIAનો 95 ટકા સજા દર, મજબૂત આતંકવાદ વિરોધી નીતિ

**15થી વધુ સંગઠનો પર આતંકવાદી સંગઠન તરીકે પ્રતિબંધ**



## આતંકી ઘટના






> કેટલાક દેશો પોતાની વિદેશ નીતિ હેઠળ આતંકવાદને સમર્થન આપે છે. આવા દેશોને એકલા પાડી દેવા જોઈએ. આમાં કોઈપણ પ્રકારે 'જો અને તો' ન હોવું જોઈએ.
>
> - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



# નક્સલ મુક્ત ભારત: નવા ભારતની નવી કહાની

*ભારત નક્સલવાદ, માઓવાદી આતંકથી મુક્ત થઈ ચૂક્યું છે. રાષ્ટ્રીય સુરક્ષાને લઈને છેલ્લા 12 વર્ષમાં ભારતની આ સૌથી મોટી સફળતાઓમાંથી એક સૌથી મહત્વપૂર્ણ સફળતા છે. બોમ્બ, બંદૂક અને પિસ્તોલ સામે દેશના બંધારણનો વિજય થયો છે. કાલ સુધી જે રેડ કોરિડોર હતા, તે આજે ગ્રીન ગ્રોથ ઝોનમાં પરિવર્તિત થતા દેખાઈ રહ્યા છે. સમયબદ્ધ રીતે દાયકાઓ જૂની સમસ્યાનો અંત એટલે નક્સલ મુક્ત ભારતના સંકલ્પે 31 માર્ચ 2026ના રોજ સંઘર્ષથી સિદ્ધિનો ઐતિહાસિક અધ્યાય રચી દીધો...*

## નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં થયેલા કામ

2014થી નક્સલવાદ પ્રભાવિત વિસ્તારોમાં **17,589** કિલોમીટર રસ્તાઓના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે.

**12,000** કિમી રસ્તાઓ પહેલેથી જ બની ગયા છે.

**₹6,000** કરોડના ખર્ચે લગભગ 5,000 મોબાઈલ ટાવર લગાવવામાં આવ્યા છે.

છેલ્લા 12 વર્ષોમાં 1804 બેંક શાખાઓ ખોલવામાં આવી છે, 1,321 ATM સ્થાપિત કરવામાં આવ્યા છે.



**6,025** પોસ્ટ ઓફિસો ખોલવામાં આવી છે.

**8,000** 4G ટાવર લગાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો

### ઘણા રાજ્યોમાં 2024માં જ નક્સલવાદ સમાપ્ત થઈ ગયો હતો

- ઓડિશા અને બિહાર 2024 પહેલાં જ નક્સલવાદથી મુક્ત થઈ ચૂક્યા હતા.
- મહારાષ્ટ્રના એક તાલુકાને બાદ કરતા 2024 પહેલાં જ નક્સલવાદથી તે મુક્ત થઈ ગયું હતું.
- ઝારખંડ એક જિલ્લાને બાદ કરતા 2024 પહેલાં જ નક્સલવાદ મુક્ત થઈ ગયું હતું.
- 24 ઑગસ્ટ 2024ના રોજ ગૃહમંત્રી અમિત શાહે 31 માર્ચ 2026 સુધી સમગ્ર દેશમાંથી નક્સલવાદને સંપૂર્ણ રીતે સમાપ્ત કરવાની જાહેરાત કરી હતી.



> **"ડાબેરી ઉગ્રવાદીઓ અને તેમના સમર્થકોએ ભોળા આદિવાસીઓ સામે ખોટી વાતો ફેલાવી દીધી હતી કે તેઓ તેમના અધિકારો માટે અને તેમને ન્યાય અપાવવા માટે લડી રહ્યા છે.**
>
> *- અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી*










### નક્સલવાદ સમાપ્ત કરવા માટે લેવાયેલા પગલાં

11 વર્ષોમાં 596 કિલ્લેબંદ પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યા.

સૌથી વધુ પ્રભાવિત જિલ્લાઓની સંખ્યા



## સરકારની નીતિઓની અસર

- નક્સલીઓ પાસેથી જપ્ત કરાયેલા હથિયારોમાંથી 92% પોલીસ પાસેથી લૂંટાયેલા હતા.
- નક્સલીઓના મહાસચિવ બસવરાજુને ઠાર મારવામાં આવ્યો.
- 27 લોકોની હત્યા કરનાર હિડમાને ઠાર મારવામાં આવ્યો.
- 11 વર્ષોથી સક્રિય ગજુરેલા રવિને ઠાર મારવામાં આવ્યો.
- 46 વર્ષોથી સક્રિય કાદરી સત્યનારાયણ રેડ્ડીને ઠાર મારવામાં આવ્યો.
- 44 વર્ષોથી સક્રિય ગણેશ ઉઈકેને ઠાર મારવામાં આવ્યો.
- 46 વર્ષોથી સક્રિય વેણુગોપાલ અને પલ્લૂરી પ્રસાદ રાવ ચંદનાએ આત્મસમર્પણ કર્યું.
- 36 વર્ષોથી સક્રિય વસુદેવ અને રામદેવ માંઝી દેવૂએ આત્મસમર્પણ કર્યું.
- 44 વર્ષોથી સક્રિય રહેલા તિપ્રી તિરુપતિએ પણ આત્મસમર્પણ કરી દીધું છે.
- બાકી રહેલા તમામ ટોચના સશસ્ત્ર માઓવાદી નેતાઓને ઠાર મારવામાં આવ્યા.

**નક્સલબાડી**

નક્સલબાડીથી શરૂ થયેલું આંદોલન 12 રાજ્યોમાં ફેલાયું

જેમાં દેશનો **17%** ભૂભાગ **10%** થી વધુ જનસંખ્યા સામેલ હતી.

## નક્સલવાદની નાબૂદી માટેના ઓપરેશન



**ઓપરેશન ઑક્ટોપસ:** બિહારના બુઢા પહાડ વિસ્તારમાં વર્ષ 2022માં હાથ ધરાયું.

**ઓપરેશન ડબલ બુલ:** ઝારખંડના ગુમલા, લોહરદાગા અને લાતેહાર જિલ્લાઓમાં ફેબ્રુઆરી 2022માં હાથ ધરાયું. ત્રણેય જિલ્લાઓ નક્સલવાદથી મુક્ત થઈ ગયા.

**ઓપરેશન થન્ડર સ્ટોર્મ:** ઝારખંડના સરાયકેલા, પશ્ચિમ સિંહભૂમ અને ખુન્ટી જિલ્લામાં સપ્ટેમ્બર 2022માં હાથ ધરાયું.

**ઓપરેશન ભીમબર્ગ:** મુંગેર જિલ્લામાં જૂન અને જુલાઈ 2022માં હાથ ધરાયું.

**ઓપરેશન ચકબાધા:** બિહારના ગયા અને ઔરંગાબાદ જિલ્લાઓમાં 2022માં હાથ ધરાયું.

**ઓપરેશન બ્લેક ફોરેસ્ટ:** તેલંગાણા અને છત્તીસગઢની સીમા પર આવેલી 50 કિમી લાંબી અને 37 કિલોમીટર પહોળી એક પહાડી પર વર્ષ 2025માં હાથ ધરાયું.

## વિશેષ કોર્ટ અને તપાસ એજન્સીઓનું ગઠન

- NIAને ઘણું મજબૂત બનાવવામાં આવ્યું છે અને LWE પ્રભાવિત રાજ્યોમાં રાજ્ય તપાસ એજન્સીઓ (SIA) પણ સ્થાપિત કરવામાં આવી.
- છત્તીસગઢમાં 4 LWE સ્પેશિયલ કોર્ટ શરૂ કરવામાં આવી અને અન્ય રાજ્યોમાં પણ એક્સક્લુસિવ કોર્ટોની સ્થાપના કરવામાં આવી.

## આર્થિક રીતે નબળા પાડ્યા

નક્સલીઓને મળતા નાણાંકીય સહયોગને રોકવા માટે રાષ્ટ્રીય તપાસ એજન્સીને સક્રિય બનાવીને આક્રમક રણનીતિ અપનાવવામાં આવી. જેના પરિણામે તેમના નાણાકીય સંસાધનોમાં ઘટાડો થયો.



## પોલીસ દળનું આધુનિકીકરણ

- રાજ્યોના પોલીસ દળને સજ્જ અને આધુનિક બનાવવાના પ્રયાસોને 'પોલીસ દળના આધુનિકીકરણ' યોજનાના અંતર્ગત સહાય આપવામાં આવી.
- આ યોજના અંતર્ગત, રાજ્ય સરકારોને હથિયારો, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી માટેના સાધનો, કમ્યુનિકેશન, તાલીમ, પોલીસ સ્ટેશનોના નિર્માણ, મોબિલિટી, પોલીસ આવાસ અને અન્ય પોલીસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કેન્દ્ર સરકારે સહાય કરી.
- સ્પેશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્કીમ (SIS) હેઠળ, LWE પ્રભાવિત રાજ્યોને રાજ્યની સ્પેશિયલ ફોર્સ, સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્રાન્ચ (SIB), જિલ્લા પોલીસ અને મજબૂત પોલીસ સ્ટેશનો (FPS)ના નિર્માણ માટે 1,761 કરોડ રૂપિયાના કામ મંજૂર કરવામાં આવ્યા હતા.






# વિકાસ પણ, વારસો પણ

## સશક્ત, સમૃદ્ધ, સુરક્ષિત ભારત

*રાષ્ટ્રીય એકતા હોય કે પછી નાગરિક કર્તવ્યબોધ, સાંસ્કૃતિક વારસો એક કડી તરીકે કાર્ય કરે છે. આ જ તે મજબૂત કડી છે, જે માત્ર દેશને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને પણ ભારત સાથે જોડે છે. આ જ વિચાર સાથે સાંસ્કૃતિક વારસાનું ગૌરવ લેતું ભારત પોતાના અદ્ભુત ગૌરવશાળી ઈતિહાસ સાથે વર્તમાનમાં નવા આયામો ઉમેરીને વિકાસ અને વારસાને આત્મસાત કરીને છેલ્લા 12 વર્ષોમાં સોનરી ભવિષ્યની પટકથા લખી ચૂક્યું છે. સાથે જ, "એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય"ની થીમ પર "વસુધૈવ કુટુંબકમ"ના મંત્રને અપનાવતા ભારત પર્યાવરણ સંરક્ષણની દિશામાં પણ વિશ્વનું માર્ગદર્શન કરનાર તરીકે ઊભરી આવ્યું છે. વિશ્વની અનેક સંસ્થાઓનો મુખ્ય અવાજ બનીને ભારતે "મિશન લાઈફ" અને પ્રકૃતિ સાથેના તાલમેલનો નવો માર્ગ વિશ્વને ચિંધ્યો છે. પર્યાવરણ પ્રતિબદ્ધતામાં નેતૃત્વના યુગને પ્રસ્થાપિત કરતા ભારતે નવા અધ્યાયની શરૂઆત કરી દીધી છે...*

# અતિતની ઓળખ, ભવિષ્યની દિશા

*ભારતનો વારસો તેની હજારો વર્ષ જૂની સંસ્કૃતિ, સભ્યતા અને પરંપરાઓનું જીવંત પ્રતિબિંબ છે. વિવિધતાથી ભરેલા આ દેશમાં ઐતિહાસિક સ્મારકો અને જીવનશૈલી ઓળખને સમૃદ્ધ બનાવે છે. આજના સમયમાં વારસો માત્ર ભૂતકાળની ધરોહર નથી, પરંતુ વિકાસ અને આત્મગૌરવનો આધાર પણ છે. સરકાર દ્વારા સંરક્ષણ, સંવર્ધન અને ડિજિટલ દસ્તાવેજીકરણ જેવા પ્રયાસો દ્વારા આ અમૂલ્ય ધરોહરને નવી પેઢી સાથે જોડવામાં આવી રહી છે. આ પહેલ આપણા મૂળિયાને મજબૂત કરવાની સાથે સાથે ભારતને વૈશ્વિક સાંસ્કૃતિક નકશા પર વધુ સશક્ત બનાવે છે...*

## નવું સંસદ ભવન

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 28 મે 2023ના રોજ નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન કર્યું અને તેને રાષ્ટ્રને સમર્પિત કર્યું.
- 10 ડિસેમ્બર 2020ના રોજ પીએમ મોદીએ જ નવા સંસદ ભવનના નિર્માણનો શિલાન્યાસ કર્યો હતો.





## રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક

- રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 25 ફેબ્રુઆરી 2019ના રોજ રાષ્ટ્રને સમર્પિત કર્યું. આ સ્મારક સ્વતંત્રતા પછીના વીર સૈનિકોના બલિદાનનું સાક્ષી છે.

## ગુલામીની માનસિકતાથી મુક્તિ



- રાષ્ટ્રીય નાયક અને સ્વતંત્રતા સેનાની સુભાષ ચંદ્ર બોઝની ભવ્ય પ્રતિમા ઈન્ડિયા ગેટ પાસે સ્થાપિત કરવામાં આવી છે. અગાઉ ત્યાં કિંગ જ્યોર્જ પાંચમાની પ્રતિમા હતી તેને દૂર કરવામાં આવી છે.
- ગુલામીનું પ્રતીક કિંગ્સવે એટલે રાજપથ ઈતિહાસનો વિષય બની ગયો અને સપ્ટેમ્બર 2022માં તેનું નામ બદલીને કર્તવ્ય પથ કરવામાં આવ્યું છે.
- રેસ કોર્સ રોડ હવે 7 લોક કલ્યાણ માર્ગ બન્યો, વર્ષ 2016માં.
- ડેલહાઉસી રોડ હવે દારા શિકોહ રોડ બન્યો, વર્ષ 2017માં.
- ભારતીય નૌકાદળ માટે રાષ્ટ્રપતિ ધ્વજ અને રંગ તથા ભારતીય નૌકાદળ પ્રતીક ચિહ્નના નવા ડિઝાઈનનું અનાવરણ 4 ડિસેમ્બર 2022ના રોજ નૌકાદળ દિવસે વિશાખાપટ્ટનમમાં કરવામાં આવ્યું.



- ગુલામીની માનસિકતા પરથી મુક્તિ હેઠળ નૌકાદળને નવો ધ્વજ મળ્યો જેને છત્રપતિ શિવાજી મહારાજના વારસા સાથે જોડવામાં આવ્યો.
- આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહના 21 સૌથી મોટા અનામ દ્વીપોનું નામકરણ 21 પરમવીર ચક્ર વિજેતાઓના નામ પર કરવામાં આવ્યું.

**1,500** કાયદા બ્રિટિશ શાસનકાળ વખતના નાબૂદ કરાયા.

## પ્રધાનમંત્રી સંગ્રહાલય

- 14 એપ્રિલ 2022ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી સંગ્રહાલયનું ઉદ્ઘાટન કર્યું. તે ભારતના તમામ પ્રધાનમંત્રીઓના યોગદાનને માન્યતા આપે છે અને કેવી રીતે લોકશાહીએ સમાજના દરેક વર્ગ અને સ્તરના નેતાઓને રાષ્ટ્રમાં યોગદાન આપવાની તક આપી તેની ઝાંખી કરાવે છે.



## ખોવાયેલો વારસો પાછો લાવવામાં આવ્યો



- 2014થી અત્યાર સુધીમાં, 653થી વધુ ચોરાયેલી વિવિધ પ્રાચીન વસ્તુઓને દેશમાં પરત લાવવામાં આવી છે.
- 2013 પહેલાં, વિદેશથી ભારતમાં માત્ર 13 ચોરાયેલી પ્રાચીન વસ્તુઓ પરત લાવવામાં આવી હતી.

*2016થી, અમેરિકી સરકારે તસ્કરી અથવા ચોરાયેલી ઘણી પ્રાચીન વસ્તુઓની પરત કરવાની સુવિધા પૂરી પાડી છે.*

**2016થી અમેરિકામાંથી ભારતમાં પરત કરાયેલી સાંસ્કૃતિક કલાકૃતિઓની કુલ સંખ્યા 578 છે. આ કોઈપણ દેશ દ્વારા ભારતને પરત કરાયેલી સાંસ્કૃતિક કલાકૃતિઓની સર્વાધિક સંખ્યા છે.**

## યુનેસ્કો : વારસાના માઈલસ્ટોન

- છેલ્લા એક દાયકામાં, ભારતે વિશ્વ વારસાની સૂચિમાં પોતાની હાજરીનું વિસ્તરણ કર્યું છે. ભારતમાં હવે વિશ્વ વારસાની સૂચિમાં 44 સ્થળો અને યુનેસ્કોની સંભવિત સૂચિમાં 69 સ્થળો છે. આ સ્થળોને માત્ર ઈતિહાસના પ્રતીક તરીકે જ નહીં, પરંતુ આવનારી પેઢીઓ માટે શીખવાની જગ્યાઓ તરીકે પણ સંરક્ષિત કરવામાં આવે છે.



## ડિજિટલ આર્કાઈવલ રેકોર્ડ

- ભારતીય રાષ્ટ્રીય આર્કાઈવ (NAI)એ ઐતિહાસિક રીતે મૂલ્યવાન દસ્તાવેજોને સંરક્ષિત કરવા અને સંશોધકો તથા સામાન્ય જનતા માટે આર્કાઈવલ સ્રોતોની સુલભતા સુધારવાના હેતુથી આર્કાઈવલ રેકોર્ડ્સના ડિજિટાઈઝેશન માટે એક તબક્કાવાર કાર્યક્રમ શરૂ કર્યો છે.

### આર્કાઈવ પટલ પોર્ટલ પર હાલમાં ઉપલબ્ધ સામગ્રી

**18.98** કરોડ ડિજિટાઈઝ્ડ પેજ

**40.09** લાખ ડિજિટાઈઝ્ડ ફાઈલો

**74.03** લાખ સંદર્ભ મીડિયા રેકોર્ડ્સ



## સકારાત્મક વારસાનું સંરક્ષણ

- જ્યારે સફળ રાષ્ટ્રો આગળ વધે છે, ત્યારે તેઓ પોતાના સકારાત્મક વારસાને છોડતા નથી, પરંતુ તેનું સંરક્ષણ કરે છે. આજે 'વિકાસ અને વારસાના આ જ વિઝન પર ભારત આગળ વધી રહ્યું છે.
- નોર્થ અને સાઉથ બ્લોકને ભારતના મહાન વારસાનો ભાગ બનાવવામાં આવશે. નોર્થ અને સાઉથ બ્લોકને દેશની જનતા માટે 'યુગે યુગીન ભારત' સંગ્રહાલય તરીકે રૂપાંતરિત કરવામાં આવી રહ્યા છે. દેશનો દરેક નાગરિક અહીં જઈ શકશે, દેશની ઐતિહાસિક યાત્રાના દર્શન કરી શકશે.

## પંચ પ્રણ

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાની પ્રાચીર પરથી તમામ દેશવાસીઓને 'પંચ પ્રણ' - વિકસિત ભારતના લક્ષ્યને અપનાવવા, ગુલામીની માનસિકતાને દૂર કરવા, પોતાની પરંપરાઓ પર ગૌરવ કરવા, એકતા અને અખંડિતતા માટે સંપૂર્ણ જીવન સમર્પિત કરવા અને દરેક નાગરિકના મનમાં કર્તવ્યની ભાવના જગાવવા માટે આહ્વાન કર્યું છે.

## સ્મારકોનો નવો યુગ: વારસાથી નવી પ્રેરણા

- પ્રધાનમંત્રી સંગ્રહાલય, રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક, રાષ્ટ્રીય પોલીસ સ્મારક, જલિયાંવાલા બાગ સ્મારક, બિપ્લોબી ભારત ગેલેરીના નિર્માણ સાથે સાથે દેશભરમાં 11 જનજાતીય સંગ્રહાલયોને મંજૂરી.

# વૈશ્વિક ફલક પર સાંસ્કૃતિક ઓળખ

*જ્યારે કોઈ દેશની આર્થિક શક્તિ સાથે સાંસ્કૃતિક વારસાને સ્વીકારવામાં આવે છે, ત્યારે સાચા અર્થમાં વૈશ્વિક મંચ પર તે દેશને સન્માન અને ઓળખ મળે છે. આ જ કારણ છે કે, છેલ્લા 12 વર્ષોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે એવા ઘણાં કાર્યો કર્યાં છે જેના કારણે દેશના લોકોને પોતાની સાંસ્કૃતિક વારસા પર ગૌરવ થાય છે*



## રામ મંદિર

- અયોધ્યામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 22 જાન્યુઆરી 2024ના રોજ ભવ્ય શ્રીરામ મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરી, જે 500 વર્ષોની પ્રતીક્ષાનો અંત હતો.
- ભવ્ય શ્રી રામ જન્મભૂમિ મંદિરનું નિર્માણ પરંપરાગત નાગર શૈલીમાં કરવામાં આવ્યું છે.
- મંદિરની લંબાઈ (પૂર્વ-પશ્ચિમ) 380 ફૂટ છે, પહોળાઈ 250 ફૂટ અને ઊંચાઈ 161 ફૂટ છે.
- મંદિરના સ્તંભો અને દીવાલો પર હિંદુ દેવી-દેવતાઓની મૂર્તિઓનું ઝીણવટપૂર્ણ ચિત્રણ કરવામાં આવ્યું છે.
- ભૂતલ પર મુખ્ય ગર્ભગૃહમાં ભગવાન શ્રી રામના બાળ સ્વરૂપ (શ્રી રામલલ્લાની મૂર્તિ) રાખવામાં આવ્યું છે.
- શ્રીરામ મંદિરે 25 નવેમ્બર 2025ના રોજ ભગવો ધ્વજ લહેરાવીને પરિસરના નિર્માણ કાર્ય પૂર્ણ થયું.

## ભૂમિ પૂજન અને શિલાન્યાસ

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 5 ઓગસ્ટ 2020ના રોજ શ્રી રામ મંદિર નિર્માણ માટે ભૂમિ પૂજન અને શિલાન્યાસ કર્યો હતો.
- 5 ફેબ્રુઆરી 2020ના રોજ ભારત સરકારે તેના માટે મંજૂરી આપી હતી.
- 9 નવેમ્બર 2019ના રોજ સર્વોચ્ચ ન્યાયાલયે સંપૂર્ણ 2.77 એકર વિવાદિત જમીન સર્વસંમતિથી અને ઐતિહાસિક નિર્ણય આપીને શ્રીરામ મંદિર નિર્માણ માટે આપી દીધી.

**"આ ભવ્ય રામ મંદિર ભારતના ઉત્કર્ષ અને ઉદયનું સાક્ષી બનશે. આ ભવ્ય રામ મંદિર ભારતની સમૃદ્ધિ અને વિકસિત ભારતનું સાક્ષી બનશે.**

**- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી (અયોધ્યામાં રામ મંદિરના પ્રતિષ્ઠાપન સમારંભમાં 22 જાન્યુઆરી 2024ના રોજ)**







## શ્રી કાશી વિશ્વનાથ કોરિડોર

**5.5** એકરમાં ફેલાયેલી 355 કરોડ રૂપિયાની પરિયોજના કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્ઘાટન 13 ડિસેમ્બર 2021ના રોજ થયું.

- આ કોરિડોર કાશી વિશ્વનાથ મંદિરને ચાર લેન માર્ગ દ્વારા સીધું ગંગા નદી સાથે જોડે છે. મંદિર જતાં તીર્થયાત્રીઓને સુગમતા પ્રદાન કરે છે.

**3,880** કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 11 એપ્રિલે કાશીમાં શુભારંભ કર્યો.

- વર્ષ 2014થી માર્ચ 2025 સુધી કાશીમાં વિકાસ હેઠળ કુલ 48,459 કરોડ રૂપિયાની કિંમતની 580 પરિયોજનાઓ પર કામ શરૂ થયું.



> *કાશી આજે માત્ર પ્રાચીનતા જ નહીં, પ્રગતિનું પણ પ્રતીક છે.*
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## મહાકાલ લોક પરિયોજના

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 11 ઓક્ટોબર 2022ના રોજ મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં મહાકાલ લોક પરિયોજનાનો પહેલો તબક્કો રાષ્ટ્રને સમર્પિત કર્યો.
- સંપૂર્ણ પરિયોજનાનો ખર્ચ 850 કરોડ રૂપિયા છે.
- મહાકાલ પથ પર 108 સ્તંભ છે, જેમા ભગવાન શિવના આનંદ તાંડવ સ્વરૂપને દર્શાવવામાં આવ્યું છે.
- મહાકાલ પથના કિનારે ભગવાન શિવના જીવનને દર્શાવતી ઘણી ધાર્મિક મૂર્તિઓ સ્થાપિત છે.
- પથના કિનારે બનેલી ભીંતચિત્રોની દિવાલ પર શિવ પુરાણમાંથી સૃષ્ટિની કથાઓ, ગણેશજીનો જન્મ, સતી અને દક્ષની કથા વગેરે અંકિત છે.
- પરિસરની દેખરેખ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને કેમેરાઓની મદદથી કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા કરવામાં આવે છે.



## માં કામાખ્યા મંદિર, આસામ

માં કામાખ્યા મંદિરના વિકાસમાં મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને યાત્રાળુ સુવિધાઓ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેના કારણે વધુ સારી સુવિધાઓ, આરામદાયક અને સરળતાથી પહોંચી શકાય તેવો આધ્યાત્મિક અનુભવ સુનિશ્ચિત થયો.



## કેદારનાથ મંદિર, ઉત્તરાખંડ

કેદારનાથના વિકાસમાં આદિ શંકરાચાર્યની પ્રતિમાનું સ્થાપન સામેલ છે, જે સભ્યતાગત એકતાનું પ્રતિક છે અને તીર્થસ્થળના આધ્યાત્મિક મહત્વને વધારે છે.



## જૂના સોમનાથ મંદિરનું પુનર્નિર્માણ, ગુજરાત

સોમનાથ મંદિરની આસપાસના વિકાસ અને પાર્વતી મંદિરના નિર્માણ સહિત મુખ્ય તીર્થસ્થળોનો જીર્ણોદ્ધાર કરીને અહલ્યાબાઈ હોલ્કરના વારસાને આગળ વધારવામાં આવ્યો છે.

- યાત્રાળુઓને અરબ સમુદ્ર સામે સોમનાથ મંદિરનું ભવ્ય દશ્ય બતાવવા માટે પગપાળા માર્ગ (વૉક-વે) તૈયાર કરવામાં આવ્યો



## વિદેશ મંત્રાલયમાં અલગથી વિભાગ બનાવાયો

ભારતીય વિદેશ મંત્રાલયે સાંસ્કૃતિક વારસાના જીર્ણોદ્ધાર, નવીનીકરણ અને સંભાળ માટે એક અલગ વિભાગ બનાવ્યો છે.

# પર્યાવરણ પ્રત્યે પ્રતિબદ્ધતામાં નેતૃત્વનો યુગ

*એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યની થીમ પર વસુધૈવ કુટુંબકમના મંત્રને અપનાવતા ભારત પર્યાવરણ સંરક્ષણની દિશામાં પણ વિશ્વનું માર્ગદર્શન કરનાર દેશ તરીકે ઉભર્યું છે. વિશ્વની અનેક સંસ્થાઓનો મજબૂત અવાજ બનીને ભારતે દુનિયાને મિશન લાઈફ અને પ્રકૃતિ સાથે તાલમેલની નવી દિશા બતાવી છે. છેલ્લા 12 વર્ષોમાં કેન્દ્ર સરકારે પ્રકૃતિ સાથે તાલમેલના નવા યુગની શરૂઆત કરી છે...*

## દુનિયાનું નેતૃત્વ કરી રહેલું ભારત

- ભારતે UNFCCC અને પેરિસ સમજૂતી હેઠળ પોતાના જળવાયુ લક્ષ્યોને સતત આગળ વધાર્યા છે. 2015ના પ્રારંભિક NDC લક્ષ્યોથી લઈને હવે 2031-2035ના નવા લક્ષ્યો સુધી ભારત પોતાની પ્રતિબદ્ધતા નિભાવી રહ્યું છે. ભારત હવે જળવાયુ પરિવર્તનની ચર્ચાઓમાં એક મજબૂત અને મુખ્ય અવાજ બની ગયું છે.
- વર્ષ 2015માં ભારતે UNFCCC હેઠળ પોતાનું પ્રથમ નેશનલ ડિટરમાઈન્ડ કોન્ટ્રિબ્યુશન (NDC) રજૂ કર્યું, જેમાં 2030 સુધીના લક્ષ્યો નક્કી કરવામાં આવ્યા હતા.
- COP21 પછીથી પીએમ મોદીના "ક્લાઈમેટ જસ્ટિસ" એટલે કે જળવાયુ ન્યાયના સિદ્ધાંતે એવું સુનિશ્ચિત કર્યું કે જળવાયુ પરિવર્તન સંબંધિત મુદ્દાઓમાં સમાનતા અને ન્યાયની ચિંતાઓને અવગણવામાં ન આવે.
- ગ્લાસગોમાં યોજાયેલા COP26 શિખર સંમેલન (2021)માં પીએમ મોદીએ "લાઈફસ્ટાઈલ ફોર એન્વાયરમેન્ટ" એટલે કે LiFEનો વિચાર રજૂ કર્યો, જેનો હેતુ લોકોને અને સમુદાયોને દૈનિક જીવનમાં નાના-નાના પર્યાવરણ માટે અનુકૂળ કાર્યો અપનાવવા માટે પ્રેરિત કરવાનો છે, જેથી જળવાયુ પરિવર્તનનો સામનો કરી શકાય.



- પ્રધાનમંત્રી મોદીની "પંચામૃત" પહેલ, જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે ભારતને વૈશ્વિક આદર્શ તરીકે રજૂ કરે છે.
- BRICS 2026: ભારતે સભ્ય દેશો સાથે ટકાઉ જીવનશૈલીને પ્રોત્સાહન આપવું, વનીકરણ, વનાગ્નિ વ્યવસ્થાપન અને આપદાનો સામનો કરવાની ક્ષમતા, ચક્રીય અર્થતંત્ર તથા જળવાયુ અનુકૂલન જેવા વિષયો પર ચર્ચા શરૂ કરી છે.
- UNEA-7માં વનાગ્નિ પર પ્રસ્તાવ: ડિસેમ્બર 2025માં કેન્યાના નૈરોબીમાં યોજવામાં આવેલા સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ સભા (UNEA-7) ના 7મા સત્રમાં ભારત તરફથી રજૂ કરાયેલ "વનાગ્નિ વ્યવસ્થાપન માટે વૈશ્વિક પ્રતિક્રિયાને મજબૂત બનાવવાના પ્રસ્તાવ"ને સ્વીકારવામાં આવ્યો.

### દેશમાં લગભગ 4 ગણી થઈ અક્ષય ઊર્જા ક્ષમતા




### અક્ષય ઊર્જાનું નેતૃત્વ કરતું ભારત

- વિશ્વમાં અક્ષય ઊર્જાની સ્થાપિત ક્ષમતાના મામલે ભારત ત્રીજા સ્થાને છે.
- પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં ભારત વિશ્વનો ચોથો સૌથી મોટો દેશ છે.
- સૂર્ય ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં ભારત ત્રીજા સ્થાને છે.
- ભારતે બિન-અશ્મિગત ઊર્જાની સ્થાપિત ક્ષમતા માર્ચ 2026 સુધીમાં 283.47 ગીગાવોટ હાંસલ કરી છે. કુલ 532.74 ગીગાવોટની સ્થાપિત વીજ ક્ષમતામાંથી આ 53.21% હિસ્સો છે.



## સમય પહેલાં લક્ષ્ય પ્રાપ્ત

- GDPની ઉત્સર્જન તીવ્રતા (Emission Intensity) ઘટાડવાનું લક્ષ્ય ભારતે 11 વર્ષ વહેલું, એટલે કે 2019માં જ હાંસલ કરી લીધું હતું.
- ભારતે બિન-અશ્મિગત ઈંધણ આધારિત ઊર્જા સ્ત્રોતોની ભાગીદારી વધારવા સંબંધિત નેશનલ ડિટરમાઈન્ડ કોન્ટ્રિબ્યુશન (NDC) 2015નું લક્ષ્ય સમય કરતાં 9 વર્ષ વહેલું પૂર્ણ કરી લીધું છે.
- રાષ્ટ્રીય જૈવ ઈંધણ નીતિ હેઠળ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનું લક્ષ્ય પણ નિર્ધારિત સમય કરતાં 5 મહિના વહેલું હાંસલ કરવામાં આવ્યું છે.
- બિન-અશ્મિગત આધારિત ઊર્જા સ્ત્રોતોથી 50% સ્થાપિત વીજ ક્ષમતા હાંસલ કરવાનું પેરિસ સમજૂતી હેઠળ નક્કી કરાયેલું 2030નું લક્ષ્ય જૂન 2025માં, એટલે કે 5 વર્ષ વહેલું પ્રાપ્ત થયું છે.
- 2005 થી 2020 વચ્ચે ભારતે પોતાની ઉત્સર્જન તીવ્રતામાં 36% નો ઘટાડો કર્યો છે.
- વર્ષ 2021 સુધી ભારતે 2.29 અબજ ટન COની સમકક્ષ વધારાનું કાર્બન અવશોષક તૈયાર કર્યું, જે 2030ના 2.5 અબજ ટનના લક્ષ્યની ખૂબ નજીક છે.
- માર્ચ 2026માં પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કેન્દ્રિય મંત્રીમંડળે 2031-2035ના સમયગાળા માટે ભારતના આગામી NDCને મંજૂરી આપી.
- ભારત વર્ષ 2030 સુધીમાં 500 ગીગાવોટ બિન-અશ્મિગત ઈંધણ આધારિત વીજ ક્ષમતા હાંસલ કરશે.



## સ્વચ્છતા માટે આદતમાં પરિવર્તન

- સ્વચ્છતાથી લઈને સિંગલ-યૂઝ પ્લાસ્ટિક ટાળવા સુધી, પ્રધાનમંત્રી મોદીએ લોકોને પર્યાવરણ સંરક્ષણ માટે પોતાની જીવનશૈલીમાં ફેરફાર કરવા માટે સતત પ્રેરણા આપી છે.
- ગોબરધન યોજના 'કચરાથી કંચન' પહેલ છે, જે ચક્રીય અર્થતંત્ર અને મિશન LiFEને અનુરૂપ છે. 30 એપ્રિલ 2018ના રોજ તેની શરૂઆત થઈ હતી. જાન્યુઆરી, 2026 સુધીમાં 189 સંકુચિત બાયોગેસ પ્રોજેક્ટ શરૂ થઈ ગયા છે.

**સ્વચ્છ ભારત**

**12** કરોડથી વધુ શૌચાલયોનું નિર્માણ



**262** કરોડ વૃક્ષો "એક વૃક્ષ માંના નામે" અભિયાનમાં વાવવામાં આવ્યા.

નમામિ ગંગે જેવા અભિયાનોને જનઆંદોલનનું સ્વરૂપ આપી એ સુનિશ્ચિત કર્યું કે લોકોની આદતોમાં મોટા પાયે કાયમી પરિવર્તન આવે.



> ***"આપણે આ મંત્ર યાદ રાખવાનો છે - પ્રકૃતિ રક્ષતિ રક્ષિતા, અર્થાત્ જે પ્રકૃતિની રક્ષણ કરે છે, પ્રકૃતિ તેમનું રક્ષણ કરે છે. મને વિશ્વાસ છે કે આપણે આપણા મિશન LiFEનું પાલન કરીને વધુ સારી દુનિયાનું નિર્માણ કરીશું.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે બતાવી દીધું છે કે વિકાસ અને પર્યાવરણનું સંરક્ષણ એક સાથે આગળ વધી શકે છે. પર્યાવરણ સંબંધિત કાયદાઓમાં સુધારાથી નિયમોનું વધુ સારું પાલન અને વ્યવસાય કરવાની સરળતા બંનેમાં વધારો થયો છે.**

## રેલવે લાઇનનું વિદ્યુતીકરણ...

**એક વર્ષમાં 178 કરોડ લીટર ડીઝલની બચત**




**2014 પછી રેલવે પેસેન્જર કોચમાં 3.61 લાખ બાયો-ટોયલેટ લગાવવામાં આવ્યા, જ્યારે 2004 થી 2014 દરમિયાન માત્ર 9,587 લગાવવામાં આવ્યા હતા.**

## સૂર્યની ઊર્જાથી ઘરમાં અજવાળું

**35.88 લાખ ઘરોમાં 30 એપ્રિલ 2026 સુધીમાં પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજના અંતર્ગત સોલર સિસ્ટમ લગાવવામાં આવી. યોજનામાં સ્થાપિત ક્ષમતા 10.77 ગીગાવોટ સુધી પહોંચી. 19,480 કરોડ રૂપિયાની સબસિડી આપી.**




**53 ગણો વધારો થયો સોલર ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં**




**સૌર ઊર્જા ટેરિફમાં 65 ટકા ઘટાડો**

## ક્ષમતા વિસ્તરણ સાથે નિયમોમાં કડકાઈ પણ

કેન્દ્ર સરકારે ઘન કચરો વ્યવસ્થાપન (SWM) નિયમો, 2026 જાહેર કર્યા છે, જે ઘન કચરો વ્યવસ્થાપન નિયમો, 2016ના બદલે અમલમાં રહેશે. આ નિયમો 1 એપ્રિલ, 2020થી સંપૂર્ણ રીતે અમલમાં આવ્યા છે. નિયમોમાં 'પ્રદૂષક ચુકવણી સિદ્ધાંત'ના આધારે પર્યાવરણીય વળતર વસૂલવાની જોગવાઈ છે. ઘન કચરો વ્યવસ્થાપન નિયમો, 2026 હેઠળ કચરાને ભીના કચરા, સુકા કચરા, સ્વચ્છતા કચરા અને વિશેષ સંભાળના કચરા તરીકે અલગ પાડવાનું આવશ્યક કરવામાં આવ્યું છે.

### ઘન કચરાનું પ્રોસેસિંગ 5 ગણું થયું




### સમય સાથે ઇંધણની પણ બચત

ફાસ્ટેગના કારણે ટોલ પ્લાઝા પર રાહ જોવાનો સમય 12 મિનિટથી ઘટાડીને 47 સેકન્ડ કરતાં પણ ઓછો થઈ ગયો છે, આ આધુનિક સિસ્ટમથી ઈંધણની બચત થવાથી દર વર્ષે અંદાજે 1,500 કરોડ રૂપિયાની બચત થઈ રહી છે.

### ઈથેનોલના મિશ્રણમાં 13 ગણો વધારો




**ભારતના 13 સમુદ્ર કિનારાઓને બ્લૂ ફ્લેગ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે, જે સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, સુરક્ષા અને વધુ સારી પર્યટન સુવિધાઓ માટે આપવામાં આવે છે.**

# વન્યજીવોના કલ્યાણ અને સંરક્ષણની પહેલ

*દેશમાં વન ક્ષેત્રમાં નોંધપાત્ર વધારો થયો છે. સંરક્ષિત જંગલોનો વિસ્તાર પણ સતત વધી રહ્યો છે. માત્ર રામસર સ્થળો જ દેશમાં જૈવ વિવિધતાને પ્રોત્સાહન આપી રહ્યા છે એવું નથી, પરંતુ પ્રોજેક્ટ ટાઈગરે દેશમાં વાઘોની સંખ્યામાં પણ વધારો કર્યો છે. આફ્રિકન ચિત્તાઓને ભારતમાં લાવવાની આંતર-ખંડીય પહેલથી દેશમાં જૈવ વિવિધતાને પ્રોત્સાહન મળ્યું છે. દેશમાં ચિત્તાઓની સંખ્યા વધવાની સાથે સાથે ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડના બચ્ચાં પણ નવી પહેલ હેઠળ જન્મ લઈ રહ્યા છે, કારણ કે આપણા શાસ્ત્રોમાં પણ જીવમાત્રના કલ્યાણની કામના કરવામાં આવી છે...*

## રામસર સ્થળોથી લઈને વાઘ-ડોલ્ફિન સંરક્ષણ સુધી ભારત




*છેલ્લા 12 વર્ષોમાં ભારતે 73 નવા રામસર સ્થળો ઉમેરીને આ દિશામાં પોતાની પ્રતિબદ્ધતાને ઘણી મજબૂત બનાવી છે.*

- ભારતમાં છેલ્લા એક દાયકામાં વાઘની સંખ્યા બમણીથી પણ વધુ થઈ ગઈ છે. 2022ની ગણતરી અનુસાર વાઘોની સંખ્યા વિક્રમી 3,682 સુધી પહોંચી ગઈ છે.
- આજે દુનિયાના લગભગ 70% વાઘ ભારતમાં જોવા મળે છે. એટલું જ નહીં, પ્રોજેક્ટ ટાઈગર હેઠળ સંરક્ષિત જંગલોનો વિસ્તાર વધીને લગભગ 25,000 ચોરસ કિલોમીટર થઈ ગયો છે.



- પ્રોજેક્ટ ચિત્તા દુનિયાની પ્રથમ આંતર-ખંડીય મોટી જંગલી માંસાહારી પ્રજાતિના સ્થાનાંતરણની યોજના છે. આ પહેલથી દેશની વન્યજીવ વિવિધતાને પ્રોત્સાહન મળ્યું છે.
- વર્ષ 2023માં 70 વર્ષ બાદ ભારતમાં બાળ ચિત્તાનો જન્મ થયો, કારણ કે તે પહેલાં દેશમાં ચિત્તાઓ લુપ્ત થઈ ગયા હતા. હવે ભારતમાં જન્મેલા આવા બચ્ચાની કુલ સંખ્યા 37 સુધી પહોંચી ગઈ છે.




**13,874** ચિત્તાની સંખ્યા, ભારતમાં ચિત્તાની સ્થિતિ અહેવાલ-2022 અનુસાર નોંધાઈ છે.



*'ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ' (GIB)નું એક બચ્ચું ગુજરાતના કચ્છમાં લગભગ એક દાયકાં બાદ જન્મ્યું છે. આ સિદ્ધિ 'જમ્પસ્ટાર્ટ એપ્રોચ' નામના એક નવીન સંરક્ષણ ઉપાય દ્વારા શક્ય બની છે. તેની યોજના એક વર્ષ પહેલાં બનાવવામાં આવી હતી. પ્રોજેક્ટ GIBની કલ્પના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2011માં ગુજરાત સહિત તેના કુદરતી આવાસોમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડના સંરક્ષણ માટે કરી હતી.*

**દેશમાં પ્રોજેક્ટ ટાઈગર, પ્રોજેક્ટ એલિફન્ટ, પ્રોજેક્ટ લાયન, પ્રોજેક્ટ સ્નો લેપર્ડ, પ્રોજેક્ટ ડોલ્ફિન હેઠળ મુખ્ય પ્રજાતિઓના સંરક્ષણનું કામ કરવામાં આવી રહ્યું છે. લુપ્તપ્રાય 24 પ્રજાતિઓ પર કેન્દ્રિત સંરક્ષિત કાર્યવાહી કરવામાં આવી રહી છે જેમાં સમુદ્રી કાચબાનો પણ સમાવેશ થાય છે.**



## વન્યજીવો માટે કરવામાં આવેલી પહેલ

**1,134** સંરક્ષિત વિસ્તારો દેશમાં વન્યજીવોની સુરક્ષા, સંવર્ધન અને વિકાસ માટે થયા વર્ષ 2025માં, જ્યારે 2020માં 921 વિસ્તારો હતા.

58 ટાઈગર રિઝર્વની સંખ્યા 2025માં દેશમાં થઈ, જ્યારે 2014માં 48 હતી. 31થી વધીને 33 એલિફન્ટ રિઝર્વની સંખ્યા 2020થી 2025 વચ્ચે થઈ.





- રાષ્ટ્રીય વન્યજીવ બોર્ડની બેઠકમાં ઘડિયાલ (મગરની પ્રજાતિ)ના સંરક્ષણ અને તેમના અસ્તિત્વ પર થતા જોખમોનો સામનો કરવા માટે એક નવી પહેલને મંજૂરી આપવામાં આવી છે. હવે ઘડિયાલ કેન્દ્ર સરકારના 'વન્યજીવ આવાસ કાર્યક્રમ'ના પ્રજાતિ પુનઃસ્થાપન કાર્યક્રમમાં સામેલ છે.
- માનસ-પ્રોબિતોરા-નામેરી-કાજીરંગા-ડિબ્રૂ-સૈખોવા વન્યજીવ પરિપથનો વિકાસ કરવામાં આવ્યો.
- પન્ના-મુકુન્દપુર-સંજય દુબરી-બાંધવગઢ-કાન્હા-મુક્કી-પેંચમાં વન્યજીવ પરિપથનો વિકાસ કરવામાં આવ્યો.

"

***અમને આ વાતનું ગૌરવ છે કે ભારતમાં વિશ્વના કેટલાક સૌથી અદ્ભુત પ્રાણીઓ જોવા મળે છે. વિશ્વમાં 70%થી વધુ વાઘોનું નિવાસ આપણે ત્યાં છે. અમારા અહીં એક શૃંગી ગેંડાઓની સૌથી મોટી વસ્તી અને એશિયાઈ હાથીઓની સૌથી વધુ સંખ્યા પણ છે. ભારત વિશ્વનું એકમાત્ર એવું સ્થાન છે જ્યાં વનરાજ એશિયાઈ સિંહો ફૂલી-ફાલી રહ્યા છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***






'ધ આર્ટ ઓફ લિવિંગનો સ્થાપના સમારંભ

# બેંગલુરુએ આધ્યાત્મ અને આધ્યાત્મિક ચેતનાને નવી ઊંચાઈ સુધી પહોંચાડ્યા

***સોફ્ટવેર અને સેવાઓ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ બેંગલુરુએ ભારતની સાંસ્કૃતિક ઓળખ, આધ્યાત્મ અને આધ્યાત્મિક ચેતનાને પણ નવી ઊંચાઈઓ સુધી પહોંચાડ્યા છે. આજે વિશ્વભરના લોકો ભારતના આધ્યાત્મિક મૂલ્યોથી પ્રભાવિત છે અને આ જ પ્રાચીન મૂલ્યોથી ભારતની અનેક સંસ્થાઓ પણ પ્રેરણા મેળવી રહી છે. 10 મેના રોજ કર્ણાટકના બેંગલુરુમાં ધ આર્ટ ઓફ લિવિંગના 45મા સ્થાપના વર્ષ સમારંભમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, જ્યારે સંકલ્પ સ્પષ્ટ હોય અને સેવા ભાવનાથી કામ કરવામાં આવે, ત્યારે દરેક પ્રયાસ સુખદ પરિણામ આપે છે...***

ધ આર્ટ ઓફ લિવિંગનું બીજ 45 વર્ષ પહેલાં શ્રી શ્રી રવિશંકરે વાવ્યું હતું, જે હવે એક વિશાળ વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે. ધ આર્ટ ઓફ લિવિંગના સ્થાપના વર્ષ સમારંભમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "આજે તે આપણી સમક્ષ એક વિશાળ વટવૃક્ષ તરીકે ઉભું છે, જેની હજારો શાખાઓ વિશ્વભરમાં અસંખ્ય લોકોના જીવનને સ્પર્શી રહી છે." ભારતની ભાષાઓ, પરંપરાઓ, રિવાજો અને ઉપાસનાની પદ્ધતિઓથી સમૃદ્ધ વૈવિધ્ય ધરાવે છે. આ સુંદર વૈવિધ્યોને કઈ બાબત એક તાતણે બાંધે છે? તેનો જવાબ છે - પોતાને માટે નહીં, પરંતુ અન્ય માટે જીવવું. ભારતના મૂલ્યોમાં ઊંડે સુધી વણાયેલા યોગ, ધ્યાન અને પ્રાણાયામની પરંપરા. પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે આજે વિશ્વભરના લોકો ભારતના આધ્યાત્મિક મૂલ્યોથી પ્રભાવિત છે અને આ જ પ્રાચીન મૂલ્યોમાંથી ભારતની અનેક સંસ્થાઓ પ્રેરણા મેળવી રહી છે.

પુરાણોના પ્રાચીન શિક્ષણોમાં ઉલ્લેખ છે કે અન્યની સેવા કરવી એ પુણ્ય છે, જ્યારે અન્યને પીડા આપવી એ પાપ છે. સેવા ભારતીય સમાજનો સ્વાભાવિક સ્વભાવ છે. ભારતના અનેક આધ્યાત્મિક આંદોલનોએ અંતે માનવતાની સેવા તરીકે પોતાને વ્યક્ત કર્યા છે. આ જ ભાવના ધ આર્ટ ઓફ લિવિંગના દરેક પ્રયાસમાં પણ દેખાય છે. પીએમ મોદીએ કહ્યું કે, ભારતના સર્વાંગી વિકાસને આગળ વધારવામાં ધ આર્ટ ઓફ લિવિંગ જેવી સંસ્થાઓની ભૂમિકા મહત્વપૂર્ણ છે. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડાવા પર ધ્યાન આપવાની વિનંતી કરતાં કહ્યું કે, કાયમી કૃષિ પોતે જ "આર્ટ ઓફ લિવિંગ"ની અભિવ્યક્તિ છે. તેમજ રસાયણોથી ધરતી માતાનું રક્ષણ કરવું એ આધ્યાત્મિક સાધના અને પર્યાવરણ સંરક્ષણ બંનેનું પ્રતિક છે. પ્રાકૃતિક ખેતી અપનાવવી અને ધરતી માતાને રસાયણોથી બચાવવી, આ પણ આર્ટ ઓફ લિવિંગ છે.

પ્રધાનમંત્રી મોદીએ "પર ડ્રોપ મોર ક્રોપ" પહેલ દ્વારા ખેડૂતોમાં વધુ સારી જળ વ્યવસ્થાપન પદ્ધતિઓ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પાણીનું દરેક ટીપું બચાવવું એ પણ આર્ટ ઓફ લિવિંગ છે.

> ***બેંગલુરુનો માહોલ... અહીંનું વાતાવરણ... કંઈક અલગ જ હોય છે. આ શહેર software અને services માટે દુનિયાભરમાં જાણીતું છે. પરંતુ ભારતની સાંસ્કૃતિક ઓળખ... Spirituality... આધ્યાત્મિક ચેતનાને પણ આ શહેરે નવી ઊંચાઈ આપી છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

**પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.**

# ભારત બનાવી રહ્યું છે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર

*ભારત આજે 'રિફોર્મ એક્સપ્રેસ' પર ઝડપી ગતિએ આગળ વધીને વિશ્વસ્તરીય માર્ગો, રેલ, હવાઈ અને ઊર્જા સંપર્ક સુવિધાઓનું વિસ્તરણ કરી રહ્યું છે. 'પીએમ મિત્ર પાર્ક'ની મદદથી ભારતના સમૃદ્ધ કાપડ ઉદ્યોગના વારસાને ફરી મજબૂત બનાવવામાં આવી રહ્યો છે. આ જ ક્રમને આગળ વધારતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 10 મેના રોજ તેલંગાણાના હૈદરાબાદમાં અંદાજે 9,400 કરોડ રૂપિયાની વિકાસ યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું...*



**અતીતમાં જ્યારે ભારત દુનિયાની ખૂબ મોટી અર્થવ્યવસ્થા હતું... ત્યારે અમારા વસ્ત્ર ઉદ્યોગની ભૂમિકા ઘણી મોટી હતી. હવે અમે આપણા એ વારસાને ફરી સશક્ત બનાવી રહ્યા છીએ. વારંગલનો પીએમ મિત્ર પાર્ક, દેશમાં ટેક્સટાઈલ ક્રાંતિને ગતિ આપશે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

તેલંગાણાના લોકોનું જીવન સરળ બનાવવા અને યુવાનો માટે રોજગારના નવા માર્ગો ખોલવા માટે 10 મેના રોજ હૈદરાબાદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અનેક યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ યોજનાઓથી ભવિષ્યમાં અહીં બનનારા વાહનો અને મશીનો, આ ઝોનમાં સ્થાપિત થનારા ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગોની સાથે સાથે સમગ્ર ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ થશે. તેનો લાભ સામાન્ય લોકોની સાથે સાથે તેલંગાણાના શ્રમિકો અને ખેડૂતોને પણ મળશે.

સાયબરાબાદ, તેલંગાણાના હૈદરાબાદ શહેરનું એક મુખ્ય આઈટી અને વ્યાવસાયિક કેન્દ્ર છે. આ જ કારણથી સાયબરાબાદથી તેલંગાણાને દેશનું એક મોટું વિનિર્માણ પાવરહાઉસ બનાવવા માટે અનેક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે. આજે ભારત રિફોર્મ એક્સપ્રેસ પર ચાલી રહ્યું છે. સાથે સાથે આજનું ભારત આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ બનાવી રહ્યું છે. ઝહીરાબાદ ઈન્ડસ્ટ્રીયલ એરિયાના નિર્માણ પાછળ પણ આ જ લક્ષ્ય છે. આ ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર વિકસાવવા માટે ભારત સરકારના રાષ્ટ્રીય અભિયાનનો ભાગ છે. અહીં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર હશે, ઉત્તમ વીજ પુરવઠો હશે અને દુનિયાભરના રોકાણકારો માટે અહીં ઉદ્યોગ માટે જરૂરી દરેક સુવિધા ઉપલબ્ધ હશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે વારંગલમાં બનેલું 'પીએમ મિત્ર પાર્ક' દેશમાં વસ્ત્ર ક્રાંતિને ગતિ આપશે. તેમાં જોડાનારા એકમોએ PLI યોજના સહિત કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના લાભ મળશે. લાભાર્થી ઉદ્યોગોએ PLI યોજનાનો લાભ મેળવવાનું શરૂ પણ કરી દીધું છે. આ ટેક્સ્ટાઈલ પાર્ક મોટી સંખ્યામાં (ખાસ કરીને બહેનો-દીકરીઓ માટે) રોજગારની તકો ઉપલબ્ધ કરાવશે.

પીએમ મોદીએ કહ્યું હતું કે માર્ગ, રેલ અને હવાઈ મથકો જેવા આધુનિક જોડાણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારત સરકારે છેલ્લા 12 વર્ષમાં અભૂતપૂર્વ રોકાણ કર્યું છે. માત્ર રાષ્ટ્રીય ધોરીમાર્ગોના વિકાસ માટે જ અંદાજે 1 લાખ 75 હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. તેલંગાણાને રાષ્ટ્રીય ફોકસથી ઘણો લાભ થયો છે. છેલ્લા 12 વર્ષમાં રાજ્યનું રાષ્ટ્રીય ધોરીમાર્ગ નેટવર્ક બમણું થયું છે. વર્ષ 2014 પહેલાં અવિભાજિત આંધ્રપ્રદેશનું રેલવે બજેટ 1,000 કરોડ રૂપિયાથી પણ ઓછું હતું, જ્યારે તેલંગાણાની હાલની વાર્ષિક રેલવે ફાળવણી 5,500 કરોડ રૂપિયાથી પણ વધુ છે. અંદાજે 50,000 કરોડ રૂપિયાની રેલવે યોજનાઓ હાલમાં ચાલી રહી છે. તેલંગાણામાં પાંચ વંદે ભારત અને છ અમૃત ભારત ટ્રેનો શરૂ કરવામાં આવી છે.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.




## પીએમ મિત્ર પાર્કનું ઉદ્ઘાટન

વારંગલમાં 1,700 કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત પીએમ મિત્ર પાર્કનું ઉદ્ઘાટન. તેને કાકતિયા મેગા ટેક્સટાઈલ પાર્ક તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પાર્ક ભારતનો પ્રથમ સંપૂર્ણ રીતે કાર્યરત પીએમ મિત્ર પાર્ક છે. આ પાર્ક પ્રસ્તાવિત નાગપુર - વિજયવાડા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે (રાષ્ટ્રીય ધોરીમાર્ગ - 163G)ની નજીક અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ - 163 પાસે આવેલો છે. આ પાર્ક મુખ્ય રેલવે નેટવર્ક અને બંદરો સાથે ઉત્તમ મલ્ટીમોડલ જોડાણ પ્રદાન કરે છે.

## કૅન્સર દર્દીઓની સારવારની વ્યવસ્થા

હૈદરાબાદ સ્થિત સિંધુ હોસ્પિટલ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી. આ હોસ્પિટલ કૅન્સરના ઉપચાર માટેની અદ્યતન મલ્ટી સુપર સ્પેશિયાલિટી સંસ્થા છે. 18 માળની આ હોસ્પિટલમાં 1,500 બેડ, 150થી વધુ ડૉક્ટર પરામર્શ રૂમ અને 29 અદ્યતન ઓપરેશન થિયેટર છે. હોસ્પિટલમાં કીમોથેરાપી, રેડિયેશન થેરાપી, કૅન્સર સર્જરી, અસ્થિમજ્જા પ્રત્યારોપણ, અદ્યતન ઈન્ટેન્સિવ કૅર અને 33થી વધુ વિશેષતાઓ સહિત વ્યાપક સારવારની વ્યવસ્થા છે.



## આ યોજનાઓથી વિકાસને મળશે ગતિ...

**₹3,175 કરોડથી વધુના ખર્ચે** હૈદરાબાદ-પણજી આર્થિક કોરિડોર પર ગુડેબેલૂરથી મહબૂબનગર સુધી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-167ના ચાર લેનના નિર્માણનો શિલાન્યાસ કર્યો.

**મુસાફરીના સમયમાં આશરે 1 કલાક 30 મિનિટનો ઘટાડો થશે.**

- રંગા રેડ્ડી જિલ્લામાં હૈદરાબાદ - નાગપુર ઔદ્યોગિક કોરિડોર (HNIC) અંતર્ગત વિકસાવવામાં આવી રહેલા ઝહીરાબાદ ઔદ્યોગિક ક્ષેત્રનો શિલાન્યાસ કર્યો. 3245 એકરમાં ફેલાયેલા આ ક્ષેત્રને 2,350 કરોડ રૂપિયાથી વધુના કુલ ખર્ચે વિકસાવવામાં આવી રહ્યું છે.
- ઝહીરાબાદ ઔદ્યોગિક ક્ષેત્રમાં હાથ ધરવામાં આવનારી યોજનાઓથી આશરે 10000 કરોડ રૂપિયાનું રોકાણ અને મોટા પાયે રોજગારની તકો સર્જાવાની આશા છે.

**આશરે ₹1,535 કરોડની રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓ રાષ્ટ્રને સમર્પિત.**

**આમાં કાજીપેટ-વિજયવાડા બહુ-ટ્રેકિંગ પ્રોજેક્ટના 118 કિમી લાંબા અનેક વિભાગોનો સમાવેશ થાય છે.**

- હૈદરાબાદમાં ઈન્ડિયન ઓઈલની 600 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિકસિત મલકાપુર ટર્મિનલ યોજના રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી. આ ટર્મિનલની કુલ ટેંક ક્ષમતા 1,65,000 કિલોલીટર છે.

**પીએમ મોદીએ કહ્યું કે, આપણે માત્ર એટલી જ ઊર્જાનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવો જોઈએ જેટલો જરૂરી હોય, જેથી વિદેશી મુદ્રાની બચત થઈ શકે અને યુદ્ધના સંકટોના ખરાબ પ્રભાવને ઓછો કરી શકાય.**

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.

21મી સદીના વૈશ્વિક સંદર્ભમાં ઊર્જા સુરક્ષાના મહત્વ પર પીએમ મોદીએ કહ્યું હતું કે, ઊર્જા પુરવઠામાં વિક્ષેપ આવવાથી તમામ આર્થિક પ્રવૃત્તિઓ ઠપ થઈ શકે છે. આ જ કારણ છે કે ભારત સરકાર રાષ્ટ્રીય ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવવા માટે અભૂતપૂર્વ રોકાણ કરી રહી છે. મલકાપુરમાં ઈન્ડિયન ઓઈલના નવા ટર્મિનલના ઉદ્ઘાટનને મહત્વપૂર્ણ વ્યૂહાત્મક પગલું ગણાવતા પીએમ મોદીએ કહ્યું કે, આ ટર્મિનલ તેલંગાણાની વધતી ઊર્જા જરૂરિયાતોને પૂર્ણ કરશે અને પુરવઠા શૃંખલાને મજબૂત બનાવશે.

**સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનાં 75 વર્ષ**

# સોમનાથ અમૃત મહોત્સવ

## ભારતની અડગ ભાવનાનો ઉત્સવ

*સોમનાથ માત્ર એક મંદિર નથી, તે સનાતન આસ્થાની અમર જ્યોતિનું પ્રતીક છે. ખંડેરથી પુનર્નિર્માણ સુધીની તેની સફર ભારતના અજય વારસા અને તેના અદમ્ય સંકલ્પને દર્શાવે છે. ગુજરાતના સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજવામાં આવેલા સોમનાથ અમૃત મહોત્સવમાં ભાગ લેતા પહેલાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક તંત્રી લેખ લખ્યો. તેમાં તેમણે સોમનાથના સંદર્ભમાં 11 મેના દિવસના સદાકાળ મહત્વ અને ભારતની સભ્યતાની મહાનતા વિશે વાત કરી. સાથે જ, ગુજરાત પ્રવાસ દરમિયાન તેમણે વડોદરામાં સરદારધામ છાત્રાલયનું પણ ઉદ્ઘાટન કર્યું*

આપણા પ્રાચીન શાસ્ત્રોમાં લખાયું છેઃ “પ્રભાસં ચ પરિક્રમ્ય પૃથિવીક્રમસંભવમ્”, અર્થાત્ દિવ્ય પ્રભાસ (સોમનાથ)ની પરિક્રમા સમગ્ર પૃથ્વીની પરિક્રમાના સમાન છે! જ્યારે લોકો અહીં દર્શન-પૂજન માટે આવે છે, ત્યારે તેમને એ સભ્યતાની અદ્ભુત અવિરતતાનો પણ અનુભવ થાય છે, જેની જ્યોતને ક્યારેય બુઝાવી શકાઈ નથી. અનેક સામ્રાજ્યો આવ્યા અને ગયા, સમય બદલાયો અને ઈતિહાસે અનેક ઉતાર-ચઢાવ જોયા, છતાં સોમનાથ તીર્થ સમગ્ર દેશના નાગરિકોના હૃદયમાં સદાય જીવંત રહ્યું છે. સોમનાથ મંદિર પરિસરમાં તેના જીર્ણોદ્ધાની 75મી વર્ષગાંઠ નિમિત્તે યોજવામાં આવેલી સભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, દાદા સોમનાથના અનન્ય ભક્ત તરીકે હું કેટલીય વાર અહીં આવ્યો છું, તેમના સમક્ષ નતમસ્તક થયો છું. પરંતુ આજે જ્યારે હું અહીં આવી રહ્યો હતો ત્યારે આ યાત્રા એક સુખદ અનુભૂતિ આપી રહી હતી. થોડા જ મહિનાઓ પહેલાં હું અહીં આવ્યો હતો. ત્યારે આપણે સોમનાથ સ્વાભિમાન પર્વ ઉજવી રહ્યા હતા. પ્રથમ વિધ્વંસના 1,000 વર્ષ પછી પણ સોમનાથ અવિનાશી હોવાનું ગૌરવ અને આજે આ આધુનિક સ્વરૂપની પ્રાણ પ્રતિષ્ઠાના 75 વર્ષ, આપણે માત્ર બે કાર્યક્રમોમાં ભાગ નથી લીધો, પરંતુ હજાર વર્ષોની અમૃત યાત્રાનો અનુભવ કરવાનો અવસર મળ્યો છે.

75 વર્ષ પહેલાં, 11 મેના દિવસે સોમનાથ મંદિરની પુનર્સ્થાપના કોઈ સામાન્ય પ્રસંગ નહોતો. જો 1947માં ભારત સ્વતંત્ર થયું હતું, તો 1951માં સોમનાથની પ્રાણ પ્રતિષ્ઠાએ ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદ્ઘોષ કર્યો હતો. આઝાદી વખતે સરદાર સાહેબે 500થી વધુ રજવાડાઓને સંગઠિત



પ્રધાનમંત્રીનો લેખ વાંચવા માટે QR કોડ સ્કૅન કરો.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.




## વડોદરામાં સરદારધામ છાત્રાલયનું ઉદ્ઘાટન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વડોદરામાં સરદારધામ વિદ્યાર્થી આવાસનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રોજેક્ટમાં 1,000 છોકરાઓ અને 1,000 છોકરીઓ માટે છાત્રાલયની સુવિધાની સાથે કેન્દ્રીય ભોજનાલય, પુસ્તકાલય અને સભાખંડ જેવી સુવિધાઓનો પણ સમાવેશ થાય છે. સાથે જ, તેમણે સરદારધામ પરિસરમાં સ્વાગત ક્ષેત્ર, નાગરિક સુવિધાઓ, ભોજન ક્ષેત્ર અને ઈ-પુસ્તકાલય સહિત વિવિધ સુવિધાઓની મુલાકાત પણ લીધી.

**આજના સમયની માંગ છે કે આપણે "વોકલ ફોર લોકલ"ને જનઆંદોલન બનાવીએ. વિદેશી સામાનની જગ્યાએ... સ્થાનિક ઉત્પાદનો અપનાવો. તમારા ગામ, પોતાના શહેર, તમારા દેશના ઉદ્યમીઓને શક્તિ આપો.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



## સોમનાથ મંદિર સાથે જોડાયેલા દિવ્ય અને અદ્ભુત તથ્યો

- દર વર્ષે લગભગ 1 કરોડ શ્રદ્ધાળુઓ સોમનાથ દર્શને આવે છે. જ્યારે મહાશિવરાત્રી 2025ના પાવન અવસરે એક જ દિવસમાં 3.56 લાખથી વધુ ભક્તોએ ભગવાન શિવના દર્શન અને પૂજન કર્યા હતા.
- સોમનાથ ટ્રસ્ટ દર વર્ષે સેંકડો મહિલાઓને રોજગાર અને આજીવિકાની તકો પૂરી પાડીને તેમને આર્થિક આત્મનિર્ભરતાની દિશામાં સશક્ત બનાવી રહ્યું છે.
- સોમનાથ મંદિર પરિસરમાં આવેલું પવિત્ર બિલ્વ વન, જ્યાં લગભગ 1,700 બિલ્વ વૃક્ષો છે, તેની દેખરેખ અને સંરક્ષણની જવાબદારી મહિલા સંરક્ષકો નિભાવી રહી છે.
- સોમનાથનું મિયાવાકી વન દર વર્ષે લગભગ 93,000 કિલોગ્રામ કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે.
- સોમનાથમાં દર મહિને પ્લાસ્ટિક કચરાનું રિસાઈક્લિંગ કરીને લગભગ 4,700 ટાઈલ્સ તૈયાર કરવામાં આવે છે. આ ટાઈલ્સનો ઉપયોગ મંદિર પરિસરમાં રસ્તાઓ અને પથ બનાવવામાં થાય છે.

કરીને એક ભારતનું આધુનિક સ્વરૂપ ઘડ્યું હતું. સાથે જ, સોમનાથના પુનર્નિર્માણ દ્વારા તેમણે વિશ્વને બતાવ્યું હતું કે, ભારત માત્ર સ્વતંત્ર થયું નથી, પરંતુ હવે ભારત પોતાના પ્રાચીન ગૌરવને ફરી પ્રાપ્ત કરવાના માર્ગે પણ આગળ વધી રહ્યું છે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે આજે આ અવસરે હું માત્ર 75 વર્ષોની ઝાંખી નથી જોઈ રહ્યો. હું અહીં વિનાશમાં સર્જનના સંકલ્પને જોઈ રહ્યો છું, જેને સોમનાથે સાકાર કર્યો છે. હું અહીં અસત્ય પર સત્યનો વિજયને જોઈ રહ્યો છું, જેને પ્રભાસ-પાટણે વારંવાર જીવી જાણ્યો છે. હું અહીં હજારો વર્ષોની આધ્યાત્મિક

## સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ

પ્રધાનમંત્રી મોદીએ ગુજરાતના સોમનાથમાં સરદાર વલ્લભભાઈ પટેલને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે કહ્યું હતું કે, સોમનાથ મંદિરના પુનર્નિર્માણમાં સરદાર પટેલની દૂરંદેશી અને દૃઢ સંકલ્પે નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. તેમણે આ વાત પર પ્રકાશ પાડ્યો હતો કે, સોમનાથને ભારતના સભ્યતાગત ગૌરવ અને આધ્યાત્મિક સતતતાના પ્રતીક તરીકે તેના સમગ્ર વૈભવ સાથે પુનઃસ્થાપિત થતા જોવું સરદાર પટેલનું સપનું હતું. દેશ સરદાર પટેલના આ વિઝનને સાકાર કરવા પ્રત્યે સદાય પ્રતિબદ્ધ રહેશે.

## રોમાંચક ફ્લાયપાસ્ટ નિહાળી

સોમનાથ અમૃત મહોત્સવના શુભ અવસરે પીએમ મોદીએ ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા રજૂ કરવામાં આવેલી રોમાંચક ફ્લાયપાસ્ટ નિહાળી હતી. તેમણે કહ્યું હતું કે, આકાશમાં ગૌરવ અને શૌર્યનો ભવ્ય સંગમ સોમનાથ મંદિર પર કેસરીયા અને તિરંગાનો પ્રકાશ ફેલાવી રહ્યો હતો. ભક્તિ અને શક્તિની આ અદ્ભુત છટા દરેક હૃદયને ઊંડા આનંદથી તરબોળ કરી દે છે અને દરેક ભારતીયને ગૌરવ અપાવે છે.

પ્રધાનમંત્રીનો સમગ્ર કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.



ચેતનાને જોઈ રહ્યો છું, જેણે સમગ્ર વિશ્વને માનવમાત્રના કલ્યાણનો સંદેશ આપ્યો છે. હું અહીં ભારતના તે અવિનાશી સ્વરૂપને જોઈ રહ્યો છું, જેને સદીઓના કુટિલ પ્રયાસો પણ મિટાવી શક્યા નથી, હરાવી શક્યા નથી. અને હું અહીં જોઈ રહ્યો છું કે સોમનાથ અમૃત મહોત્સવ માત્ર અતીત ઉત્સવ નથી, પરંતુ આવનારા એક હજાર વર્ષ માટે ભારતની પ્રેરણાનો મહોત્સવ પણ છે.

### સોમનાથ અમૃત મહોત્સવમાં પીએમ મોદી થયા સામેલ

ભારતના બાર જ્યોતિર્લિંગોમાંથી એક અને ભારતની અતૂટ આસ્થા તથા સભ્યતાગત વારસાના પ્રતીક એવા પવિત્ર સોમનાથ મંદિરમાં પ્રધાનમંત્રી મોદીએ સોમનાથ અમૃત મહોત્સવમાં ભાગ લીધો હતો. સમારંભોના ભાગરૂપે તેમણે અનેક શુભ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો અને ધ્વજારોહણ સમારંભમાં હાજરી આપી હતી. આ અવસરે સોમનાથના સમૃદ્ધ વારસા અને આધ્યાત્મિક મહત્વને યાદ કરીને એક સ્મૃતિ ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડવામાં આવ્યો હતો.

### સોમનાથ મંદિરમાં મહાપૂજા અને કુંભાભિષેક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત પ્રવાસ દરમિયાન સોમનાથ મંદિરમાં મહાપૂજા અને કુંભાભિષેક પણ કર્યો. તેમણે કહ્યું હતું કે, આવું મહાન સૌભાગ્ય પ્રાપ્ત થવું તેમના જીવનના સૌથી ભાવુક અને અવિસ્મરણીય ક્ષણોમાંથી એક છે. પુનર્નિર્મિત સોમનાથ મંદિરના 75 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં યોજવામાં આવેલા આ વિશેષ અવસરે મહાદેવની પૂજા કરવી એક અવિસ્મરણીય અનુભવ છે. તેમણે એવું પણ કહ્યું કે, દર્શન અને પૂજન અસીમ આધ્યાત્મિક ઊર્જાનો સ્ત્રોત છે.



### સોમનાથ મંદિરની એક તસવીર શેર કરી

સોમનાથથી વડોદરા જતાં સમયે લેવામાં આવેલી સોમનાથ મંદિરની એક તસવીર પીએમ મોદીએ શેર કરી હતી. સાથે જ તેમણે ઉલ્લેખ કર્યો કે પ્રભાસ પાટણના કિનારે આવેલું સોમનાથ મંદિર ભક્તિ, ઈતિહાસ અને સભ્યતાગત ભાવનાના એક તેજસ્વી પ્રતીક તરીકે ગૌરવપૂર્વક ઊભું છે. તેમણે આ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, આ શાશ્વત મંદિર બર્બર હુમલાઓ, આક્રમણો અને સદીઓ વિતી ગઈ હોવા છતાં અડગ રહ્યું છે. સોમનાથ દરેક ભારતીયને શક્તિ, સાહસ અને આશા પ્રદાન કરે છે.



**Narendra Modi**
@narendramodi

देशभर के किसान भाई-बहनों के हितों की रक्षा और उनकी आय में वृद्धि के लिए हम निरंतर महत्वपूर्ण निर्णय ले रहे हैं। इसी दिशा में हमारी सरकार ने वर्ष 2026-27 के मार्केटिंग सीजन के लिए खरीफ फसलों के न्यूनतम समर्थन मूल्य यानि एमएसपी में बढ़ोतरी को मंजूरी दी है। इस फैसले से देश के करोड़ों अन्नदाताओं को जहां उनकी उपज का उचित और लाभकारी मूल्य मिलेगा, वहीं उनके जीवन में और खुशहाली आएगी।



**Rajnath Singh**
@rajnathsingh

महिलाओं का सम्मान हमारी सभ्यता की आत्मा है और कोई समाज बिना इसके प्रगति नहीं कर सकता। प्रधानमंत्री मोदी जी के नेतृत्व में भारत सरकार नारी सशक्तिकरण के साथ-साथ महिला आरक्षण (33%) के लिए भी प्रतिबद्ध रही है।

यह विधेयक केवल कानून नहीं बल्कि हमारी सामूहिक इच्छा का प्रतीक था, जो भले ही पारित न हो सका, लेकिन महिलाओं को राजनीतिक अधिकार दिलाने का संकल्प और मजबूत हुआ है।



**Amit Shah**
@AmitShah

मैं अपनी माता के चरण स्पर्श हर दिन किया करता था और उनके न रहने पर भी हर दिन उनकी तस्वीर के सामने दीप जलाता हूँ। हमारे देश में हर दिन माताओं को समर्पित है।



**Nitin Gadkari**
@nitin_gadkari

Tolling reimagined with Multi Lane Free Flow (MLFF)—a barrier-less system enabling seamless, non-stop travel. Powered by FASTag, AI, and number plate recognition, it ensures zero waiting time, faster journeys, and lower costs. Drive through at speeds of up to 80 km/h and experience the future of smart, efficient toll collection on India's highways.



**Jyotiraditya M. Sc...**
@JM_Scindia

भारत देश में अगर रक्त का संचार कोई हृदय के रूप में करता है तो मेरा @IndiaPostOffice करता है



**Hardeep Singh Puri**
@HardeepSPuri

देश में किसी भी पेट्रोलियम उत्पाद की कमी नहीं...

भारत के पास 60 दिनों का कच्चा तेल, 60 दिनों की LNG और 45 दिनों का एलपीजी भंडार उपलब्ध है।

पश्चिम एशिया में तनाव के बीच निर्बाध आपूर्ति सुनिश्चित करने के लिए भारत ने अपने दैनिक एलपीजी उत्पादन में अभूतपूर्व वृद्धि (35,000 टन से बढ़ाकर 54,000 टन) की है।

# दुनिया की कोई ताकत भारत को झुका नहीं सकती : मोदी





**दो टूक**

**सोमनाथ भारत के आत्मबल का प्रतीक**

**पोखरण परमाणु परीक्षण को याद कर दिया संदेश**

# कोरोना जैसे कायदे: वैश्विक संकट को देखते हुए पीएम मोदी की अपील

# एक साल सोना नहीं खरीदें, वर्क फ्रॉम होम और ऑनलाइन मीटिंग करें : मोदी

**पेट्रोल-डीजल के विकल्पों के इस्तेमाल पर भी जोर**



**इन बातों से समझें पीएम का संदेश**

# विकसित भारत के लिए मिलकर करें काम

## आर्ट ऑफ लिविंग के 45 वर्ष पूरे, पीएम ने सेवा भाव को सराहा



**रूसी विदेश मंत्री ने पीएम से की मुलाकात, यूक्रेन युद्ध व प. एशिया संकट पर चर्चा**

# किसी युद्ध से नहीं, कूटनीति और संवाद से सुलझेगा विवाद : मोदी



# आतंकवाद पर चीन और पाकिस्तान बेनकाब: भारत



**ब्रिक्स बैठक का भविष्य**

# संकट में भी अर्थव्यवस्था मजबूत'

**एफटीए से बढ़ेंगे निर्यात और निवेश के अवसर**



**एआई और नई तकनीकों का उपयोग बढ़ाया जाए**

# PM की अपील, माननीयों का काफिला कम



# तेल की बचत: प्रधानमंत्री ने अपना काफिला 50% घटाया, साथ चलीं सिर्फ 4 गाड़ियां

नई दिल्ली। देश से पेट्रोल-डीजल बचाने की अपील करने के बाद प्रधानमंत्री नरेंद्र मोदी ने अपने काफिले में से 50% गाड़ियां कम कर दी हैं। बुधवार को वह सिर्फ 4 गाड़ियों के साथ कैबिनेट की बैठक में पहुंचे। हालांकि एसपीजी प्रोटोकॉल के मुताबिक जरूरी सुरक्षा इंतजाम बनाए रखे गए। पीएम के काफिले में एसपीजी का सुरक्षा कवच होता है, जिसमें 12 से 15 गाड़ियां होती हैं। उन्होंने एसपीजी को कहा है कि जहां संभव हो, बिना नई खरीद किए काफिले में



**इन्होंने भी अपने काफिले छोटे किए**

- राजस्थान, दिल्ली, बिहार, महाराष्ट्र, हरियाणा मुख्यमंत्रियों ने भी अपने व मंत्रियों के सरकारी वाहनों की संख्या घटा दी है।
- गुजरात के राज्यपाल आचार्य देवव्रत ने कहा है कि गुजरात के भीतर हेलीकॉप्टर व



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ની 7 અપીલ

# રાષ્ટ્રહિત

## માં

## આગળ આવવાનો સમય

*વિકસિત ભારત તરફ આગળ વધી રહેલું ભારત સક્ષમ, સમર્થ અને સશક્ત આધારસ્તંભ તૈયાર કરી ચૂક્યું છે. દેશે પોતાની વિકાસ યાત્રામાં જન-જનને સારથી બનાવ્યા છે જેનો આધાર લોકભાગીદારી છે. આ જ કારણે વૈશ્વિક પડકારો વચ્ચે ભારતને મજબૂત બનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 7 મહત્વપૂર્ણ આહ્વાન કર્યા છે. પહેલાંના દાયકાઓમાં પણ જ્યારે-જ્યારે દેશ યુદ્ધ અથવા કોઈ અન્ય મોટા સંકટમાંથી પસાર થયો છે, ત્યારે સરકારે કરેલી અપીલ પર દરેક નાગરિકે આવી જ રીતે પોતાનું કર્તવ્ય નિભાવ્યું છે. જ્યારે કરોડો ભારતીય એકજૂથ થઈને નાના-નાના ફેરફારો કરશે તો રાષ્ટ્રને આત્મનિર્ભર અને સશક્ત બનતા કોઈ રોકી શકશે નહીં...*

**140** કરોડ લોકોના સામૂહિક પ્રયાસ જ ભારતની સૌથી મોટી તાકાત છે. નાની-નાની જવાબદારીઓ નિભાવો...

**આવો ભારતને વધુ સશક્ત બનાવીએ...**

**7 अपील**

1. જ્યાં શક્ય હોય, વર્ક ફ્રોમ હોમને પ્રાથમિકતા આપો.
2. આગામી એક વર્ષ સુધી સોનાની ખરીદી ટાળો.
3. પેટ્રોલ અને ડીઝલનો ઉપયોગ ઓછો કરો - મેટ્રો અને જાહેર પરિવહનનો ઉપયોગ કરો.
4. ખાદ્ય તેલનો મર્યાદિત ઉપયોગ કરો અને બિનજરૂરી વપરાશ ઘટાડો.
5. રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઓછી કરો અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપો.
6. વિદેશી બ્રાન્ડના ઉત્પાદનો ઓછા વાપરો અને સ્વદેશી અપનાવો.
7. આગામી એક વર્ષ સુધી વિદેશ યાત્રાઓ ટાળો.


ન્યૂ ઈન્ડિયા **સમાચાર** પાક્ષિક

આર.એન.આઇ., DELGUJ/2020/78812, 1-15 જૂન, 2026

આરએનઆઈ DELGUJ/2020/78812 (પ્રકાશન તિથિ- 3 એપ્રિલ 2026, કુલ પાના-70)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો,
સૂચના ભવન, બીજો માળ, નવી
દિલ્હી- 110003 થી પ્રકાશિત